ન સમાયરિયવ્વા	ન૦ આદરવા જોગ નહીં
તંજહા તે આલોઉં	તં૦ તે જેમ છે. તે૦ તેમ આ૦ નિવારણ કરૂંછુ. (અવલોકન કરૂંછું.)

(પહેલા વ્રતના પાંચ અતિચાર.)

રીસ વસે ગાઢે બંધન બાંધ્યા હોય (અર્થ—રીસ કરી પ્રાણીને મજબુત ગાંઠ મારી બાંધ્યાં હોય). ૧

ગાઢે ઘાવ ઘાલ્યા હોય (અર્થ—મજબુત ઘા કીધા હોય). ૨

અવયવના છેદ કીધા હોય. ૩ (અર્થ—નાક, કાન, હાથ પગ, વગેરે અવયવને કાપ્યા હોય.

અતિભાર ભર્યો હોય. ૪ શક્તિ ઉપરાંત બોજો ભર્યો હોય.

ભાત પાણીનો વિચ્છેદ કીધો હોય (અર્થ—ભાત પાણી વિના દુભાવ્યા હોય ભાત પાણીની અંતરાય પાડી હોય તે) ૫

તો પહેલા વ્રતને વિષે દેવસી સબંધી અતિચાર લાગ્યો હોય તો તસ્સ મિચ્છામિ દુક્કડં ॥ ૧ ॥

પાઠ.

બીજું વ્રત.

" अ "

બીજું અણુવ્રત થુલાઓ	બી૦ બીજું શ્રાવકનું નાનું વ્રત, થુ૦ મોટકું
મુસાવાયાઓ વેરમણું	મુ૦ જુઠું બોલવાથી, વે૦ નિવર્તું છું
કન્નાલિક ૧	ક૦ કન્યા સંબંધી
ગોવાલિક ૨	ગો૦ ગાય વિગેરે ચોપદ સંબંધી
ભોમાલિક ૩	ભો૦ જમીનનાં કામ સંબંધી
થાપણ મોસો ૪	થા૦ પારકી થાપણ મો૦ જુઠું બોલી ઓળવવી વીગેરે
મોટકી કુડી સાંખ ૫	મો૦ મોહટી જુઠી સાક્ષી પુરવી
ઇત્યાદિક મોટકું	ઇ૦ એ ઉપર કહેલા પાંચ બોલ વિગેરે મોટકું.
જુઠું બોલવા બોલવવાનાં પચ્ચખાણ	જુ૦ જુઠું બોલવા અથવા કોઈની પાસે બોલવરાવવાની પ્રતીજ્ઞા.
જાવ જીવાએ	જા૦ જ્યાંસુધી જી૦ જીવું ત્યાંસુધી
દુવિહં તિવિહેણં	દુ૦ બે કરણે કરી, તિ૦ ત્રણ જોગે કરી
ન કરેમિ ન કારવેમિ	ન૦ જુઠું બોલીશ નહીં. ન૦ જુઠું બોલાવિશ નહીં.
મણસા વયસા, કાયસા,	મ૦ મને, વ૦ વચને, કા૦ કાયાએ કરી

" ब "

એહવા બીજા થૂલ

મૃખાવાદ	મૃ૦ જુઠું બોલવું, તેથી.
વેરમણં વ્રતના	વે૦ નિર્વતવાના, વ્ર૦ વ્રતના
સમણો વાસએણું	સ૦ શ્રાવકે
પંચ અઇયારા	પ૦ પાંચ અ૦ અતિચાર
જાણિયવ્વા	જા૦ જાણવા
નસમાયરિયવ્વા	ન૦ આદરવા જોગ નહીં
તંજહા તે આલોઊં	ત૦ તે જેમ છે, તે૦ તેમ, આ૦ નિવારણ કરૂં છું (કહું છું)

(બીજા વ્રતના પાંચ અતિચાર.)

સહસાત કારે કોઇ પ્રત્યે કુડા આળ દીધા હોય ૧ (ધ્રાસકો પડે એવું બોલાણું હોય)

રહસ્ય (છાની વાત પ્રગટ કીધી હોય) ૨

સ્ત્રી પુરૂષનાં મર્મ પ્રકાશ્યા હોય ૩

કોઇને પાડવા ભણી મિથ્યા ઉપદેશ દીધો હોય ૪

કુડા લેખ લખ્યા હોય ૫

તો બીજા વ્રતને વિષે દેવસી સંબંધી અતિચાર લાગ્યો હોય તો તસ્સ મિચ્છામિ દુક્કડં. ॥ ૨ ॥

પાઠ.

ત્રીજું વ્રત.

" अ "

ત્રીજું અણુવ્રત થુલાઓ	ત્રી૦ ત્રીજું શ્રાવકનું નાનું વ્રત, થુ૦ મોટકું
અદિન્ના દાણાઓ	અ૦ અણદીધેલું લેવાથી(ચોરી કરવાથી)
વેરમણં	વે૦ નિવર્તું છું
ખાતર ખણી ૧	ખા૦ ખાતર ખોદીને
ગાંઠડી છોટી ૨	ગાં૦ કોઇની ગાંઠડી છોડીને
તાળું પડ કુંચી ૩	તા૦ પારકી કુંચીએ કરી તાળું ઉઘાડી
વાટ પાડી	વા૦ ધાડ પાડવું
પડી વસ્તુ ધણીઆતી જાણી	પ૦ કોઇ પડેલી વસ્તુ તેનો કોઇ ધણી છે એમ જાણ્યા છતાં લેવી
ઈત્યાદિ મોટકું અદત્તાદાન	ઇ૦ એ વિગેરે મોટકી ચોરી કરવાન.
લેવા લેવરાવવાનાં પચ્ચખાણ	લે૦ ચોરી કરવા કરાવવાની પ્રતિજ્ઞા
જાવ જીવાએ	જા૦ જ્યાં સુધી જી૦ જીવું ત્યાં સુધી
દુવિહં તિવિહેણં	દુ૦ બે કરણે કરી તિ ત્રણ જોગે કરી.
નકરેમિ નકારવેમિ	ન૦ ચોરી કરૂં નહીં. ન૦ ચોરી કરાવું નહીં
મણસા વયસા કાયસા	મ૦ મને કરી, વ૦ વચને કરી, કા૦ કાયાએ કરી.

" ष "

એહવા ત્રીજા થૂલ.

અદત્તાદાન	અ૦ મોટકી ચોરી કરવાથી
વેરમણં વ્રતના	વે૦ નિર્વતવાના, વ્ર૦ વ્રતના
સમણો વાસએણં	સ૦ શ્રાવકે
પંચ અઇયારા	પં૦ પાંચ અ૦ અતિચાર
જાણિયવ્વા	જા૦ જાણવા જોગ (પણ)
ન સમાયરિયવ્વા	ન૦ નહીં. સ૦ આદરવા જોગ
તંજહા તે આલોઉં	ત૦ તે જેમ છે. તે૦ તેમ આ૦ નિવારણ કરૂં છું (પ્રકાસું છું)

(ત્રીજા વ્રતના પાંચ અતિચાર,)

ચોરાઈ વસ્તુ લીધી હોય ૧
ચોરને સાજ દીધી હોય ૨
રાજ્યવિરૂદ્ધ કાર્ય કીધાં હોય ૩
કુડાં તોલાં કુડાં માપલાં કીધાં હોય ૪
વસ્તુમાં ભેળ સંભેળ કીધી હોય ૫

તો ત્રીજા વ્રતને વિષે દેવસી સંબંધી અતિચાર લાગ્યો હોય તો તસ્સ મિચ્છામિ દુક્કડં. ॥ ૩ ॥

પાઠ.

ચોથું વ્રત.

" अ "

ચોથું અણુવ્રત થૂલાઓ	ચો૦ ચોથું શ્રાવકનું નાનું વ્રત. થુ૦ મોટકું
મેહુણાઓ વેરમણં	મે૦ મૈથુન થકી વે૦ નિવર્તું છું.
*સદારા સંતોષીએ	સ૦ પોતાની સ્ત્રીથીજ. સં૦ સંતોષ રાખવો
અવસેસં મેહુણં	અ૦ તે સીવાય બીજા કોઈની સાથે મે૦ મૈથુન
સેવવાનાં પચ્ચખાણ	સે૦ સેવવાની, પ૦ પ્રતિજ્ઞા
જાવ જીવાએ	જા૦ જ્યાં સુધી. જી૦ જીવું ત્યાં સુધી
દેવના દેવી સંબંધી	દે૦ દેવતા સંબંધી
દુવિહં તિવિહેણં	દુ૦ બે કરણે કરી. તિ૦ ત્રણ જોગે કરી
નકરેમિ નકારવેમિ	ન૦ મૈથુન સેવવું નહીં ન૦ મૈથુન સેવરાવવું નહીં
મણસા, વયસા, કાયસા	મ૦ મને, વ૦ વચને કા૦ કાયાએ કરી
મનુષ્ય તિર્યંચ સંબંધી	મ૦ મનુષ્ય, તિ૦ તિર્યંચ, સં૦ સંબંધી
એગવિહં એગવિહેણં	એ૦ એક કારણે કરી, એ૦ એક જોગે કરી
નકરેમિ કાયસા	ન૦ મૈથુન સેવું નહીં, કા૦ કાયાએ કરી

" ब "

એહવા ચોથા થૂલ.

મેહુણં	મે૦ મૈથુનથી
વેરમણં વ્રતના	વે૦ નિવર્તવાના. વ્ર૦ વ્રતના
સમણો વાસએણં	સ૦ શ્રાવકે
પંચ અઇયારા	૫૦ પાંચ, અ૦ અતિચાર
જાણિયવ્વા	જા૦ જાણવા જોગ
ન સમાય-રિયવ્વા	ન૦ નહીં, સ૦ આદરવા જોગ
તંજહા તે આલોઊં	તં૦ તે જેમ છે. તે૦ તેમ. આ૦નિ વારણ કરૂં છુ (કહું છુ)

(ચોથા વ્રતના પાંચ અતિચાર.)

૧ **ઈતર થોડા કાળની સ્ત્રીશું ગમન કીધું હોય** (અર્થ-નાંની ઉમરની સ્ત્રી સાથે મૈથુન સેવ્યું હોય). ૧ આ અતિચારમાં. સ્ત્રીઓએ થોડા કાળનાં પુરૂષશું ગમન કીધું હોય (પુખ્ત ઉમર સીવાયના) એમ બોલવું.

૨ **અપર ગ્રહી શું ગમન કીધું હોય** (અર્થ-પાણી ગ્રહણ કર્યાવિના પોતાની સ્ત્રીથી મૈથુન સેવ્યું હોય). ૨ અપર ગ્રહેશું ગમન કીધું હોય તેમ સ્ત્રીઓએ બોલવું.

૩ **અનંગ ક્રીડા કીધી હોય.** (અર્થ—સ્ત્રી સાથે અનેરા અંગે ક્રીડા કીધી હોય, સ્ત્રીની સાથે લોકવિરૂદ્ધ ક્રીડા કીધી હોય) ૩ આ અતિચારનો સ્પષ્ટ અર્થ પુરૂષોએ મુની મહારાજ ી પાસે ને સ્ત્રીઓએ મહા સતીજી પાસેથી સમજવો.

પરાયાં વિવાહ નાતરાં જોડયાં હોય ૪

કામ ભોગ તિવ્ર અભિલાશાએ સેવ્યાં હોય

(અર્થ—કાંમ ભોગાદી સેવવા, ભાંગ, અફીણ, ગાંજો, દારૂ વિગેરે પીવું). ૫

તો એહવા ચોથા વ્રતને વિષે દેવસી સંબંધી અતિચાર લાગ્યો હોય તો તસ્સ મિચ્છામિ દુક્કડં.

ચોથા વ્રત માટે વિશેષ સૂચના

સધવા સ્ત્રીએ પ્રતિક્રમણ કરતી વખતે " સદારા સંતોષીએ " ને ઠેકાણે ' સ ભરથાર સંતોષીએ " એ પદ બોલવું.

અને સર્વથા પ્રકારે જે કોઇ સ્ત્રી, પુરૂષને મૂળ કાયાએ કરી મૈથુનના ત્યાગ હોય તેમણે તથા વિધવાઓએ " સદારા (અથવા સ ભરથાર) સંતોષીએ " અને " અવસેસ મેહુણં સેવવાના પચ્ચખાણ " ચોથું વ્રત બોલતાં છોડી દઇ આગળનો જે પાઠ હોય તે તેમને તેમ બોલવો.

પાઠ.

પાંચમું વ્રત.

" अ "

પાંચમું અણુવ્રત થૂલાઓ	પાં૦ પાંચમુ શ્રાવકનું નાનું વ્રત, થુ૦ મોટકું
પરિગ્ગહાઓ વેરમણં	પ૦ પરિગ્રહથી (દોલતથી) વે૦ નિવર્તુંછું
ખેત્ત વત્થુનું ૧	ખે૦ ખેતર આદિક ઉઘાડી જમીન,

	તથા વ૦ ધરાદિક ઢાંકી જમીન (ની)
યથા પરિમાણ	ય૦ જેટલી, પ૦ મર્યાદા કરી છે
હિરણ્ણ સુવણ્ણનું ૨	હિ૦ રૂપું. ૩ સુ૦ સોનું ૪ (તેની)
યથા પરિમાણ	ય૦ જેટલી, પ૦ મર્યાદા છે
ધન ધાનનું ૨	ધ૦ મોહરબંધ નાણું ૫ ધા૦ ચોવિસ પ્રકારનાં ધાન ૬ (ની)
યથા પરિમાણ	ય૦ જેટલી, પ૦ મર્યાદા છે
દુપદ ચઊપદનું ૪	દુ૦ બે પગાં મનુષ્યાદિક ચાકર નોકર, ૨ પક્ષી–મેનાં–પોપટ વીગેરે. ૭ ચ૦ ચો પગાં ઢોર ઘોડા હાથી વીગેરે. ૮ (ની)
યથા પરિમાણ	ય૦ જેટલી, પ૦ મર્યાદા કીધી છે,
કુવિયનું યથા પરિમાણ	કુ૦ ઘર વખરીની, ય૦ જેટલી, પ૦ મર્યાદા કીધી છે.
એ યથા પરિમાણ કીધું છે	એ૦ ધટારત પ્રમાણે મર્યાદા બાંધી છે
તે ઉપરાંત પોતાનો કરી પરિશ્રહો રાખવાનાં પચ્ચખાણ	તે૦ ઉપર પ્રમાણે મર્યાદા કરતાં જાસ્તી દ્રવ્ય વિગેરે પોતાનો કરી રાખવાની પ્રતિજ્ઞા
જાવ જીવાએ	જા૦ જયાંસુધી, જી૦ જીવું ત્યાંસુધી
એગવિહં તિવિહેણં	એ૦ એક કર્ણે કરી. તિ૦ ત્રણ જોગે કરી
ન કરેમિ	ન૦ નહિ ક૦ પરિગ્રહો રાખું (કરીશ)
મણસા, વયસા, કાયસા	મ૦ મને, વ૦ વચને, કા૦ કયાએ કરી

" ૫ "

એહવા પાંચમા થૂલ

પરિગ્ગહ પરીમાણ	પ૦ પરિગ્રહ (ધન, દોલત વિગેરે)થી પ૦ મર્યાદા ઉપરાંત,
વેરમણં વ્રતના	વે૦ નિવર્તવાના વ્ર૦ વ્રતના
સમણો વાસએણં	સ૦ શ્રાવકે
પંચ અઇયારા	પં૦ પાંચ. અ૦ અતિચાર
જાણિયવ્વા	જા૦ જાણવા જોગ
ન સમાયરિયવ્વા	ન૦ નહીં સ૦ આદરવા જોગ
તંજહા તે આલોઉં	તં૦ તે જેમ છે, તે૦ તેમ. આ૦ નિવારણ કરૂંછું (કહુંછું)

(પાંચમા વ્રતના પાંચ અતિચાર)

ખેત્ત વથ્થુનું પ્રમાણ અતીક્રમ્યું હોય. ૧
હિરણ્ણ સોવનનું પ્રમાણ અતીક્રમ્યું હોય. ૨
ધન ધાન્નનું પ્રમાણ અતીક્રમ્યું હોય. ૩
દુપદ ચઉ પ્રદનું પ્રમાણ અતીક્રમ્યું હોય. ૪
કુવિયનું પ્રમાણ અતીક્રમ્યું હોય ૫

} દરેક પ્રરીગ્રહાની બાંધેલ મર્યાદા ઉલંઘી હોય તે.

તો એવા પાંચમા વ્રત્તને વિષે દેવસી સંબંધી અતિચાર લાગ્યો હોય તો તસ્સમિચ્છામિ દુક્કડં. ॥ ૫ ॥

પાઠ.

છઠ્ઠું વ્રત.

" अ "

છઠ્ઠે દિસિ ગુણ વ્રત	છ૦ શ્રાવકનું છઠ્ઠું વ્રત છે તે દિશાઓનું
ઊંચીદિશાનું યથા પરિમાણ	ઊં૦ ઊંચી દીશાની અમૂક મર્યાદા કરી છે.
નીચી દિશાનું યથા પરિમાણ	ની૦ નીચી દીશાની અમૂક મર્યાદા કરી છે.
ત્રીછી દિશાનું યથા પરિમાણ	ત્રી૦ દિશા તથા વિદિશા જવાની અમૂક મર્યાદા કરી છે.
એ યથા પરિમાણ કીધું છે	એ૦ ધટારત પ્રમાણે હદ બાંધી છે.
તે ઉપરાન્ત સઇછાએ આગળ જઇ	તે૦ તે ઓળંગીને સ૦ પોતાની ઇછાએ આગળ જઇ ને.
પાંચ આશ્રવ	પાં૦ પાંચ. આ૦ પ્રાણાતિપાત, મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન પરિગ્રહ એ પાંચ આશ્રવ
સેવવાસેવરાવવાનાંપચ્ચખાણ	સે૦ સેવવા સેવરાવાની પ્રતિજ્ઞા
જાવ જીવાએ	જા૦ જ્યાં સુધી, જી૦ જીવું ત્યાં સુધી
દુવિહં તિવિહેણં	દુ૦ બે કરણે કરી તિ૦ ત્રણ જોગે કરી
કરેમિ નકારવેમિ	ન૦ સેવું નહી. ન૦ સેવરાવવું નહી.
મણસા, વયસા, કાયસા	મ૦ મને, વ૦ વચને, કા૦ કાયાએ કરીને.

" ब "

એહવા છઠ્ઠા.

દિશ પ્રમાણ ગુણ વ્રતના	દિ૦ દીશાઓની મર્યાદા સંબંધી વ્રતના
સમણો વાસએણં	સ૦ શ્રાવકે
પંચ અઇયારા	પં૦ પાંચ. અ૦ અતિચાર
જાણિયવ્વા	જા૦ જાણવા જોગ પણ
ન સમાયરિયવ્વા	ન૦ નહીં સ૦ આદરવા જોગ
તંજહા તે આલોઊ	તં૦ તે જેમ છે. તે૦ તેમ, આ૦ નિવારણ કરૂંછું (કહુંછું).

" ब "

(છઠ્ઠા વ્રતના પાંચ અતિચાર)

ઊંચી દિશાનું પરિમાણ અતિક્રમ્યું હોય. } દરેક દીશાની મર્યાદા
નીચી દિશાનું પરિમાણ અતિક્રમ્યું હોય. } ઉલંઘવીતે

ત્રીછી દિશાનું પરિમાણ અતિક્રમ્યું હોય. ૩

એક દિશ વધારિ હોય એક દિશ ઘટાડી હોય. ૪

પંથનો સંદેહ પડે ક્ષેત્ર મર્યાદા લોપિ હોય. ૫

તો એહવા છઠ્ઠા દિશી ગુણવ્રતને વિષે દેવસી સંબંધિ અતિચાર લાગ્યા હોય તો તસ્સમિચ્છામિ દુક્કડં. ॥ ૬ ॥

પાઠ.

સાતમું વ્રત.

" अ "

સાતમું ગુણ વ્રત	સા૦ શ્રાવકનું સાતમું ગુણ વ્રત

ઊવભોગ પરિભોગ	ઊ૦ જે વસ્તુ એકજવાર ભોગવાય તે અન્ન વિગેરે. પ૦ જે ચીજ વારંવાર ભોગવવામાં આવે તે, લુગડાં, ઘરેણાં વિગેરેની
વિહં પચ્ચખાયમાણે	વિ૦ મર્યાદા, પ૦ પ્રતિજ્ઞા કરતો થકો
ઊલણિયા વિહં ૧	ઊ૦ શરિર લુસવાનાં વસ્ત્ર, વિ૦ ગણત્રી (મર્યાદા કરવી ,
દંતણ વિહં ૨	દં૦ દાતણ વિ૦ ગણત્રી ,,
ફલ વિહં ૩	ફ૦ ફળની વિ૦ ગણત્રી ,,
અભિંગણ વિહં ૪	અ૦ તેલ વિગેરે શરિરે ચોપડવાની, વિ૦ ગણત્રી ,,
ઊવટ્ટણ વિહં ૫	ઊ૦ મરદન કરવાની વસ્તુની વિ૦ ગણત્રી ,,
મજજણ વિહં ૬	મ૦ નાહવાના તથા અંગોળ કરવાના પાંણીની, વિ૦ ગણત્રી
વથ્થ વિહં ૭	વ૦ વસ્ત્રની, વિ૦ ગણત્રી ,,
વિલેવણ વિહં ૮	વિ૦ ચંદન સુખડ આદિ વિલેપન કરવાની વસ્તુની વિ૦ ગણત્રી ,,
પુફ્ફ વિહં ૯	પુ૦ ફુલ વિગેરેની, વિ૦ ગણત્રી ,,
આભરણ વિહં ૧૦	આ૦ ઘરણાં વિગેરેની, વિ૦ ગણત્રી ,,
ધૂપ વિહં ૧૧	ધૂ૦ વસ્ત્ર વીગેરે વસ્તુ સુગંધી બનાવવા તથા હવા સુધારવા અગરબતી વિગેરે ધુપની, વિ૦ ગણત્રી, (મર્યાદા)
પેજજ વિહં ૧૨	પે૦પ્રવાહી ચીજ પીવાની,વિ૦ગણત્રી,,

ભખ્ખણ વિહં ૧૩	**ભ૦** સુખડી વિગેરેની, **વિ૦** ગણત્રી ,,
ઓદણ વિહં ૧૪	**ઓ૦** ધાંનની જાતની, **વિ૦** ગણત્રી ,,
સુપ વિહં ૧૫	**સુ૦** કઠોર ધાનની, **વિ૦** ગણત્રી ,
વિગય વિહં ૧૬	**વિ૦** ઘી, તેલ, દુધ, દહી, ગોળ વિગેરેની **વિ૦** ગણત્રી ,,
સાક વિહં ૧૭	**સા૦** લીલા સૂકા સાક ભાજી **વિ૦** ગણત્રી ,,
માહુર વિહં ૧૮	**મા૦** મેવાની, **વિ૦** ગણત્રી ,,
જમણ વિહં ૧૯	**જ૦** જમવાની, **વિ૦** ગણત્રી ,,
પાણિ વિહં ૨૦	**પા૦** પાણી પીવાની **વિ૦** ગણત્રી ,,
મુખવાસ વિહં ૨૧	**મુ૦** સોપારી, લવીંગ, એલચી, વિગેરેની **વિ૦** ગણત્રી
વાહન વિહં ૨૨	**વા૦** તરતા, ફરતાં, ચરતાં વાહનની **વિ૦** ગણત્રી
પન્ની વિહં ૨૩	**પ૦** પગે પહેરવાનાં બુટ, મોજાં વિગેરે **વિ૦** ગણત્રી
શયણ વિહં ૨૪	**શ૦** સેજ્યા, પલંગ, આદિ સુવાની **વિ૦** ગણત્રી
સચિત્ત વિહં ૨૫	**સ૦** જીવ સહીત વસ્તુની **વિ૦** ગણત્રી
દવ્વ વિહં ૨૬	**દ૦** જે વસ્તુનો જુદો જુદો સ્વાદ આવે તે દ્રવ્યની **વિ૦** ગણત્રી
ઇત્યાદિક છત્રીસ બોલની	**ઈ૦** છત્રીસ બોલ ઉપર કહ્યાં છે, તેની
મર્યાદા કીધો છે	**મ૦** હદ બાંધી છે,
તે ઉપરાંન્ત	**તે૦** તેની હદ ઓળંગીને

ઊવભોગ પરિભોગ	ઊ૦ એક વાર ભોગવવી. ૫૦ વારં-વાર. ભોગવવી. (એવી વસ્તુ.)
ભોગ નિમિત્તે	ભો૦ ભોગને બહાને
ભોગવવાના પચ્ચખાંણ	ભો૦ ભોગવવાની પ્રતિજ્ઞા
જાવ જીવાએ	જા૦જ્યાં સુધી જી૦ જીવું ત્યાં સુધી
એગવિહં તિવિહેણં	એ૦ એક કરણે. તિ૦ ત્રણ જોગે કરી.
નકરેમિ	ન૦ નહીં ભોગવું
મણસા, વયસા, કાયસા	મ૦ મને, વ૦ વચને, કા૦ કાયાએ કરી

"૭"

એવા સાતમા.

ઊવભોગ પરિભોગ	ઊ૦ એકવાર ભોગવવાની વસ્તુ તથા ૫૦ વારંવાર ભોગવવાની વસ્તુનું
પરિણામ ગુણ વ્રતના	૫૦ પ્રમાણ ન ઓળંગવા સંબંધી વ્ર૦ વ્રતના
સમણો વાસએણં	સ૦ શ્રાવકને
પંચ અઇયારા	પં૦ પાંચ, અ૦ અતિચાર
જાણિયવ્વા	જા૦ જાણવા જોગ (પણ)
ન સમાયરિયવ્વા,	ન૦ નહીં. સ૦ આદરવા જોગ
તંજહા તે આલોઉં	ત૦ તે જેમ છે તે૦ તેમ, આ૦ નિ-વારણ કરૂંછું, (કહુંછું)

(સાતમા વ્રતના પાંચ અતિચાર)

પચ્ચખાણ ઉપર સચીતનો આહાર કીધો હોય

(અર્થ—સચેત વસ્તુ ખાવી એટલે વનસ્પતી આદિક ખાવું) ૧

સચીત પ્રતીબંધનો આહાર કીધો હોય.

(અર્થ—સચેતની સાથે લાગેલી વસ્તુ જેમકે ગુંદ આદિ પદાર્થો) ૨

અપક્કનો આહાર કીધે હોય.

(અર્થ—જે વસ્તુમાં જીવના પ્રદેશ રહી ગયા હોય એવી વસ્તુ ખાવી)૩

દુપક્કનો આહાર કીના હોય. દુ૦=માઠી રીતે પકવેલ જેવાં કે કાંઈક કાચીને કાંઈક પાકી રહી હોય એવી વસ્તુ ખાવીએટલે કે કાચું પાકું સાક માઠી રીતે પકાવેલ જેકે ભડથાં ફધેલીયાં વીગેરે) ૪

તુચ્છો સહી ભખ્ખણિયાએ

(અથ—ખાવું થોડું અને નાંખી દેવું ઘણું એવી વસ્તુ ખાવી, જેવાં કે શીતાફળ, શેરડી વિગેરે) ૫

એ સાતમા ગુણ વ્રતને વિષે દવસી સંબંધી જે અતિચાર લાગ્યો હોય તો તસ્સમિચ્છામિદુક્કડં.

પંદરે કર્માદાન શ્રાવકજીને જાણવા પણ ન સમાયરિયવ્વા તંજહાતે આલોઊં. ન૦ આચરવા નહી. તં૦ જેમ છે તેમ આ૦ કહુંછું.

ઈંગાલ કમ્મે ૧ ઈં૦ જે વેપારના કામમાં અગ્નિ સળગાવવી પડે તે લુહાર, કુંભાર, વિગેરેનો તથા કોયલા વેચવાનો. ક૦ કર્મ

વણ કમ્મે ૨ વ૦ મોટા વનના ઝાડ કપાવવાનો ક૦ કર્મ

સાડી કમ્મે ૩ સા૦ ગાડાંગાડી કરાવી વેચવાનો અગર ગળી દારૂ વીગેરે સોડા કરી વેચવાનો ક૦ કર્મ

ભાડી કમ્મે ૪	ભા૦ ગાડાં, ગાડી, બળદ, ઊંટ વિગેરે ભાડે ફેરવવાનો. ક૦ કર્મ.
ફોડી કમ્મે ૫	ફો૦ જમીનના પેટ ફોડવાનો કુવાવાવ ખીણો વીગેરેનું ક૦ કર્મ
દંત વાણિજ્જે ૬	દં૦ દાંતનો, વા૦ વ્યાપાર
કેશ વાણિજ્જે ૭	કે૦ વાળ વિગેરેની ચમરીઓ બનાવવાનો વા૦ વ્યાપાર
રસ વાણિજ્જે ૮	ર૦ ઘી તેલ વીગેરે ઉંચ રસ તથા દારૂ વીગેરે નીચ રસનો વેપાર.
લખ વાણિજ્જે ૯	લ૦ લાખનો વા૦ વ્યાપાર
વિષ વાણિજ્જે ૧૦	વિ૦ ઝેરી પદાર્થ વેચવાનો વા૦ વ્યાપાર
જંતુ પિલ્લણ કમ્મે ૧૧	જં૦ ઘાંણી સંચાયંત્રો વિગેરે ક૦ કર્મ (વ્યાપાર)
નિલં છણ કમ્મે ૧૨	નિ૦ ગોધા, ઘોડા વિગેરેના અવયવ (વ્યાપાર) સમાર્યાના ક૦ કર્મ.
દવગ્ગિ દાવણિઆ, ૧૩	દ૦ દાવાનળ અગ્ની લગાવવી તેનો વ્યાપાર
સર દહ,તલાગ,પરિસો સણયા ૧૪	સ૦ સરોવર દ૦ કુંડ, ત૦ તળાવ. પ૦ ઊલેચાવ્યાં હોય
અસઇ જણ પોસણયા ૧૫	અ૦ કુકડા મનાડી વિગેરે તથા દાસી, દાસ વિગેરેને ઉછેરી વેચનાનો વેપાર
તસ્સ મિચ્છામિ દુક્કડં	ત૦ એ ખોટું કીધેલું નીષ્ફળ થાઓ. ૯

પાઠ.

આઠમું વ્રત.

“ अ ”

આઠમું ગુણ વ્રત	આ૦ શ્રાવકનું આઠમું ગુણ વ્રત
અનર્થા દંડનું વેરમણં	અ૦ વગર સ્વાર્થે દંડાવું. (તેથી) વે૦ નિવર્તુ છું.
ચોવિહે, પન્નેતે, તંજહા	ચો૦ ચાર પ્રકારે પ૦ કહ્યાં, તં૦ તે જેમ છે તેમ કહું છું.
અવઝ્ઝાણાચરિયં ૧	અ૦ ૧ આર્ત્તધ્યાન, ૨ રૂદ્રધ્યાન ચીંતવવું તે.
પમાયા ચરિયં ૨	પ૦ પ્રમાદ કરવો તે. ઘી તેલનાં ઠાંમ ઉઘાડાં રાખ્યાં હોય તેથી જીવહિંશા થાય તે.

---

૧ આર્તધ્યાન	ઇષ્ટ (ગમતા) ના સંયોગનિ, ને અનિષ્ટ (અણગમતા) ના વિયોગનિ ઇચ્છા, અનિષ્ટના સંયોગ, ને ઇષ્ટના વિયોગે, મોટે સ્વરે રૂદન કરે, શોક (ચિંતા) કરે, અશ્રુપાત કરે, વિલાપ કરે અંગ શિર પછાડે, છાતી કુટે, તથા રોગાદિ આવવાથી માઠા વિચાર કરે, વિષયાદિ ની વાંચ્છા કરે, વિગેરે કરવાથી જ્ઞાન દર્શન ચારિત્રાદિ શુભ વસ્તુનો નાશ કરે, આર્તધ્યાન કહેવાય

હિંસ પયાણં ૩	હિં૦ હિંસા થાય એવાં શસ્ત્ર રાખી આપવાં. (ચપ્પુ છરી સુડી વીગેરે)
પાવકમ્મો વએસે ૪	પા૦ પાપ કર્મનો,વ૦ઉપદેશ કરવો તે.
એવા ચાર પ્રકારના અનર્થા દંડ	એ૦ ઉપર કહેલા ચાર પ્રકારના અનર્થા દંટ.
સેવવા, સેવરાવવાનાં પચ્ચખાણ	સે૦સેવવા, સેવરાવવાની પ્રતિજ્ઞા
જાવ જીવાએ	જા૦ જ્યાં સુધી. જી૦ જીવું ત્યાંસુધી
દુવિહં તિવિહેણં	દુ૦ બે કરણે તિ૦ ત્રણ જોગે કરી
નકરેમિ નકારવેમિ	ન૦ સેવું નહીં, ન૦ સેવરાવવું નહી
મણસા, વયસા, કાયસા	મ૦ મને,વ૦ વચને,કા૦ કાયાએ કરી

---

૨ રૌદ્રધ્યાન	(ભયંકર) છકાય જીવના આરંભ કરી કરાવી આનંદ માને, રૂડું જાણે બીજાનું બુરૂં ચિંતવે, લડાઇ સંગ્રામ ઈતીહાસાદિ સાંભળી, વાંચી, હાર જીતથી રાજી થાય, જુઠું બોલે જુંઠ જુગતીથી બોલી બીજાને રિજવે કુતોહલવાળી કથા કહે પોતાનીમતલબ સાધવા જુંઠ કહી ઠગવાની ચિંતવણા કરે. છલ દગા ચોરિ કરે. સારી વસ્તુનો સંગ્રહ કરવાથી વીગેરે નિર્થક ચિંતવણા કરવાતી પણ જ્ઞાન ધ્યાન શુભ વસ્તુની હાનિ થાય. તે રૌદ્ર ધ્યાન કહેવાય.

" ञ "

એવા આઠમા.

અનર્થા દંડ	અ૦ વગર સ્વાર્થે દંડાવું તેથી.
વેરમણં વ્રતના	વે૦ નિવર્તું છું વ્ર૦ તે વ્રતના
સમણો વાસએણં	સ૦ શ્રાવકને
પંચ અઈયારા	પ૦ પાંચ, અ૦ અતિચાર
જાણીયવ્વા,ન સમાય-રિયવ્વા	જા૦ જાણવા, (પણ) ન૦ આદરવા નહી
તંજહા તે આલોઊં	તં૦ તે જેમ છે, તે૦ તેમ. આ૦ નિવારણ કરૂં છું. (કહુંછું)

આઠમા વ્રતના પાંચ અતિચાર.

કંદ્રપની કથા કીધી હોય (અર્થ—કામ વધી પડે તેવી વાત કરી હોય) ૧

ભાંડ ચેષ્ટા કીધી હોય (અર્થ—કુચેષ્ટા કીધી હોય) ૨

મુખારી વચન બોલ્યો હોય (અર્થ—ગાળ દીધી હોય) ૩

અધિકરણ જોડી મુકયા હોય (અર્ર—ઘણાં હથીઆરો એકઠાં કરી રાખ્યાં હોય) ૪

ઉપભોગ પરિભોગ અધિક વધાર્યા હોય (અર્થ—ભોગ વિલાસમાં બહુ મચી રહ્યો હોઉં) ૫

તો આઠમા ગુણવ્રતને વિષે દેવસી સંબંધી અતિચાર લાગ્યો હોય તો તસ્સમિચ્છામિ દુક્કડં. ॥ ૮ ॥

પાઠ

નવમું વ્રત.

"अ"

નવમું સામાયિક શિકખાવ્રત	ન૦ સમતારૂપી સામાયિકનું વ્રત
કરેમિ ભંતે સામાઇયં	ક૦ કરૂંછું. ભં૦ હે પુજ્ય, સા૦ સામાયિક
સાવજ્જ જોગનું વેરમણું	સા૦ પાપનાં કામથી, વે૦ નિવર્તું છું
જાવ નિયમ પજ્જુવા સામિ	જા૦ જ્યાં સુધી મર્યાદા કીધી છે ત્યાં સુધી, પ૦ શુભ જોગને સેવીશ.
દુવિહં તિવિહેણં	દુ૦ બેકરણ કરી. તિ૦ ત્રણ જોગે કરી
નકરેમિ નકારવેમિ	ન૦ પાપ નહીં કરૂં ન૦ પાપ નહીં કરાવું
મણુસા, વયસા, કાયસા	મ૦ મને વ૦ વચને, કા૦ કાયાએ કરી

"ब"

એવા નવમા.

સામાયિક વ્રતના	એ૦ એવું નવમું સામાયિક વ્રત, તેના
પંચ અઇયારા	પં૦ પાંચ. અ૦ અતિચાર
જાણિયવ્વા નસમાયરિયવ્વા	જા૦ જાણવા (પણ) ન૦ આદરવા જોગ નહીં.
તંજહા તે આલોઊં	તં૦ તે જેમ છે. તે૦ તેમ, આ૦ નિવારણ કરૂંછું (કહુંછું)

નવમા વ્રતના પાંચ અતિચાર

મનના જોગ પાળવે ધ્યાન પ્રવર્તાવ્યું હોય.
(અર્થ—સામાયિકમાં મન માઠું વરતાવ્યું હોય) ૧
વચનના જોગ પાળવે ધ્યાન પ્રવર્તાવ્યું હોય.
(અર્થ—સામાયિકમાં વચન માઠું વરતાવ્યું હોય) ૨
કાયાના જોગ પાળવે ધ્યાન પ્રવર્તાવ્યું હોય.
અર્થ—સામાયિકમાં કાયા માઠી વરતાવી હોય) ૩
સામાયિકમાં સમતા ન કીધી હોય. ૪
સામાયિક અણપુગી પાળી હોય. ૫

તો નવમા સામાયિક શિક્ષા વ્રતને વિષે દેવસી સંબંધી અતિચાર લાગ્યો હોય તો તસ્સ મિચ્છામિ દુક્કડં. ॥ ૯ ॥

પાઠ

દશમું વ્રત.

“ अ ”

દશમુંદિશાવગાસિકશિક્ષાવ્રત	દ૦ દશમું દિશા ધારવાનું વ્રત
દનપ્રતેપ્રભાતથકીપ્રારંભીને	દિ૦ દિવસ પ્રત્યે સવારથી શરૂ કરીને
પુર્વાદિક છ દિશાની	પુ૦ પૂર્વ, પશ્ચીમ, ઉત્તર, દક્ષિણ, ઊંચી, નીચી, એમ છ દિશા છે તેની.
મર્યાદા કીધી છે	મ૦ જેટલી જમીન વાપરવી ધારી છે.
તે ઉપરાંત સઇચ્છાએ આગળ જઇ	તે૦ ઉપરાંત પોતાની ઈચ્છાએ કરી આગળ જઇ.

પાંચે આશ્રવ	પાં૦ પાપનાં દ્વાર. પ્રાણાતિપાત મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન, પરીગ્રહ એ પાંચ આશ્રવ
સેવવા સેવરાવવાના પચ્ચખાણ	સે૦ સેવવા, સેવરાવવાની પ્રતિજ્ઞા
જાવ અહોરત્તં પજ્જુવાસામિ	જા૦ જ્યાં સુધી. અ૦ રાત દીવસ છે ત્યાં સુધી પ૦ સેવા કરૂંછું
દુવિહં તિવિહેણં	દુ૦ બે કરણ, તિ૦ ત્રણ જોગે કરી
નકરેમિ નકારવેમિ	ન૦ સેવું નહી, ન૦ સેવરાવવું નહી
મણસા, વયસા, કાયસા,	મ૦ મને, વ૦ વચને, કા૦ કાયાએ કરી

*દશમા વ્રતની જેમને પ્રતિજ્ઞા હોય તેમણે આ નીચેનું સાથે ભણવું

---

*જેટલી ભુમીકા મોકલી રાખી છે, તેમાં–દ્રીદ્રવ્યા દીકની મર્યાદા કીધી છે	જેટલી જમીનની હદ બાંધી હોય તેમાં પણ જે પદાર્થ ધાર્યા હોય કે આટલા ઉપયોગમાં લેવા તે
તે ઉપરાંત	તે હદ ઉપરાંત
ઉવભોગ	એક વાર ભોગવાય એવી વસ્તુ (અન્ન-શાકાદી વીગેરે)

" ૫ "

એવા દશમા.

દિશાવગાસિક વ્રતના	દિ૦ દિશા ધારવાનાં વ્રતના
પંચ અઇયારા	પં૦ પાંચ, અ૦ અતિચાર

જાણિયવ્વા,ન સમાયરિયવ્વા	જાણ જાણવા, (પણ) નઠ આદરવા જોગ નહીં
તંજહા તે આલોઉં	તંઠ તે જેમ છે તેમ નિવારણ કરૂં છું (કહું છું)

દશમા વ્રતના પંચ અતિચાર

નિયમી (નિયમ કરેલી) **ભુમીકા બહાર થકી વસ્તુ મંગાવી હોય.** (અર્થ—નિયમ કરેલી વસ્તુ બીજા પાસે મંગાવી હોય). ૧

માંહી થકી મોકલાવી હોય (અર્થ—ચાકરને મોકલીને વસ્તુ મોકલાવી હોય). ૨

શબ્દ કરી (અર્થ— શાદ કરીને હદ ઉપરાંતથી બોલાવ્યો હોય).૩

રૂપ દેખાડી (અર્થ—પોતાનું રૂપ દેખાડી કોઇને બોલાવે, નિશાની કરે). ૪

પુદ્ગળ નાંખી આપણ પો છતો જણાવ્યો હોય (અર્થ—કાંકરી મારીને બોલાવ્યો હોય). ૫

પરિભોગ	વારંવાર ભોગવાય એવી વસ્તુ (વસ્ત્ર ઘરેણા વીગેરે.)
ભોગનિમિત્તે	ભોગની ઈચ્છાએ
ભોગવવાનાં પચ્ચખાણ	ભોગવવાની બંધી
જાવ અહોરત્તં	એક દીવસને રાત સુધી
એગવિહ તિવિહેણં	એક કરણે (ને) ત્રણ જોગે
ન કરેમિ	હું કરૂં નહી
મણસા વયસા કાયસા	મને કરી, વચને કરી, કાયાએ કરિને

તો દશમા શિક્ષા વ્રતને વિષે દેવસી સંબધી અતિચાર લાગ્યો હોય તો તસ્સ મિચ્છામિ દુક્કડં. ૧૦

(આ વ્રત એક દિવસ રાત્રિનું છે. છઠા વ્રતમાં જાવ જીવની દિશાઓની મર્યાદા છે ને આમાં હમેશાં ટુંકામાં લેવા માટે દીશાની મર્યાદા સવારથી બાંધવી તેમજ સાતમા વ્રતમાં છવીશ બોલની મર્યાદા પણ જાવ જીવની છે. માટે વધારે હોઇ તે ટુંકી મર્યાદા કરવા ખાતર છવીશ બોલની હમેશની ગયાદા કરવા માટે છે. એટલે છઠા સાતમા વ્રતની મર્યાદા લાંબી છે તેને ટુંકી કરવાની ખાતર આ વ્રત છે હાલ જે રૂઢીથી દશમું વ્રત ઉપવાસ સહિત લેવાય છે તે વીશેષ નીર્જરાનું કારણ છે. માટે યોગ્ય છે.)

પાઠ.

અગીયારમું વ્રત.

" अ "

અગીઆરમુંપોષધશિક્ખાવ્રત	અ૦ અગીઆરમું પાપ રહીત થઇ સંવરે કરી આત્માને પોષવું તેનું શિક્ષાવ્રત.
કરેમિ ભંતે પોષો	ક૦ કરૂં છું. ભં૦ હે પુજ્ય. પો૦ પોષો.
અસણં, પાણં ખાઇમં	અ૦ અન્ન, પા૦ પાણી ખા૦ સુખડી.
સાઇમં નાં પચ્ચખાણ,	સા૦ મુખવાસની, પ૦ પ્રતિજ્ઞા
અબંભ સેવવાનાં પચ્ચખાણ	અ૦ મૈથુન સેવવાની પ૦ પ્રતિજ્ઞા
અમુક મણી	અ૦ મુકવા અશક્ય, મણી, જરજવાહીર, (અમુક છૂટ રાખી બાકી)
સુવર્ણનાં પચ્ચખાણ	સુ૦ સોનું રૂપું વીગેરેની પ૦ પ્રતિજ્ઞા

માલા વન્નંગ	મા૦ પુષ્પાદિકની માળા વ૦ વર્ણ-અબીલ, ગુલાલ, અળતાદિક
વિલેવણનાં પચ્ચખાણ	વિ૦ સુખડ, ચંદન વિલેપન કરવાની પ૦ પ્રતિજ્ઞા
સથ્થ મુસલાદિક	સ૦ હથીઆર, મુ૦ સાંબેલા વિગેરે
સાવજ્જ જોગનાં પચ્ચખાણ	સા૦ પાપકારી કાર્યની, પ૦ પ્રતિજ્ઞા
જાવ અહોરતં	જા૦ કયાં સુધી ? અ૦ રાત્ર-દીવસ સુધી,
પજ્જુવા સામિ	પ૦ એ પ્રમાણે સેવીસ
દુવિહં તિવિહેણં	દુ૦ બે કરણ તિ૦ ત્રણ જોગે કરી
નકરેમિ, નકારવેમિ	ન૦ પાપ કરૂં નહી ન૦ પાપ કરાવું નહીં
મણસા, વયસા, કાયસા,	મ૦ મને, વ૦ વચને, કા૦ કાયાએ કરી

“ ૧ ”

એવા અગીઆરમા

પોષધ શિકખા વ્રતના	પો૦ જ્ઞાન, ધ્યાને કરી આત્માને પોષવાનાં વ્રતના
પંચ અઈયારા	પં૦ પાંચ, અ૦ અતિચાર
જાણિયવ્વા, ન સમાયરિયવ્વા	જા૦ જાણવા (પણ) ન૦ આદરવા જોગ નહીં
તંજહાં તે આલોઊં	તં૦ તે જેમ છે તેમ નીવારણ કરૂં છું (કહું છું)

અગીઆરમા વ્રતના પાંચ અતિચાર.

સિજ્જા સંથારે અપ્રતિ લેખ્યો હોય દુપ્રતિ લેખ્યો હોય (અર્થ—પોષામાં પથારી બરાબર તપાસીને જોઇ ન હોય અથવા માઠી રીતે જોઇ હોય) ૧

સિજ્જા સંથારે અપ્રતિ મારજ્યો હોય દુપ્રતિ મારજ્યો હોય (અર્થ—પોષામાં પથારી બરાબર પુંજી ન હોય અને પુંજી હોય તો માઠી રીતે પુંજી હોય). ૨

ઊચ્ચાર પાસવણ ભુમિકા અપ્રતિ લેખી હોય દુપ્રતિ લેખી હોય (અર્થ—ઝાડો, પેસાબ કરવાની જગ્યા જોઇ ન હોય અથવા માઠી રીતે જોઇ હોય) ૩.

ઊચ્ચાર પાસવણ ભુમીકા અપ્રતિ મારજી હોય દુપ્રતિ મારજી હોય (અર્થ—ઝાડો પેસાબ કરવાની જગ્યા પુંજીનહોય અથવા માઠી રીતે પુંજી હોય. ૪

પોષામાં નિદ્રા વિકથા પ્રમાદ કીધો હોય (અર્થ—પોષામાં ઊંઘ આવી હોય, કોઇની નિંદાવિકથા કરી હોય, આળસ કીધો હોય)૫

તો અગીઆરમા શિક્ષાવ્રતને વિષે દેવસી સબંધિ અતિચાર દોષ લાગ્યો હોય તો તસ્સમિચ્છામિ દુક્કડં. ॥ ૧૧ ॥

પાઠ.

બારમું વ્રત.

" अ "

બારમું શિકખા વ્રત બા૦ બારમું શિક્ષાવ્રત.

અતિથી સંવિભાગ	અ૦ જેની તીથી નહીં (સાધુ આહાર લેવા આવે એ કાંઈ મુકરર નહી તેવા સાધુને વાસ્તે.)
	સં૦ ભાગ કરવો એટલે આહાર કરતી વખતે ચીંતવણા કરવી કે જો સાધુ પધારે તો માંહેથી આપું.
સમણે નિગ્ગંથે	શ૦ સાધુ, નિ૦ દ્રવ્યભાવ ગ્રંથ રહીત. (એવા સાધુને)
* ફાસુ એસિણજેણું	ફા૦ અચેત, એ૦ નિરદોષ.

અસણં, પાણં, ખાઇમં, સાઇમં, અ૦ અન્ન, પા૦ પાણી ખા૦ સુખડી સા૦ મુખવાસ.
૧ ૨ ૩ ૪

***સાધુ સાધ્વી મુની મહારાજોને આહાર પાણી વીગેર વહોરાવવાના ૪૨ દોષ નિચે પ્રમાણે.**

૧ સાધુ સાધવીના અર્થે છકાએ જીવની હીંસા કરીને (રાંધીને) આહાર પાણી વીગેરે આપે તે

૨ **ઉદ્દેસિક:** એટલે કે એક સાધુને અર્થે રાંધેલો આહાર પાણી બીજા સાધુને આપે તે; પણ જેને અર્થે રાંધેલો છે તેને વોરાવે તો આધા કરમીજ દોષ લાગે.

૩ **પોઇકમે**=નિરદોષ આહાર પાણી વીગેરેમાં આધાકર્મી આહાર પાણી વીગેરે કવચીત્ માત્ર પણ સંભેલ થાય તે.

૪ (મીશ્રદોષ): કાંઈક પોતાના નીમીતે અને કાંઇ સાધુના નીમીતે આહાર પાણી રાંધીને આપે તે.

૫ (થાપનાદોષ)=સાધુને અર્થે આહાર વીગેરે રાખી મુકે અને બીજાને આપે તે.

વથ્થ પડિગ્ગહ	૫૦ વસ્ત્ર, ૫૦ પાત્રાં
૫ ૬	

૬ (પાહુડીઆદોષ)=સાધુને અર્થે જમણવાર વીગેરેમાં આઘું પાછું એટલે કે ટાઇમ બદલાવી કરીને આપે તે.

૭ પાઉર (પ્રકાશ) દોષ=સાધુને અર્થે દીવો વીગેરેના પ્રકાશ કરી આહાર પાણી વીગેરે આપે તે.

૮ ક્રીય (વેચાણ) દોષ=સાધુને અર્થે વસ્ત્ર તથા આહાર પાણી વેચાતાં લઈ આપે તે.

૯ પામીચ (ઉછીતું) દોષ=સાધુને અર્થે વસ્ત્ર તથા આહારાદીક વીગેરે આહાર બીજાને ત્યાંથી ઉછીનું લઈ આપે તે.

૧૦ (પરિઅય દોષ) દોષ=અદલ બદલ કરી આપે તે એટલે કે એક નરસી વસ્તુ બીજાને આપી તે બદલ બીજી સારી લેઇ આપે તે.

૧૧ અભિહડ (સાંમા આવવું તે)=ગૃહસ્થ સાંમો આવી કાંઈક આહાર પાણી વીગેરે લઇ આવી સાધુને આપે તે

૧૨ (ભિન્નદોષ)=રણીઆળાવાળાં કમાડ વાસેલાં હોય તથા અણવપરાએલાં ઘરનાં બારણાં બંધ હોય તે ઉઘાડીને તથા માટી વીગેરથી લીપેલાં મુઢાં ઉઘાડીને આપે તે (લીપેલું ઉઘાડવાથી માટી વીગેરેનો આરંભ થાય માટે.)

૧૩ (માલો હડ દોષ)=મેડીથી નીચે આણી તેમજ ભોંયરામાંથી ઉંચો આણી લાવી આપે તે,

૧૪ (અછીજે)=બળાત્કારથી કોઇના હાથમાંથી તેની મરજી વીરૂદ્ધ ઝુટાવી વોરાવે તે.

કંબલ પાય પુછણું ૬ ૮	કં૦ કાંબળી, પા૦ પગ પુછવાનું ઇ-ત્યાદિ સર્વે આઘડા (લીધા પછી સાધુથી પાછા અપાય નહીં) જાણવા

૧૫ (અણીસીઠે દોષ)=ઘણા ભાગિયાઓની વસ્તુ એક ધણી બીજા ને એટલે ભાગિદારોની રજા સિવાય આપે તે

૧૬ અજ્જેય પરદોષ=જે વસ્તુ રંધાતી હોય તેમાં સાધુ નીમીતે વધારે ઉમેરીને રાંધે તે (દાલખા તરીકે શેરનું રાંધતા હોય તેમાં ઉમેરો કરીને સાધુ નિમીતે સવાશે રરાંધે તે.)

ઉપર લખેલ સોળ દોષ સાધુએ વહોરવાથી અને દાતારે આપવાથી બન્નેને લાગે છે.

ઉપાસણાના દોષ તે (સાધુનાં પોતાનાં કર્ત્તવ્ય થકી દોષ લાગે તે)

૧૭ ૧ (ધાઇ દોષ)=ધાય માતાની પેટે બાળકને રમાડીને સાધુ આહાર પાણી લે તે.

૧૮ ૨ (દુત દોષ)=કાસદની પેઠે સંદેશા, કહીને ઓળખાણ પાડીને આહાર પાણી લે તે,

૧૯ ૩ (નીમીત દોષ)=નીમીત ભાંખીને, લાભ અલાભ વગેરે કહી આહાર પાણી લે તે.

૨૦ ૪ (આજીવ્ય દોષ)=પોતાની જાત કુળ વીગેરે ઓળખાવીને આહાર પાણી લે તે.

૨૧ ૫ (વણીમ દોગષ)=રંકની પેઠે કરગરીને આહાર પાણી લે તે.

૨૨ ૬ (તીગીચ્છ દોષ)=વૈદું કરીને આહાર પાણી લે તે.

૨૩ ૭ (ક્રાહે દોષ)=ક્રોધ કરીને આહાર પાણી લે તે.

પાઢીઆરૂ	પા૦ ગ્રહસ્થી થકો, પાછા અપાય તેવા નીચેના બોલો આવશે.
પીઢ ફલગ ૯ ૧૦	પી૦ બાજોઠ, ફ૦ પાટીયું
સિજ્જા સંથારએણં ૧૧ ૧૨	સિ૦ સ્થાનક, સં૦ પાટદર્ભાદિક વિગેરે
ઊસહ ભેસજ્જેણં ૧૩ ૧૪	ઊ૦ એક વસ્તુ (સુંઠ, લવિંગાદીક) ઔષધ ભે૦ ઘણી વસ્તુ (ચુરણાદિક) ઔષધ.

---

૨૪ ૮ (માણે દોષ)=અહંકાર કરી આહાર પાણી લે તે.

૨૫ ૯ (માયા દોષ)=માયા કપટ કરીને આહાર પાણી લે તે.

૨૬ ૧૦ (લોહે દોષ)=લોભ કરીને આહાર પાણી લે તે.

૨૭ ૧૧ (પુર્વ પછા સંથવ)=પુર્વ સંથવં; વોહર્યા પહેલાં દાતારની સ્તુતી કરે, પછા સંથવ એટલે આહાર પાણી લીધા પછી દાતારના ગુણ ગ્રામ કરે

૨૮ ૧૨ (વીદ્યા દોષ)=વિદ્યા ભણાવીને આહાર પાણી લે તે.

૨૯ ૧૩ (મંત્ર દોષ)=મંત્ર જંત્ર તંત્રાદીક શીખવીને આહાર પાણી લે તે.

૩૦ ૧૪ (ચુર્ણ દોષ)=ચુરણ વીગેરેની ફાકી આપીને આહાર પાણી લે તે.

૩૧ ૧૫ (જોગ દોષ)=નક્ષેત્રાદીના જોગ તથા સામુદ્રીક વીગેરે શીખવીને આહાર પાણી વીગેરે લે તે.

૩૨ ૧૬ (મૂલકર્મ દોષ)=વીવાહાદીકના મુહુર્ત કહીને તેમજ ગર્ભ પાત કરાવીને આહાર પાણી લે તે.

પડિલાભેમાણે વિહરામિ	૫૦ એ ચૌદ પ્રકારનું દાન આપતો થકો વિ૦ હું વિચરીશ.

સાધુ મુનીને લેતા થકાં ને સંસારિને વોહોરાવતાં થકાં દોષ લાગે તે દશ મીશ્ર

૩૩ ૧ (સંકીત દોષ)=એટલે કે અસુજતાની દાતારને કે મુનીને શંકા પડે છે છતાં સંસારી આપે ને સાધુ લે તે બન્નેને દોષ.

૩૪ ૨ (મખીત દોષ)=સુજતી વસ્તુ સચેતથી ખરડાયેલી હોય એટલે કે કાચા પાણી કે મીઠા, ખારા વીગેરેથી ખરડાએલી અગર તેને અડકેલી વાસણમાં સુજતી વસ્તુ પડી હોય તે.

૩૫ ૩ (નીખીત દોષ)=સચેત વસ્તુ ઉપરથી અચેત વસ્તુ આપે તે દાખલા તરીકે કાચા પાણી, લીલોતરી ઉપર પડેલી વસ્તુ આપે તે

૩૬ ૪ (મેહિત દોષ)=સુજતી વસ્તુ અસુજતીએ ઢાંકેલ આપે તે,

૩૭ ૫ (સાહીત દોષ)=સચેત વસ્તુને અડકેલી વસ્તુ આપે તે

૩૮ ૬ (દાયક દોષ)=આંધળો માણસ ઉઠીને આપે તે,

૩૯ ૭ (મીશ્ર દોષ)=સચેત અચેત વસ્તુ ભેળસેળ થયેલ આપે તે.

૪૦ ૮ (અપરિણય દોષ)=સસ્ત્ર જે વસ્તુને પ્રગમ્યું નથી તેવું સાધુને આપે તે જેમકે કાચા શાખને ધપુ કાર્યું હોય તેવું તથા ખારીઆં વીગેરે

૪૧ ૯ (લીત દોષ)=તરતની જમીન લીંપેલી હોય અને લીપ્યા પછી એ ઘડી ન થઈ હોય તે જગ્યામાંથી હાલો ચાલી આપે તે.

૪૨ ૧૦ (છંડુય દોષ)=આપવાવાળા વસ્તુ લાવતાને મેલતાં ઢોળાતી લાવી આપે તે.

" ब "

એવા બારમા.

અતિથી સંવિભાગ વ્રતના	અ૦ આહાર કરતી વખતે સાધુને આહાર આપવાની ચીંતવણા કરવી તેનું વ્રત.
પંચ અઇયારા	પં૦ પાંચ અ૦ અતિચાર
જાણિયવ્વા નસમાયરિયવ્વા	જા૦ જાણવા ન૦ આદરવા જોગ નહીં
તંજહા તે આલોઊં	તં૦ તે જેમ છે તેમ નિવારણ કરૂં છું (કહું છું)

ઉપર કહેલ બેતાળીસ દોષ કહેલા છે, તે સીવાય નીચે સંક્ષેપમાં બતાવેલ દોષો સાધુને વોરાવની વખતે સાધુ તથા સંસારીએ ધ્યાનમાં રાખવાના છે.

દીનદીન પ્રત્યે એક જગ્ગોથી સાધુને આહાર ખપે નહીં, સાધુને વોહોરાવીને કાચા પાણીથી હાથ ઠામ વીગેરે ધોવાં નહીં, સાધુને વોહોરાવતી વખતે સચેત ચીજ આઘીપાછી કરવી નહીં, ઠામ વીગેરે કોઇ ચીજને ફુંક મારવી નહીં. બાળક ધાવતાં વીછોડીને તેમજ બાળકને રોવરાવી આહાર પાણી વોહરાવવો નહીં. સાધુને વોહરાવીને તેજ ચીજ તેજ નિમિત્તે નવી નીપજાવવી નહીં. જે ચીજ ગરીબ ગરબાંને માટે તેમજ કુતરાં વીગેરે માટે બનાવેલ હોય તે ચીજ સાધુને વોહોરાવવી નહી. ગર્ભવંતી બાઇને માટે કરેલો આહાર બાઇ જમ્યા પહેલાં સાધુને વોહોરાવવો નહીં. ગર્ભવંતી બાઇને આઠ માસ થયા પછી બાઇએ હાલી ચાલીને સાધુને વોહરાવવું નહીં કાચી માટી દાણાં, ખારો,લીલોતરી વીગેરે સચેત વસ્તુને અડકી ચાંપીને સાધુને વોહરાવવું નહીં.

બારમા વ્રતના પાંચ અતિચાર.

સુજતી વસ્તુ સચીત ઉપર મુકી હોય. (અર્થ—સચેત વસ્તુની ઉપર અચેત વસ્તુ મુકી હોય) ૧.

સચીતે કરી ઢાંકી હોય. (અર્થ—સચેત વસ્તુએ કરી અચેત વસ્તુને ઢાંકી હોય.)

કાળ અતિક્રમ્યો હોય. (અર્થ—કોહી ગએલી કે ખોરી થએલી વસ્તુ આપવી, કે જમ્યા પછી ચીંતવણા કરવી). ૩

પરોવએશે (અર્થ—સાધુ આવે તે વખતે પોતે ન આપે પણ બીજાને આપવા હુકમ કરે). ૪

મચ્છરીયાએ (અર્થ—દાન દઇ અહંકાર કર્યો હોય અથવા ઇર્ષાથી બીજાની સ્પર્ધાએ દાન દીધું હોય). ૫

તો બારમા શિક્ષા વ્રતને વિષે દેવસી સંબંધી અતિચાર લાગ્યો હોય તો તસ્સ મિચ્છામિ દુક્કડં. ॥ ૧૨ ॥

પાઠ.

સંલેખણા (સંથારાનો પાઠ.)

અહભંતે અપચ્છિમ	**અ૦** હવે, **ભં૦** હે પુન્ય, **અ૦** હવે બીજું કાંઇ કરવું નથી
મારણાંતિય સંલેહણા	**મ૦** મરણને અંતે, **સં૦** અણસણકરવું (આહાર, કષાય પાતળા કરવાને)
ઝુસણા આરાહણા	**ઝુ૦** ક્ષમા રાખીને, **આ૦** આરાધના કરૂં છું.
પોષધશાળા પુંજીને	**પો૦** પોષો કરવાની શાળા પુંજીને

ઉચ્ચાર પાસવણ ભુમિકા પડિલેહિને	ઊ૦ વડીનીત. (ઝાડે જવાની) પા૦ લઘુનિત, (પેસાબ કરવાની) ભુ૦ જગ્યા, પ૦ જોઇ તપાસીને.
ગમણા ગમણે પડિક્કમિને	ગ૦ આવવા જવાનું, પ૦ નિવર્તિને.
દર્ભાદિક સંથારો સંથરીને	દ૦ ડાભ તરણા વિગેરે સં૦ પથારી સં૦ પાથરીને.
દર્ભાદિક સંથારો દુરૂહિને	દ૦ ડાભતરણા વિગેરેની સં૦પથારી-એ દુ૦ બેસીને.
પૂર્વ તથા ઉત્તર દિશિ	પૂ૦ પૂર્વ તથા ઉતર દિશામાં
પલ્યંકાદિક આસને બેસીને	પ૦ પલાઠીવાળી બેસીને
કરયલ સંપગ્ગાહિયં	ક૦ કરતલ (બે હાથ) સં૦ બરાબર જોડીને (કમળના દોડાની માફક બે હાથ જોડીને)
સિરસાવત્તિયં	સિ૦ માથે આવર્ત્તન દઇ
મથ્થએ અંજલિ કટ્ટુ	મ૦ માથે, અં૦ બે હાથ, ક૦ જોડેલા રાખી.
એવં વયાસિ	એ૦ એમ, વ૦ વચનથી બોલીને

નમોથ્થુણં અરિહંતાણંથી જાવ સંપત્તાણં સુધી બોલવું.
(અહિં સંપુર્ણ નમોથ્થુણંનો પાઠ ભણવો)

એમ અનંતા સિદ્ધજીને નમસ્કાર કરીને,

વર્તમાનકાળના શ્રી તિર્થંકર દેવજીને નમોથ્થુણં નમસ્કાર કરીને.

પોતાના ધર્મગુરૂ (ધર્મ આચાર્યને) નમસ્કાર કરીને.

પૂર્વે જે વ્રત આદર્યાં છે તે આળોવિ, પડિક્કમિ, નિંદિ, નિસલ્લ થઇ — પૂ૦ પ્રથમનાં જે વૃત આદરેલ છે તે આ૦ સંભારી ને પ૦ પ્રાયશ્ચિત લઇ ને ન૦ આત્માની સાખે ભુલ માટે નિંદા કરીને નિ૦ સલ રહિત થઇ ને

સવ્વં પાણાઇવાયં પચખામિ — સ૦ સર્વથા, પા૦ પ્રાણાતિપાત, પ૦ ત્યાગીને

સવ્વં મૂસાવાયં પચખામિ — સ૦ સર્વથા, મૃષાવાદ, પ૦ ત્યાગીને

સવ્વં અદિન્નદાણં પચખામિ — સ૦ સર્વથા, અ૦ અદત્તાદાન, પ૦ ત્યાગીને

સવ્વં મેહુણં પચખામ — સ૦ સર્વથા, મે૦ મૈથુન, પ૦ ત્યાગીને

સવ્વં પરિગ્ગહં પચખામિ — સ૦ સર્વથા, પ૦ પરિગ્રહો, પ૦ ત્યાગીને

સવ્વં કોહં પચખામિ — સ૦ સર્વથા, કો૦ ક્રોધ, પ૦ ત્યાગીને

જાવ મિચ્છાદંસણ, સલ્લ — જા૦ યાવત્, મિ૦ મિથ્યાત્વ, દ૦ દર્શન, સ૦ ખોટી શ્રધારૂપ સલ

અકરણીયજં જોગં પચખામિ — અ૦ ન કરવા, જો૦ જોગ, પ૦ ત્યાગીને

એમ અઢારે પાપસ્થાન પચખીને — એ૦ એમ અઢારે પાપનાં દ્વારનો ત્યાગ કરીને

સવ્વં અસણં પાણં ખાઇમં, સાઇમં — સ૦ સર્વથા અ૦ અન્ન. પા૦ પાણી, ખા૦ સુખડી, સા૦ મુખવાસ.

એમ ચારે આહાર પચખીને — એ૦ એમ ચારે આહાર પચખીને

જાવ જીવાએ	જા૦ જ્યાં સુધી, જી૦ જીવું ત્યાંસુધી
તિવિહં તિવિહેણં	તિ૦ ત્રણ કરણે તિ૦ ત્રણજોગે કરી
નકરેમિ, નકારવેમિ	ન૦ કરૂ નહીં, ન૦ કરાવું નહીં.
કરંત નાણ્ણ જાણેઈ	ક૦ કરતા હોય તેને રૂડું જાણું નહી.
મણસા વયસા, કાયસા,	મ૦ મને, વ૦ વચને, કા૦ કાયાએ કરી
જં પિયં ઇમં શરિરં	જં૦ જે, પિ૦ પ્રિય, ઇ૦ આ, શ૦ શરીર.
ઇઠં કંતં પિયં મણુન્નં મણામં	ઇ૦ ચાહવા યોગ્ય. ક૦ સુંદર, પ્રિ૦ પ્રિય, મ૦ મનગમતું, મ૦સદાય વાહલું
ધીજં વિસાસિયં	ધી૦ ધીરજ દેનાર, વિ૦ વિશ્વાસ રાખવા જેગ
અણુમયં બહુમયં	અ૦ વિશેષ માનવા યોગ્ય. બ૦ વારંવાર માનવા યોગ્ય,
ભંડ કરંડગ સમાણું	ભં૦ ઘરેણાના, ક૦ દાબડા, સ૦ સમાન
રયણ કરંડગ ભૂય	ર૦ રત્નના, ક૦ દાબડા ભૂ૦ જેવું
માણં સીયં	મા૦ રખે. સી૦ ટાઢ વાય
માણં ઉન્હં	મા૦ રખે, ઉ૦ તાપ લાગે
માણં ખુહા	મા૦ રખે, ખુ૦ ક્ષુધા (ભુખ લાગે)
માણં પીવાસા	મા૦ રખે, પી૦ તરસ લાગે
માણં બાલા	મા૦ રખે, બા૦ સર્પાદિ કરડે
માણં ચોરા	મા૦ રખે, ચો૦ ચોર હેરાન કરે

માણં દંસા	મા૦ રખે, દં૦ ડાંસ કરડે
માણં મસગા	મા૦ રખે, મ૦ મચ્છર કરડે
માણં વાહિયં, પિત્તિયં	મા૦ રખે, વા૦ વ્યાધિ થાય, પિ૦ પીત્તના રોગે ઉછળી થાય
સંભિમં સન્નિવાયં	સં૦ સળેખમ થાય, સ૦ સન્નિપાત થાય
વિવિહા રોગાયંકા	વિ૦ વિવિધ પ્રકારના, રો૦ અસાધ્ય રોગ ઉપજે
પરિસહો વસગ્ગા	પ૦ ભુખ તરસ્યાદી દુઃખ, વ૦ઉપસર્ગ દેવ મનુષ્યાદિક કૃત
ફાસા ફુસંતિ	ફા૦ ઉપર કહેલ આધિ, વ્યાધિ, પરિસહ તથા ઉપસર્ગ મારા શરિરને હેરાન કરે
એયં પિયણં ચરિમેહં	એ૦ એ પ્રકારે, પિ૦ પ્રિય શરીરને, ચ૦ છેલ્લા.
ઊસ્સાસ નિસ્સાસેહિં	ઊ૦ ઊંચો શ્વાસ, નિ૦ નિચો શ્વાસ,
વોસરામિ નિકટુ	વો૦ વોસરાવું છું. તિ૦ એમ કહીને
એમ શારરવોસરાવિને	એ૦ એમ શરિર વોસરાવીને (તજી દઈને)
સંલેખણા	સં૦ સારી લેસ્યાથી
ઝુસણા ઝુસિઆ	ઝુ૦ ક્ષમા રાખી ઝુ૦ ક્ષમાથી
ભત્તપાણ પડિખિયા	ભ૦ ભાત પાણીના પ૦ ત્યાગ
કાલં અણવ કંખમ માણં વિહરામિ	કા૦ કાળ, મે૦ ત. અ૦ નહી, કં૦ વાંછતો મા૦ થકો, વિ૦ વિચરીશ

એવી સદ્દહણા પરૂપણા કરીએ, ને અણુસણનો વખત આવે ત્યારે દરસનાએ કરી શુદ્ધિ હોજો.

" व "

એહવા સંલેખણાના.

પંચ અઈયારા	પં૦ પાંચ. અ૦ અતિચાર
જાણિયવ્વા નસમાયરિયવ્વા	જા૦ જાણવા ન૦ આદરવાજોગ નહીં.
તંજહા તે આલોઉં	ત૦ ત જેમ છે તેમ નિવારણ કરૂં છું

સંલેખણાના પાંચ અતિચાર.

ઈહ લોગા સંસપઉગ્ગે ૧	ઈ૦ આ, લો૦ લોકમાં ચક્રવર્તાદિક થવાની. સં૦ ઇચ્છા રાખી હોય
પર લોગા સંસપઉગ્ગે ૨	પ૦ પર, લો૦ લોકમાં દેવ, ઈંદ્રાદિક થવાની સં૦ ઇચ્છા રાખી હોય
જીવિયા સંસપઉગ્ગે ૩	જી૦ ઝાઝા દીવસ મહીમાને અર્થે જીવવાની, સં૦ ઇચ્છા રાખી હોય
મરણીઆ સંસપઉગ્ગે ૪	મ૦ પિડા થકી મોતની, સં૦ ઇચ્છા રાખી હોય
કામ ભોગા સંસપઉગ્ગે ૫	કા૦ કામ ભોગની, સં૦ ઇચ્છા રાખી હોય

તો સંલેખણાના પાંચ અતિચાર વિષે દેવસી સંબંધી અતિચાર લાગ્યો હોય તો તસ્સ મિચ્છામિ દુક્કડં.

પાઠ

અઢાર પાપ સ્થાનકનાં નાંમ.

અઢાર પાપ સ્થાનક આળોઊં અ૦ અઢારે પાપનાં દ્વારનું નિવારણ કરૂંછું

પ્રાણાતિપાત ૧	પ્ર૦ જીવ હીંસા કરવી.
મૃષાવાદ ૨	મૃ૦ જુઠું બોલવું તે
અદત્તાદાન ૩	અ૦ ચોરી કરવી તે
મૈથુન ૪	મૈ૦ અબ્રહ્મચર્ય સેવવું
પરિગ્રહ ૫	પ૦ ધનાદિક તરફ મૂર્છા રાખવી
ક્રોધ ૬	ક્રો૦ મનમાં રીસ કરવી તે
માન ૭	મા૦ અહંકાર
માયા ૮	મા૦ કપટ, પ્રપંચ
લોભ ૯	લો૦ અસંતોષ
રાગ ૧૦	રા૦ પ્રીતી
દ્વેશ ૧૧	દ્વે૦ ઇર્ષા
કલેશ ૧૨	ક૦ કંકાશ
અભ્યાખ્યાન ૧૩	અ૦ આળ ચડાવવો
પૈશુન્ય ૧૪	પૈ૦ ચાડી ચુગલી કરવી
પરપરિવાદ ૧૫	પ૦ વાંકું બોલવું, નિંદા કરવી.
રતી અરતી ૧૬	ર૦ ખુશી. અ૦ દિલગીરી.

માયા મોસો ૧૭	મા૦ કપટ સહિત મો૦ જુઠું
મિથ્યા દંસણ, સલ્લ ૧૮	મિ૦ ખોટી, દં૦ શ્રદ્ધા રૂપી, સ૦ સલ્ય રાખવી

એમ અઢારે પાપસ્થાનક સેવ્યાં હોય સેવરાવ્યાં હોય, સેવતા પ્રત્યે ભલાં જાણ્યાં હોય તો અનંતા સિદ્ધ કેવલીના સાંખે દેવસી સંબંધી પાપ દોષ લાગ્યો હોય તો તસ્સ મિચ્છામિ દુક્કડં.

જ્ઞાન, દર્શણ, બાર વ્રત, સંલેખણા સહીત અતિક્રમ વ્યતિક્રમ, અતિચાર, અણાચાર, જાણતાં અજાણતાં મને કરી, વચને કરી, કાયાએ કરી, સેવ્યાં હોય, સેવરાવ્યાં હોય, સેવતા પ્રત્યે ભલાં જાણ્યાં હોય તો અનંતા સિદ્ધ કેવલીના સાંખે તસ્સ મિચ્છામિ દુક્કડં.

ત્યાર પછી "ઇચ્છામિ ઠામિનો" પાઠ કરીને બેહુના નીચે પ્રમાણે શ્રમણ સુત્ર ભણે છે.

ૐ શ્રી વીર ! ગુરૂભ્યો નમઃ

પહેલું શ્રમણ સૂત્ર.

ઇચ્છામિ	ઇચ્છુછું.
પડિક્કમિઉં	પાપનું નિવારણ કરવાને
પગામ સેજ્જાએ	ઘણું સુઇ રહ્યો હોઉં
નિગામ સેજ્જાએ	ઘણું પાથરી સુતો હોઉં
સંથારા ઉવટ્ટણાએ	પોંજ્યાવિના પડખું ફેરવ્યું હોય

પરિયટ્ટણાએ	વારંવાર પોંજ્યાવિના પાસું ફેરવ્યું હોય
આઉટ્ટણાએ	હાથ પગ પોંજ્યાવિના સંકોચ્યા હોય
પસારણાએ	હાથ પગ પોંજ્યાવિના લાંબા કર્યા હોય
છપ્પઈ સંઘટ્ટણાએ	છ પગી–જૂ વિગેરે જીવ કચરાયા હોય
કુઇએ	કુચેષ્ટા કરી હોય
કક્કરાઇએ	ઉઘાડે મોઢે બોલાયું હોય.
છીએ	ઉઘાડે મોઢે છીંક ખાધી હોય
જંભાઇએ	ઉઘાડે મોઢે બગાસું ખાધું હોય
આમોસે	પોંજ્યાવિના શરીર ખંજવાળ્યું હોય
સસરક્ખામોસે	સચેત રજે ભરેલ વસ્ત્રાદિકને સ્પર્શ કર્યું હોય
આઉલમાઉલાએ	ચિત્ત આકુલ વ્યાકુલ થયું હોય
સુવણવત્તિયાએ	સ્વમમાં અનેક પ્રકારનાં રૂપ રંગ જોવાથી
ઇત્થિવિપરિયા સિયાએ	સ્ત્રી સંગાથે ભોગની ઇચ્છા થઇ હોય
"સ્ત્રીએ" પુરિસવિપરિયા સિયાએ	પુરૂષ સંગાથે ભોગની ઇચ્છા થઇ હોય, એમ બોલવું
દિટ્ઠિવિપરિયા સિયાએ	સ્વમમાં સ્ત્રી સામે વિકાર દૃષ્ટિએ જોવાયું હોય
મણવિપરિયા સિયાએ	મન માઠું ચિંતવ્યું હોય
પાણભોયણ વિપરિયા સિયાએ	સ્વમમાં પાણી કે ભોજન વાપર્યું હોય તેથી
જો મે	(ઉપર બતાવેલા બોલોમાંથી) જે મે,

દેવસિઓ	દિવસ સંબંધી
અઇયારો કઓ	અતિચાર (પાપ) કીધાં હોય
તસ્સ મિચ્છામિ દુક્કડં	તેની માફી માગું છું તે નિષ્ફળ થાઓ

પૌષધાદિક વ્રતમાં સુઇને ઉઠયા પછી આ પહેલા સમણ સૂત્રનું કાઉસગ્ગ કરવું જોઇએ.

બીજું શ્રમણ સૂત્ર.

પડિક્કમામિ	પાપનું નિવારણ કરૂં છું
ગોયરગ્ગચરિયાએ	ગાયની પેઠે થોડું થોડું લેવા (ગોચરી) જતાં
ભિક્ખાયરિયાએ	ભિક્ષા લેવા જતાં
ઉગ્ઘાડ કમાડ ઉગ્ઘાડણાએ	અરધું અથવા આખું બંધ કમાડ ઉઘાડયું હોય
સાણા	કુતરા
વચ્છા	વાછરડાં
દારા	બાળક
સંઘટ્ટણાએ	તેને અડકી કે ઓળંગી જવાયું હોય
મંડિપાહુડિયાએ	કોઇના નિમિત્તે રાખી મૂકેલું લીધું હો
બલિપાહુડિયાએ	બળિદાન માટે કરેલાં બાકળાં લીધાંહોય
ઠવણાપાહુડિયાએ	કોઈ ભિક્ષુક માટે રાખેલું અન્ન વિગેરે લીધું હોય
સંકિએ	શંકાવાળું (અસૂઝતું) હોય તે
સહસ્સાગારે	બલાત્કારથી લીધું હોય
અણેસણાએ	અજાણે અસૂઝતુ આહાર કે

પાણેસણાએ	પાણી પીધું હોય
અણેસણાએ	સદોષ આહાર વાપર્યો હોય
પાણભોયણાએ	સદોષ પાણી વાપર્યું હોય
બીયભોયણાએ	(સચેત) બીજયુક્ત આહાર કર્યો હોય
હરિયભોયણાએ	(કાચી) લીલોતરીયુક્ત આહાર કર્યો હોય
પચ્છા કમ્મિયાએ	આહાર વ્હોર્યા પછી કાંઈ પણ દોષ લાગ્યો હોય
પુરેકમ્મિયાએ	આહાર વ્હોર્યા પહેલા કાંઈપણ દોષ લાગ્યો હોય
અદિઠ્ઠહડાએ	નજરે દેખાતું ન હોય ત્યાંથી લાવી આપેલ હોય
દગસંસઠહડાએ	સચેત પાણીના સંઘટ્ટા સહિત આહાર લેવાયો હોય
રયસંસઠહડાએ	સચેત રજે ખરડેલ આહાર પાણી લીધાં હોય
પારિસાડણિયાએ	ઝાઝો આહાર લઈ નાખી દીધો હોય
પારિઠાવણિયાએ	ખાવો થોડો અને નાખી દેવો ઝાઝો એવો પરઠવા લાયક આહાર લીધો હોય
ઉહાસણ ભિકખાએ	વારંવાર વસ્તુ માગી હોય
જં ઉગ્ગમેણં	વહોરાવનારથી દોષ (સોળ ઉદ્‌ગમનના) લાગ્યા હોય
ઉપ્પાયણેસણાએ	વહોરનારથી લાગતા (સોળઉત્પાદનના) દોષમાંનો કોઇ દોષ લાગ્યો હોય

અપડિસુદ્ધં	અકલ્પનીક આહાર પાણી
પડિગાહિયં	લીધાં હોય
પરિભુત્તંવા	ભોગવ્યા હોય
જંનપરિઠવિયં	નાખી દેવા યોગ્ય નાખી દીધું ન હોય તો
તસ્સ મિચ્છામિ દુક્કડં	તેનું પાપ મને નિષ્ફળ થાઓ

વ્રતમાં વહોરી લાવ્યા પછી આ બીજા શ્રમણ સૂત્રનું કાઉસગ્ગ કરવું જોઇએ.

ત્રીજુ શ્રમણ સૂત્ર.

પાડક્કમામિ	પાપનું નિવારણ કરૂં છું
ચઉકાલે	સવાર, સાંજ, આગલી રાત્રી, પાછલી રાત્રી, સજ્ઝાયના
સજ્ઝાયસ્સ	મુક્કરર કરેલા એ ચાર વખતે
અકરણયાએ	સજ્ઝાય ન કીધી હોય
ઉભયકાલં	સવાર, સાંજ બે વખત
ભંડોવગરણસ્સ	વસ્ત્ર પાત્ર વિગેરે
અપ્પડિલેહણયાએ	નજરે જોયા ન હોય
દુપ્પડિલેહણયાએ	ખોટી રીતે જોયા હોય
અપ્પમજ્જણાએ	પોંજ્યા ન હોય
દુપ્પમજ્જણાએ	ખોટી રીતે પોંજ્યા હોય
અઇક્કમે	(અતિક્રમ) પાપ કરવાનો વિચાર
વઇક્કમે	(વ્યતિક્રમ) પાપ કરવાની તૈયારી
અઇયારે	(અતિચાર) પાપ કરવા લાગેલ હોઉં

અણાચારે	(અનાચાર) પાપ કીધું હોય
જોમે	ઈત્યાદિક જે મેં
દેવસિઓ	દિવસ સંબંધી
અઈયારો કઓ	અતિચાર (પાપ) કીધાં હોય
તસ્સ મિચ્છામિ દુક્કડં	તેનું પાપ મને નિષ્ફળ થજો.

પૌષધાદિક વ્રતમાં પડિ લેહણ કર્યા પછી આ ત્રીજા સમણ સૂત્રનું કાઉસગ્ગ કરવું જોઇએ.

ચોથું શ્રમણ સૂત્ર.

પડિક્કમામિ	પાપનું નિવારણ કરૂંછું
એગવિહે	એક પ્રકારનું
અસંજમે	અસંયમપણું-અવ્રત.
પડિક્કમામિ	નિવર્તુછું.
દોહિં બંધણેહિં	બે પ્રકારનાં બંધનથી.
રાગ બંધણેણં	રાગ બંધનથી.
દોષ બંધણેણં	દ્વેષ બંધનથી
પડિક્કમામિ	નિવર્તુછું.
તિહિંદંડેહિ	ત્રણ પ્રકારનાં દંડથી
મણદંડેણં	અશુભ મન દંડથી.
વયદંડેણં	અશુભ વચન દંડથી
કાયદંડેણં	અશુભ કાય દંડથી
પડિક્કમામિ	નિવર્તુછું
તિહિં ગુત્તિહિં	ત્રણ પ્રકારની ગુપ્તિના દોષથી
મણ ગુત્તિએ વય ગુત્તિએ	મન વચન કાયાને અશુદ્ધ પરિણામથી

કાય ગુત્તિએ	ગોપવી શુદ્ધ પરિણામમાં રાખવા તે
પડિક્કમામિ	નિવર્તુછું
તિહિં સલ્લેહિં	ત્રણ પ્રકારનાં સલ્યથી
માયા સલ્લેણં	માયા કપટ રાખવાથી
નિયાણ સલ્લેણં	(નિદાન) ક્રિયાનું ફલ માગી લેવાથી
મિચ્છા દંસણ સલ્લેણં	ખોટી શ્રદ્ધા રાખવાથી
પડિક્કમામિ	નિવર્તુ છું
તિહિં ગારવેહિં	ત્રણ પ્રકારના ગર્વથી
ઇડ્ઢિગારવેણં	ૠદ્ધિના ગર્વથી
રસગારવેણં	રસ–સ્વાદના ગર્વથી
સાયાગારવેણં	શરીરનાં સુખના ગર્વથી
પડિકકમામિ	નિવર્તુછું
તિહિં વિરાહણાહિં	ત્રણ પ્રકારની વિરાધનાથી
નાણ વિરાહણાએ	જ્ઞાન વિરાધનાથી
દંસણ વિરાહણાએ	સમકિતના ભંગથી
ચરિત્ત વિરાહણાએ	કરણીના ભંગથી
પડિક્કમામિ	નિવર્તુછું
ચઉહિંકસાએહિં	ચાર પ્રકારના કષાયથી
કોહકસાએણં	ક્રોધ કરવાથી
માણકસાએણં	માન કરવાથી
માયાકસાએણં	માયા કરવાથી
લોભકસાએણં	લોભ કરવાથી
પડિક્કમામિ	નિવર્તુછું.

ચઉહિં સન્નાહિં	ચાર પ્રકાની સંજ્ઞાથી
આહાર સન્નાએ	ખાવાની વાંછાથી
ભય સન્નાએ	બીકની લાગણીથી
મિહુણ સન્નાએ	મથુનની ઇચ્છાથી
પરિગ્ગહ સન્નાએ	પરિગ્રહની ઇચ્છાથી
પડિક્કમામિ	નિવર્ત્તુંછું
ચઉહિંવિકહાહિં	ચાર પ્રકારની વિકથા કુથલીથી
ઇત્થિકહાએ	સ્ત્રીની કથા કરવાથી
ભત્તકહાએ	ભોજનની કથા કરવાથી
દેસકહાએ	દેશની કથા કરવાથી
રાયકહાએ	રાજાની કથા કરવાથી (સારૂં નરસુ બોલવાથી)
પડિક્કમામિ	નિવર્ત્તુંછું
ચઉહિં ઝાણેહિં	ચાર પ્રકારે (માઠી) ચિંતવનાથી
અટ્ટેણં ઝાણેણં	આર્ત્તધ્યાન ધરવાથી
રૂદ્દેણં ઝાણેણં	રૂદ્રધ્યાન ધરવાથી
ધમ્મેણં ઝાણેણં	ધર્મધ્યાન ન ધરવાથી
સુક્કેણં ઝાણેણં	શુક્લ ધ્યાન ન ધરવાથી પહેલાં બે છોડી દેવાં પાછલનાં બે સ્વીકારવાં
પડિક્કમામિ	નિવર્ત્તુંછું
પંચહિં કિરિયાહિં	પાંચ પ્રકારે ક્રિયા (કર્મ લાગવાનાં ઠેકાણા)થી
કાઇયાએ	શરીર સંબંધી અજત્નાથી

અહિગરણિયાએ	અધિકરણ-(હથીઆર)થી
પાઉસિયાએ	દ્વેષ બુદ્ધિ રાખવાથી
પારિતાવણિયાએ	બીજાને દુ:ખ ઉપજાવવાથી
પાણાઇવાયા કિરિયાએ	જીવ હિંસા કરવાથી
પડિક્કમામિ	નિવર્તું-છું
પંચહિં કામ ગુણેહિં	પાંચ પ્રકારનાં કામ ગુણથી (વિષય વધવાનાં કારણો)
સદ્દેણં	વિષયોના શબ્દ સાંભળવાથી
રૂવેણં	રૂપ જોવાથી (સ્ત્રીયાદિકનાં)
ગંધેણં	સુગંધ લેવાથી
રસેણં	સ્વાદ લેવાથી
ફાસેણં	કોમળ સ્પર્શથી
પડિક્કમામિ	નિવર્તુંછુ
પચ્ચાહં મહવ્વએહિં	પાંચ પ્રકારના મહાવ્રત સંબંધી દોષોથી
પાણાઈ વાયાઓ વેરમણં	હિંસા કરવી,
મુસા વાયાઓ વેરમણં	જૂઠ બોલવું,
અદિન્ના દાણાઓ વેરમણં	ચોરી કરવી,
મિહુણાઓ વેરમણં	મૈથુન સેવવું,
પરિગ્ગહાઓ વેરમણં	પરિગ્રહ રાખવો,
	એ પાંચેથી વિરમ્યા પછી લાગેલા દોષથી નિવર્તું છું.
પડિક્કમામિ	નિવર્તું છું
પંચહિંસુમિએહિં	પાંચ સમિતિના દોષથી

ઇરિયાસુમિએ	રસ્તે ચાલતાં અજત્ના થવાના દોષથી
ભાસા સુમિએ	વગર વિચાર્યું બોલવાથી
એસણા સુમિએ	દોષિત આહાર લેવાથી
આયાણ ભંડમત્ત નિક્ખેવણા સુમિએ	વસ્ત્ર પાત્રાદિક ઉપકરણ અજત્નાએં લેતાં મૂકતાં થએલા દોષથી
ઉચ્ચાર, પાસવણ, ખેલ, જલ્લ, સંઘાણ, પારિઠા વણિયા સુમિએ	વડિનીત, લઘુનીત, બળખા, મેલ, લીટ ને પરઠવતાં અજત્ના થવાથી લાગેલા દોષથી નિવર્તું છું
પડિક્કમામિ	નિવર્તું છું
છહિં જીવનિકાઅહિં	છપ્રકારના જીવના સમુહની વિરાધનાથી
પુઢવી કાયેણં	પૃથ્વીકાય-માટી પ્રમુખ પૃથ્વી
આઉકાએણં	અપકાય-નદી વિગેરેનું પાણી
તેઉકાએણં	ચૂલા ભઠ્ઠી વિગેરેનો અગ્નિ
વાઉકાએણં	સચેત વાયરો
વણસ્સઇ કાએણં	કાચી લીલોતરી
તસ્સ કાએણં	બેઇન્દ્રિયાદિક ત્રસ જીવો એમ છએ કાયની હિંસાથી નિવર્તું છું
પડિક્કમામિ છહિં લેસાહિં	નિવર્તું છું છ પ્રકારની લેશ્યા (પરિણામ)ના દોષથી
કિણ્હલેસાએ	અત્યંત હિંસા કરવાનું મન
નીલ લેસાએ	દુરાચાર સેવવાનું મન
કાઉ લેસાએ	સ્વદોષ ઝોપવી પરદોષ પ્રકાશવા.
તેઉ લેસાએ	કપટરહિત નમ્ર પરિણામ.

પઉમ લેસાએ	ત્રણે જોગના ચડતા પરિણામ.
સુક્ક લેસાએ	સમિતિ ગુપ્તિ સહિત, રાગદ્વેષ રહિત પરિણામ.
પડિક્કમામિ	નીવર્તુ છું
સત્તહિં ભયઠાણેહિં	સાત ભયનાં સ્થાનકથી. આલોક ભય, પરલોક ભય,
ધનનો ભય ચોરનો ભય	અકસ્માત ભય, આજીવિકા ભય, મરણ ભય, અપયશ ભય.
પડિક્કમામિ	નિવર્તુંછું.
અઠહિંમયઠાણેહિં	આઠ મદનાં સ્થાનકથી. જાતિમદ, કુલમદ, બલમદ રૂપમદ, તપમદ, શ્રુતમદ, લાભમદ ઐશ્વર્યમદ.
નવહિંબંભચેરગુત્તિહિં	નવપ્રકારની બ્રહ્મચર્યની ગુપ્તિ.

૧. સ્ત્રી પશુ પંડગ રહિત સ્થાનકમાં રહેવું, ૨. સ્ત્રીની કથા કરવી નહિં, ૩. સ્ત્રીસાથે એક આસને બેસવું નહિ, ૪. સ્ત્રીનાં અગોપાંગ વિષય બુદ્ધિએ જોવા નહિ, ૫. ભીતનાં અંતરે ભોગી પુરૂષના શબ્દ સાંભળવા નહિં, ૬. પૂર્વના કામભોગ સંભારવા નહિં, ૭. દરરોજ સ્નિગ્ધ ભોજન કરવું નહિં, ૮. ઘણા સ્વાદ કરી અધિકો આહાર કરે નહિં, ૯. શરીરની ટાપટીપ (શોભા) કરવી નહિ. એ નવ વાડ શીયલની જાણવી.

દસવિહે સમણ ધમ્મે	દશ પ્રકારનો શ્રમણ ધર્મ. ક્ષમા, નિર્લોભતા, સરલતા, નમ્રતા સંતોષ, સત્ય. સંયમ, તપ, જ્ઞાનદાન (કે પરોપકાર બુદ્ધિ) અને બ્રહ્મચર્ય

એકારસહિં અગ્યાર પ્રકારે
ઉવાસગ પડિમાહિં ઉપાશક-શ્રાવકની પડીમા

૧ સમકિત નિર્મલ રાખે, ૨. વ્રત પચ્ચખાણ કરે, ૩.સામાયિક કરે, ૪. પૌષધ કરે, ૫. પાંચ બોલ પાળે, ૬ સર્વથા બ્રહ્મચર્ય પાળે, ૭ અચિત્ત આહાર કરે, ૮, આરંભ ન કરે, ૯. અનેરા પાસે આરંભ કરાવે નહિં, ૧૦. ઉદ્દેશિક આહાર ન કરે, ૧૧. સાધુ ની પેઠે વિચરે.

બારસહિં ભિકખુ પડિમાહિં–બાર સાધુની પડિમા

૧. એકદાત (ધાર) અન્નની એકદાન પાણીની, ૨, બબ્બે દાત અન્ન પાણીની, ૩. ત્રણ ત્રણદાન, ૪. ચાર ચારદાત, ૫. પાંચ પાંચદાત ૬. છ છદાત, ૭. સાત સાતદાત અન્ન ને પાણીની લીએ, ૮. એકાંતર ઉપવાસ, ૯. દંડાસન, ૧૦. ગોદુક આસન, ૧૧. છઠ્ઠ ભક્ત, ૧૨. અઠ્ઠમ ભક્ત કરે.

તેરસહિં કિરિયા ઠાણેહિં તેર ક્રિયાનાં સ્થાનક.

૧. અર્થદંડ, ૨. અનર્થદંડ, ૩. હિંસાદંડ, ૪. અકસ્માતદંડ, ૫. દૃષ્ટિ વિપર્યાસદંડ, ૬ મૃષાવાદ, ૭. અદત્તાદાન, ૮. આર્ત્તધ્યાન. ૯. અભિમાન, ૧૦. મિત્રદ્વેષદંડ, ૧૧. માયા, ૧૨. લોભ, ૧૩. અને ઇર્યાપથિક (અયત્ના) દંડ.

ચઉદસહિં ભૂયગામેહિં ચૌદ પ્રકારના જીવ સમૂહ.

સૂક્ષ્મ એકેન્દ્રિયના અપર્યાપ્તા અને પર્યાપ્તા; ૨
બાદર એકેન્દ્રિયના અપર્યાપ્તા અને પર્યાપ્તા; ૪
બેઇન્દ્રિયના અપર્યાપ્તા અને પર્યાપ્તા; ૬
તેઇન્દ્રિયના અપર્યાપ્તા અને પર્યાપ્તા; ૮
ચઉરિન્દ્રિયના અપર્યાપ્તા અને પર્યાપ્તા; ૧૦

અસંજ્ઞી પંચેન્દ્રિયના અપર્યાપ્તા અને પર્યાપ્તા; ૧૨
સંજ્ઞી પંચેન્દ્રિયના અપર્યાપ્તા અને પર્યાપ્તા: ૧૪

પન્નરસહિં — પંદર જાતના

પરમાહમ્મિએહિં — પરમા ધાર્મિકનાં નામ, અંબ, અંબરસ, શામ, સબળ. રૂદ્ર, વૈરૂદ્ર, કાળ, મહાકાળ, અસિપત્ર, ધનુષ્ય, કુંભ, વાલુક, વૈતરણી, ખરસ્વર, અને મહાઘોષ.

સોલસહિં ગાહાસોલસેહિં — શ્રી સુયગડાંગ સૂત્રનાં પ્રથમ શ્રુતસ્કંધનાં સોળ અધ્યાયનાં નામ.

૧ સ્વસમય પરસમય, ૨. વૈતાલિક, ૩, ઉપસર્ગપ્રજ્ઞા, ૪. સ્ત્રીપ્રજ્ઞા, ૫. નરકવિભક્તિ, ૬. વીરસ્તુતિ, ૭. કુશીલપરિભાષા, ૮. વિર્યાધ્યયન, ૯. ધર્માધ્યયન, ૧૦. સમાધિ, ૧૧, મોક્ષમાર્ગ, ૧૨. સમવસરણ,૧૩. યથાતથ્ય, ૧૪. ગ્રંથી, ૧૫. યમકાધ્ય૦૧૬. ગાથા૦

સત્તરસવિહે અસંજમેહિં સત્તર પ્રકારે અસંજમ. તે–

૯. પાંચ સ્થાવર અને ચાર ત્રસ ને હણવા તે અસંજમ, ૧૦. અજીવઅજત્ના, ૧૧. અપ્રેક્ષા, ૧૨. અનુત્પ્રેક્ષા, ૧૩. અનાપગોગે પરિઠાવણિયા, ૧૪. અપ્રમાર્જના, ૧૭ ત્રણ અશુભજોગ.

અટ્ઠારસવિહે અબંભેહિં અઢાર પ્રકારે અબ્રહ્મચર્ય.

ઉદારિક શરીર સંબંધી કામ ભોગ સેવે, સેવરાવે ને અનુમોદે તે મન, વચન ને કાયાથી એ ત્રણ તેરી નવ અને એવીજ રીતે વૈક્રિય શરીર સંબંધી. ૯–૧૮.

એગુણ વીસાએ નાયજ્ઝયણેહિં — જ્ઞાતા સૂત્રનાં ઓગણીશ અધ્યયનનાં નામ.

મેઘકુમારનું, ૧ ધન્નાશેઠનું, ૨ મોરનાં ઇંડાંનું, ૩ કાચબાનું, ૪ થાવચ્ચા પુત્રનું, ૫ તુંબડાનું, ૬ રોહિણીનું, ૭ મલ્લિ તીર્થંકરનું, ૮ જિનરક્ષિત જિનપાલનું, ૯ ચંદ્રમાનું, ૧૦ દાવદવા વૃક્ષનું, ૧૧ સુબુધિ પ્રધાનનું, ૧૨ નંદમણિયારનું ૧૩ તેતલી પ્રધાનનું, ૧૪ નંદિફલનું, ૧૫ દ્રૌપદીનું, ૧૬ આકીર્ણ જાતના ઘોડાનું, ૧૭ સુસીમા દારિકાનું, ૧૮ પુંડરિક કુંડરિકનું ૧૯

વીસાએ અસમાહિઠાણેહિં વીશ અસમાધિનાં સ્થાનક.

૧. ઉતાવળો ચાલે, ૨ પોંજ્યાવિના ચાલે, ૩. જેમતેમ પોંજે, ૪. ઘણાં પાટ પાટલાં ભોગવે, ૫. ગુરૂવાદિક સામે બોલે, ૬. સાધુની ઘાત ચિંતવે, ૭. પ્રાણી ભૂતની ઘાત ચિંતવે, ૮. ક્રોધ કરે, ૯. પારકું વાંકું બોલે, ૧૦. નિશ્ચયકારી ભાષા બોલે, ૧૧. કલેશકરે, ૧૨. અન્યને કલેશકરાવે, ૧૩. અકાળે સજ્ઝાય કરે, ૧૪. સચેત્ત રજે ખરડયું શરીર પ્રમાર્જે નહિ, ૧૫. પ્રહર રાત્રી ગયા પછી મોટે સાદે બોલે, ૧૬. ગચ્છમાંહિં તડ પડાવે, ૧૭. કલેશ (ગચ્છમાં) ઉપજાવી માંહોમાંહે દુઃખ ઉત્પન્ન કરે, ૧૮ પોતે તપે અન્યને તપાવે, ૧૯. આખો દિવસ ખાખા કરે, ૨૦. અસુઝતુ આહાર પાણી લીએ. એ વીશ અસમાધિઆ,

એગવીસાએ સબલેહિં એકવીશ સબલા દોષ.

બાવીસાએ પરિસહેહિં બાવીશ પરિષહ.

૧. ક્ષુધાનો, ૨. તૃષા, ૩. ટાઢ, ૪. તાપ, ૫. ડાંસ મચ્છર, ૬. અચેલ, ૭. અરતિ, ૮. સ્ત્રી, ૯. ચાલવું તે, ૧૦. બેસવું, ૧૧. સ્થાનક, ૧૨. આક્રોશ, ૧૩. વધ, ૧૪ યાચવું, ૧૫. અલાભ, ૧૬. રોગ, ૧૭. તૃણસ્પર્શ, ૧૮. મેલ, ૧૯. સત્કાર પુરસ્કાર, ૨૦. પ્રજ્ઞા. ૨૧. અજ્ઞાન, ૨૨. દર્શન (સમકિત) નો.

તેવીસાએ સૂયગડજ્ઝયણેહિં–ત્રેવીસ સૂયગડાંગ–

સૂત્રનાં અધ્યયન તેમાં સોળ પ્રથમ શ્રુતસ્કંધનાં તે પૂર્વે કહ્યાં. બીજા શ્રુતસ્કંધનાં સાત અધ્યયન–પુંડરીક ક્રિયાસ્થાનક, આહાર પ્રતિજ્ઞા, અપચ્ચખાણ ક્રિયા, અણગારધ્યયન, આર્દ્રકુમાર અને નાલંદા (પેઢાલ પુત્ર) નું. એ ૨૩.

ચઉવીસાએ દેવેહિં ચોવીશ ભેદે દેવો કહ્યા છે.

૧૦. ભવનપતિ, ૮. વાણવ્યંતર, ૫. જ્યોતિષી અને એક વૈમાનિક એવં ૨૪. અથવા તીર્થંકરો ૨૪.

પણવીસાએ ભાવણાહિં પચીશ ભાવના, ૫ મહાવ્રતની.

૧. જોઇને ચાલવું, ૨. મન શુદ્ધ રાખવું, ૩. નિર્વદ્ય વચન બોલવું, ૪. નિર્દોષ આહાર પાણી લેવાં, ૫. ભંડોપકરણ યત્નાએ લેવું મૂકવું, ૬, વગર વિચાર્યું બોલવું નહિ, ૧૦, ક્રોધ, લોભ, ભય અને હાસ્યવશે બોલવું નહિં, ૧૧. નિર્દોષ સ્થાનક યાચીને લેવું, ૧૨. સ્થાનકાદિક સુધારવાં નહિં, ૧૩. વગર યાચી વસ્તુ લેવી નહિં, ૧૪. વડિલોનો વિનય કરવો, ૧૫, વસ્તુ સંવિભાગ કરી ભોગવવી, ૧૬, સ્ત્રી પશુ પંડક રહિત સ્થાનક સેવવું, ૧૭. સ્ત્રીની કથા કરવી નહિં, ૧૮. સ્ત્રીનાં અંગોપાંગ વિષય બુદ્ધિએ જોવાં નહિં, ૧૯. પૂર્વલા કામભોગ સંભારવા નહિં ૨૦. દિન પ્રત્યે સ્નિગ્ધ આહાર ન કરવો; ૨૫. અને પાંચ ઇંદ્રિયો સંવરવી–કાબુમાં રાખવી.

છવીસાએ દસાકપ્પ વવહારેણું ઉદ્દેસણ કાલેણું } ત્રણ સૂત્રનાં છવીસ અધ્યયન તે.

૧૦. દશાશ્રુત સ્કંધનાં, ૬. બૃહત્કલ્પનાં ૧૦. વ્યવહારનાં. એવં કુલ ૨૬ અધ્યયન ૩ સૂત્રનાં.

સત્તાવીસાએ અણગારગુણેહિં–સાધુજીનાં ૨૭ ગુણો.

પાંચ મહા વ્રત પાળે, પાંચ ઇન્દ્રિય વશ કરે, ચારે કષાય જીતે, ત્રણ ગુપ્તિએં ગુપ્તા, જ્ઞાન દર્શન ચારિત્ર સંપન્ન, ભાવ સત્ય, કરણ સત્ય, જોગ સત્ય, ક્ષમાવંત, વૈરાગ્યવંત વેદના આવે સમભાવે સહે અને મરણ આવ્યે સમભાવે રહે, એ ૨૭.

અઠ્ઠાવીસાએ આયારપ્પ કપ્પેહિં — આચારાંગ સૂત્રનાં અઠાવીસ અધ્યયન.

૧. શસ્ત્રપ્રજ્ઞા, ૨. લોકવિજય, ૩. શીતોષ્ણિયા ૪. સમ્યક્ત્વ અધ્યયન, ૫. લોકસાર અધ્યયન, ૬. ધુત્તાધ્યયન, ૭ વિમોક્ષાધ્યયન, ૮. ઉપધાનશ્રુત, ૯. મહાપ્રજ્ઞાધ્યયન, ૧૦. પિંડેસણાધ્યયન, ૧૧. સેજ્યાધ્યયન, ૧૨. ઇર્યાધ્યયન, ૧૩. ભાષાધ્યયન, ૧૪ વસ્ત્રએષણાધ્યયન, ૧૫. પાત્ર એષણાધ્યયન, ૧૬. અવગ્રહ પડિમાધ્યયન, ૨૩. સાત સત ક્રિયા એવં ૨૩. ૨૪. ભાવનાધ્યયન ૨૫. વિમુક્તિ અધ્યયન, ૨૬. નિશિથ ઉદ્ઘાતીયાધ્યયન, ૨૭. અનુદ્ઘાતીયાધ્યયન. ૨૮. ત આરોપણાધ્યયન, છેલ્લાં ત્રણ પ્રાયશ્ચિત્તનાં અધ્યયન,

એગુણતીસાએ પાવ સુયપસંગેહિં — ઓગણત્રીશ પ્રકારનાં પાપ શાસ્ત્ર-મિથ્યાત્વિનાં સૂત્ર

ભૂમિકંપ, ઉત્પાત, સ્વપ્ન, અંતરીક્ષ, અંગસ્ફુરકણ, સ્વર, વ્યંજન, અને લક્ષણ એ ૮ મૂળશાસ્ત્ર. એ આઠના અર્થ અને આઠની વાર્તા. એવં આઠ તેરી ચોવીશ અને વિકથાનુયોગ, ૨૬ વિદ્યાનુયોગ, ૨૭ મંત્રાનુયોગ, ૨૮ નુયોગ, ૨૯ અન્યતીર્થ પ્રવર્ત્તનાનુયોગ એ ૨૯.

તીસાએ મહામોહની ઠાણેહિં–ત્રીશ મોટાં મોહનાં સ્થાનક.

૧. ત્રસ જીવને પાણીમાં ડુબાડી મારવા તે, ૨. હાથે કરી મુખ નાક દાંકી શ્વાસ રોકી મારવું તે, ૩. અગ્નિમાં બાળીને મારવું, ૪. સામા માથે

ઘાવમારી ખડગાદીકનું હણવું તે, ૫. માથે વાધર વીંટી તડકે બેસાડી મારવું તે, ૬. ઘેલા ગુંગાને ખેદ ઉપજાવી ખુશી થવું તે, ૭. ખોટો આચાર ગોપવી ખરો કરી દેખાડવું, ૮. પોતાનો દોષ બીજા ઉપર નાખવો તે, ૯. પર્ષદામાં મિશ્ર (જૂઠું) બોલવું તે, ૧૦ રાજાનો સેવક થઇ તેનીજ લક્ષ્મી વિનાશે તો, ૧૧. બાલબ્રહ્મચારી નહિં ને બાલબ્રહ્મચારી કહી પૂજાવે, ૧૨. બ્રહ્મચારી નહિં ને બ્રહ્મચારી નામ ધરાવે, ૧૩. 'જેણે' ધન સુયશે કરી સુખી કર્યો તેનુંજ ધન હરે-ચોરે-તો, ૧૪. મોટાઇ આપનાર ઉપકારીને દુઃખ આપે તો, ૧૫. પોતાની આજીવિકા ચલાવનારને હણે તો, ૧૬. ઘણા લોકોનો પ્રતિપાલ એવા પુરૂષને હણે તો, ૧૭. સાપણ ઇંડાં ગળે, ધણીઆંણી ધણીને હણે, ચાકર ઠાકરને મારે અને ધર્મ શાસ્ત્રનાં ભણનાર સાધુને મારે તો, ૧૮. ચારિત્રીઆને અચારિત્રી થઇ ભ્રષ્ટ કરે તો, ૧૯. જ્ઞાની કેવલી પ્રમુખના અવગુણ બોલે તો, ૨૦. જિનધર્મ ઉપર દ્વેષ રાખી નિંદા કરે તો, ૨૧. આચાર્યાદિક ધર્મ શાસ્ત્ર ભણાવનારની નિંદા હીલના કરે તો, ૨૨. ધર્મ શાસ્ત્ર ભણાવનાર આચાર્યાદિકનો વિનય ન કરે તો, ૨૩. બહુસૂત્રી નહિં ને બહુસૂત્રી નામ ધરાવે, ૨૪. તપસ્વી નહિ ને તપસ્વી નામ ધરાવે તો, ૨૫. છતી શક્તિએ આચાર્યાદિકની વૈયાવચ્ચ ન કરે તો, ૨૬. ચારે તીર્થમાં ભેદ પડે તેવી વાત કહે તો, ૨૭. જ્યોતિષ વૈદ્યકની વિદ્યા ભણી હિંસામાંહે ધર્મ પરૂપે તો, ૨૮. દેવાદિક સંબંધી વિષય સુખોમાં સદા લીન રહે તો, ૨૯. ભલી કરણી કરી દેવ થયા છે તેનું વાંકું બોલે તો, ૩૦. દેવતાને ન દેખતા છતાં કહે જે હું દેવતાને દેખું છું એ મહા મોહનીય કર્મ બાંધવાનાં ૩૦ કારણો કહ્યાં.

એગતીસાએ સિદ્ધાઇગુણેહિં-એકત્રીશ સિદ્ધના ગુણો.

૫. વર્ણ, ૨. ગંધ, ૫. રસ, ૮. સ્પર્શ. ૫. સંઠાણ, ૩. વેદ, શરીર, સંગ અને જન્મ. એ ૩૧. બોલ રહિત હોવાથી એકત્રીશ ગુણ સહિત છે.

બત્તીસાએ જોગસંગહેહિં-બત્રીશ યોગ સંગ્રહ.

૧. ગુરૂ આગલે પોતાના દોષ આળોવવા, ૨. ગુરૂએ શિષ્યને આપેલું પ્રાયશ્ચિત્ત કોઇ પાસે પ્રકાશવું નહિં ૩. આપદા આવે ધર્મથી ચળે નહિં, ૪. આલોક પરલોકની વાંછા રહિત તપ કરે, ૫. ગ્રહણ આસેવનની શિક્ષા સહિત પ્રવર્ત્તે, ૬. શરીરની શોભા સુશ્રુષા ન કરે, ૭. તપ કરી યશની વાંછાએ પ્રગટ કરે નહિં, ૮. લોભ રહિત પ્રવર્ત્તે, ઉપશાંતપણે પ્રવર્ત્તે, ૧૦. સરળપણે પ્રવર્ત્તે, ૧૧. સયમમાં નિર્મળ પણે પ્રવર્ત્તે, ૧૨, નિશંકપણે સમકિત શુદ્ધ રાખે, ૧૩, સમાધિ સહિત પ્રવર્ત્તે, ૧૪. માયા રહિત પ્રવર્ત્તે, ૧૫. વિનયને વિષે તત્પર રહે, ૧૬, ધૈર્યવંત હોવે, ૧૭. વૈરાગ્યવંત હોવે, ૧૮. મુક્તિનો વંછક હોવે, ૧૯. રૂડી ક્રિયા સહિત હોવે, ૨૦. આશ્રવને રોકે, ૨૧. પોતાના આત્માના દોષ ટાળે, ૨૨. ઇન્દ્રિયના વિષયથી વિરક્ત રહે, ૨૩. મૂળ ગુણ ઉત્તર ગુણની વૃદ્ધિ અર્થે પચ્ચખાણ કરે, ૨૪. દ્રવ્યથી બાહ્ય ઉપધિ, ભાવથી વિષય કષાયનો ત્યાગ કરવો, ૨૫. પ્રમાદ રહિત પ્રવર્ત્તે, ૨૬. હમેશાં ઉત્તમ કાર્યમાં પ્રવૃત રહેવું, ૨૭. ધર્મ શુકલ ધ્યાનમાં નિશ્ચળ રહેવું, ૨૮. શુભ જોગમાં પ્રવર્ત્તવું, ૨૯. પરિષહ ઉપને ક્ષોભ પામે નહિં, ૩૦. કર્મ, સંસાર, સ્વજનાદિકનો સંગ ત્યજવો, ૩૧. પ્રાયશ્ચિત્ત લીધા પછી શીઘ્ર તપ કરે, અને મરણ આવ્યે સંથારો કરે. એ ૩૨. યોગોનો સંગ્રહ

તિત્તિસાએ આસાયણાએહિં-તેત્રીશ આશાતના.

૯. શિષ્ય, ગુરૂ-વડિલથકી આગલ, બરોબર અને પુંઠે અડતો અવિનથી ચાલે, ઉભો રહે કે બેસે તો અશાતના લાગે, ૧૦. ગુરૂ પહેલા શુચિ કરે તો અ૦, ૧૧. ગુરૂ શિષ્ય બહાર જઇ આવી ગુરૂ પહેલા ઇરિયાવહિ પડિક્કમે તો અ૦, ૧૨, કોઇએ પૂછેલાં પ્રસ્નનું ઉત્તર શિષ્ય ગુરૂ પહેલા આપે તો અ૦, ૧૩. રાત્રે ગુરૂએ શિષ્યને બોલાવ્યો ને જાગતો ન બોલે તો અ૦, ૧૪ શિષ્ય આહાર પાણી લાવી પ્રથમ બીજા સાધુને દેખાડી પછી ગુરૂને બતાવે તો અ૦, ૧૫, એમજ પ્રથમ બીજા પાસે આલોચે પછી ગુરૂ પાસે આલોચે તો અ૦, ૧૬. પ્રથમ અન્ય સાધુને આમંત્રે પછી ગુરૂને આમંત્રે તો અ૦, ૧૭. ગુરૂની આજ્ઞા વિના બીજાને આહારાદિક આપે તો અ૦, ૧૮. આહાર કરવા ભેગા બેઠા માંહે ગમતો અહાર ગુરૂ પહેલા ઉતાવળો ઉતાવળો જિમે તો અ૦, ૧૯. ગુરૂએ બોલાવ્યો ને ન બોલે તો અ૦, ૨૦. ગુરૂએ બોલાવ્યો ને આસને બેઠો જબાપ આપે તો અ૦, ૨૧. ગુરૂએ બોલાવ્યો ને કહે જે શું કહો છો શું કહો છો એમ ચાંપીને બોલે તો અ૦, ૨૨. ગુરૂને તુંકારે બોલાવે તો અ૦, ૨૩. ગુરૂને કર્કશ કઠોર વચનો કહે તો અ૦, ૨૪. જિમ ગુરૂ શિક્ષા વચન કહે તેમજ પાછો ગુરૂને કહે તો અ૦, ૨૫. પોતાની પંડિતાઇ દેખાડવા ગુરૂની વાંચણીમાં ખોટ કાડે તો અ૦, ૨૬. ગુરૂને કહે જે તમો ખોટા અર્થ શું કહોછો એમ કહેતો અ૦, ૨૭. ગુરૂ ઉપદેશ આપે ને શિષ્ય રાજી ન થાય તો અ૦, ૨૮. ૨૯. ગુરૂ ઉપદેશ આપે છે અને પર્ષદામાં ભેદ પાડે, છેદ પાડે, ભ્રાંતિ સંસય ઉપજાવે તો અ૦, ૩૦. જે કથા ગુરૂએ કહી તેહિજ કથા શિષ્ય

મલાવી ને કહે તો અ૦, ૩૧. ૩૨ ગુરૂથી બરોબર અથવા ઉંચે આસને બેસે તો અ૦, ૩૩. ગુરૂની પથારીએ બેસે સૂવે કે પગ લાગ્યું તે અવિનય ખમાવ્યા વિના જાય તો અશાતના ઇતિ ૩૩. બોલ સંપૂર્ણમ્.

અરિહંતાણં આસાયણાએ	અરિહંતની અશાતના
સિદ્ધાણં આસાયણાએ	સિદ્ધની અશાતના
આયરિયાણં આસાયણાએ	આચાર્યની અશાતના
ઉવજ્ઝાયાણં આસાયણાએ	ઉપાધ્યાયની અશાતના
સાહુણં આસાયણાએ	સાધુજીની અશાતના
સાહુણીણં આસાયણાએ	સાધ્વીની અશાતના
સાવયાણં આસાયણાએ	શ્રાવકની અશાતના
સાવિયાણં આસાયણાએ	શ્રાવિકાની અશાતના
દેવાણં આસાયણાએ	દેવતાની અશાતના
દેવીણં આસાયણાએ	દેવીની અશાતના
ઇહલોગસ્સ આસાયણાએ	આલોકની અશાતના
પરલોગસ્સ આસાયણાએ	પરલોકની અશાતના
કેવલીણં આસાયણાએ	કેવલીની અશાતના
કેવલીપન્નત્તસ્સ ધમ્મસ્સ આસાયણાએ	કેવલી પ્રરૂપિત ધર્મની અશાતના
સદેવમણુયા સુરસ્સ લોગસ્સ આસાયણાએ	દેવ મનુષ્ય અસુર લોક સ્વર્ગ મૃત્યુ પાતાલની અશાતના
સવ્વપાણભુયજીવ સત્તાણં આસાયણાએ	સર્વ પ્રાણી ભૂત જીવ સત્વની અશાતના
કાલસ્સ આસાયણાએ	ત્રણકાલની અશાતના

સુયસ્સ આસાયણાએ	સૂત્ર-સિદ્ધાંતની અશાતના
સુયદેવયાએ આસાયણાએ	સૂત્રદેવ—તીર્થંકરની અશાતના
વાયણારિયસ્સ આસાયણાએ	વાંચનાચાર્યની અશાતના
જં વાઇદ્ધં	સૂત્ર આગા પાછા ભણ્યાં હોય
વચ્ચામેલિયં	ધ્યાન વગર સૂત્ર ભણ્યાં હોય
હીણક્ખરં	ઓછું અક્ષર ભણાયું હોય
અચ્ચક્ખરં	અધિક અક્ષર ભણાયું હોય
પયહીણં	પદ ઓછું ભણાયું હોય
વિણયહીણં	અવિનયથી ભણાયું હોય
જોગહીણં	જોગની ચપળતાથી ભણાયું હોય
ઘોસહીણં	અશુદ્ધ ઉચ્ચારથી ભણાયું હોય
સુટ્ઠુદિન્નં	અવિનીતને સૂત્ર ભણાવ્યું હોય
દુટ્ઠુપડિચ્છિયં	અવિનયથી જ્ઞાન લીધું હોય
અકાલેકઓ સજ્ઝાઓ	અકાલે સજ્ઝાય કરી હોય
કાલેનકઓ સજ્ઝાઓ	કાલે સજ્ઝાય ન કરી હોય
અસજ્ઝાઇએ સજ્ઝાયં	બત્રીશમાંનો કોઈપણ અસજ્ઝાય વખતે સજ્ઝાય કરી હોય, સૂત્ર ભણાયું હોય
સજ્ઝાઇએ ન સજ્ઝાયં	સજ્ઝાય કરવાના સમયે સજ્ઝાય ન કરી હોય તો
તસ્સ મિચ્છામિ દુક્કડં	(ઈત્યાદિક કોઈપણ દોષ લાગ્યો હોય) તેનું પાપ મને નિષ્ફળ થાઓ.

એક બોલથી માંડી તેત્રીસ બોલ સુધીમાં જાણવા યોગ્ય

જાણ્યા ન હોય, આદરવા યોગ્ય આદર્યા ન હોય, છાંડવા યોગ્ય છાંડયા ન હોય તો તેની માફી માગું છું.

ધન્ય તે મહાપુરુષ-જાણવા યોગ્ય જાણતા હશે, આદરવા યોગ્ય આદરતા હશે, છાંડવા યોગ્ય છાંડતા હશે તેમને મારી તમારી સમય સમય વંદના હોજો.

પાંચમું શ્રમણ સૂત્ર.

નમોચઉવ્વીસાએ તિથ્થયરાણં નમસ્કાર હો ચોવીશે તીર્થંકરોને

ઉસભાઈ મહાવીર પજ્જવસાણં	ૠષભદેવથી મહાવીર પર્યંતનાઓનો
ઇણમેવ	એવો (તીર્થંકર ભાષિત) આ
નિગ્ગંથં પાવયણં	નિર્ગ્રંથ પ્રવચન (સાધુનો) ધર્મ
સચ્ચં	સત્ય છે.
અણુત્તરં	સર્વ ધર્મોમાં પ્રધાન છે
કેવલીયં	કેવળી ભાષિત છે
પડિપુણ્ણં	સંપૂર્ણ છે
નેયાઉયં	ન્યાય યુક્ત છે
સમુદ્ધં	પુરેપુરો શુદ્ધ છે
સલ્લકત્તણં	સલ્ય (વ્હેમ)નો વિનાશક છે.
સિદ્ધિમગ્ગં	સિદ્ધ થવાનો માર્ગ છે
મુત્તિમગ્ગં	મુક્તિનો માર્ગ છે
નિજ્જાણમગ્ગં	કર્મનો અંત આણનાર છે
નિવ્વાણમગ્ગં	નિર્વાણ માર્ગ છે
અવિતહ મવિસંધિ સવ્વદુકખ પહીણમગ્ગં	યથાતથ્ય સંદેહ રહિત સર્વ દુઃખોનો નાશ કરનાર છે

ઇત્થંઠિયાજીવા	એવા ધર્મમાં રહેનાર જીવો
સિજ્જંતિ	સિદ્ધ થાય છે-થશે
બુજ્જંતિ	સર્વ પદાર્થના જાણુ થાય છે
મુચ્ચંતિ	કર્મ થકી મુક્ત થાય છે
પરિનિવ્વાયંતિ	કર્મ નિવારી શીતળીભૂત થાય છે
સવ્વદુક્ખાણ	સર્વ દુઃખોનો
અંતંકરંતિ	અંત કરે છે
તંધમ્મં સદ્દહામિ	તે ધર્મને શ્રધ્ધું છું
પત્તિયામિ	પ્રતીત આણું છું
રોયામિ	રૂચિ આણું છું
ફાસેમિ	સ્પર્શ કરે છું
પાલેમિ	પાળું છું.
અણુપાલેમિ	વિશેષે કરી પાળું છું.
તંધમ્મં સદ્દહંતો	તે ધર્મની શ્રદ્ધા કરાવતો બીજાને
પત્તિયંતો	પ્રતીતિ અણાવતો.
રોયંતો	રૂચિ કરાવતો.
ફાસંતો	સ્પર્શ કરાવતો.
પાલંતો	પળાવતો
અણુપાલંતો	વિશેષે પળાવતો
તસ્સ ધમ્મસ્સ કેવલી પન્નત્તસ્સ	તે કેવલીએ પરૂપેલા ધર્મને
અબ્બુટ્ઠિઓમિ	ઉદ્યમવંત થયો છું.
આરાહણાએ	અરાધવાને માટે.

વિરઓમિ	વિરમું છું તે ધર્મની
વિરાહણાએ	વિરાધનાથી.
અસંજમ પરિયાણામિ	અસંજમનું સ્વરૂપ જાણી
સંજમ ઉવ સંપજ્જામિ	સંજમને અંગીકાર કરૂં છું
અબંભં પરિયાણામિ	અબ્રહ્મચર્યને જાણીને.
બંભં ઉવ સંપજ્જામિ	બ્રહ્મચર્યને અંગીકાર કરૂં છું.
અકપ્પં પરિયાણામિ	અકલ્પનીક જાણી-છોડી.
કપ્પં ઉવસંપજ્જામિ	કલ્પનીક ગ્રહણ કરૂં છું.
અન્નાણં પરિયાણામિ	અજ્ઞાનને જાણી-છાંડી
નાણં ઉવ સંપજ્જામિ	જ્ઞાન ગ્રહણ કરૂં છું.
અકિરિયં પરિયાણામિ	ખોટીક્રિયા જાણી-છાંડી.
કિરિયં ઉવ સંપજ્જામિ	સત્ક્રિયા અંગીકાર કરૂં છું.
મિચ્છત્તં પરિયાણામિ	મિથ્યાત્વનું સ્વરૂપ જાણી
સમ્મત્તં ઉવ સંપજ્જામિ	સમકિત અંગીકાર કરૂં છું.
અબોહિં પરિયાણામિ	અબોધને જાણી છાંડીને
બોહિં ઉવ સંપજ્જામિ	બોધને અંગીકાર કરૂં છું.
અમગ્ગં પરિયાણામિ	ઉન્માર્ગ જાણી-છાંડી.
મગ્ગં ઉવ સંપજ્જામિ	સન્માર્ગ ગ્રહણ કરૂં છું.
જં સંભરામિ	જે દોષ મને સાંભરે છે.
જંચન સંભરામિ	જે દોષ નથી સાંભરતું.
જંપડિક્કમામિ	જેનું પ્રાયશ્ચિત્ત લીધું છે.
જંચન પડિક્કમામિ	જેનું પ્રાયશ્ચિત્ત નથી લીધું.
તસ્સ સવ્વસ્સ	તે સર્વ.
દેવસિઅસ્સ	દિવસ સંબંધી.

અઇયારસ્સ	લાગેલા અતિચારનું.
પડિક્કમામિ	પ્રાયશ્ચિત્ત કરૂં છુ.
સમણોહું	હું સાધુ છું.
સંજય	હું સંજતિ છું.
વિરય	હું વિરક્ત છું.
પડિહય	હણ્યાં છે.
પચ્ચખાય	પચ્ચખાણે કરી.
પાવકમ્મે	પાપ કર્મ. (એવો હું).
અનિયાણો	નિયાણા રહિત છું.
દિટ્ઠિ સંપન્નો	સમકિત દૃષ્ટિ રહિત છું.
માયામોસં	કપટ સહિત જુઠું.
વિવજ્જઓ	ત્યજી દીધું છે.
અઢાઇજ્જેસુ દીવસમુદ્દેસુ	અઢીદ્વીપ–સમુદ્રોને વિષે રહેલા.
પન્નરસ કમ્મભૂમિસુ	પંદર કર્મ ભૂમિને વિષે.
જાવંતિ કેવિસાહુ	જેટલા સાધુઓ (છે)
રયહરણ	રજોહરણ.
ગુચ્છંગ	ગુચ્છો (પોંજવાનું)
પડિગ્ગહ	પાત્રાંના.
ધારા	ધારણ કરવાવાળા.
પંચમહવ્વયધારા	પાંચ મહાવ્રત ધરનાર.
અઠ્ઠારસ સહસ્સ	અઢાર હજાર.
સીલાંગ રથધારા (શીલાંગ)	બ્રહ્મચર્ય યુક્ત આચાર રૂપી રથના નાયક (સાર્થી).

અક્ખય	અક્ષય.
આયાર	આચાર. (અને)
ચરિત્તા	ચારિત્ર યુકત. (એવા)
તેસવ્વે	તે સર્વ સાધુઓને.
સિરસા	મસ્તક નમાવી.
મણસા	અંતઃકરણ પૂર્વક.
મથ્થએણું	મસ્તકે કરી.
વંદામિ	વાંદુ છું. ગુણગ્રામ કરૂં છું.

"તસ્સ ધમ્મસ્સ" નો પાઠ બોલવો તે નીચે પ્રમાણે

"તસ્સ ધમ્મસ" નો પાઠ.

તસ્સ ધમ્મસ્સ	ત૦ તે, ધ૦ ધર્મ
કેવળી પન્નત્તસ્સ	કે૦ કેવળી ભગવાને પરૂપેલા (તેનેવિષે)
અભુઠિયોમિ આરાહણાએ	અ૦ ઉભો થાઉછું. આ૦ આરાધવાને
વિરઓમિ વિરાહણાએ	વિ૦ નિવર્તુછું હું. વિ૦ તેની વિરાધના કરવા થકી
વંદુજિન ચોવીસં	વ૦ ચોવીસ તિર્થંકર દેવને વાંદુંછું.

ઉપરના પાકમાં બોલતી વખ્તે " અભુઠિયોમિ " કહેતાં ઉભું થઈ જવું. અને પાઠ પુરો કર્યા બાદ આગળ કહ્યા મુજબ બે "ઇચ્છામિ ખમાસમણ." દેવાં ત્યાર પછી ગુરૂની આજ્ઞા માગી પાંચ પદની વંદણા પગના બે ઢીંચણ વાળી શરૂ કરવી તે નીચે મુજબ.

પંચ પદની વંદણા.

પાઠ.

પદ પહેલું.

પહેલે પદે પંચ મહાવિદેહ ક્ષેત્રને વિષે છતા શ્રી તિર્થંકર દેવજી બાર ગુણે કરી સહીત વિચરે છે. જયવંતા કેવળી ચોતરીસ અતિશય કરી પાંતરીસ પ્રકારની વચન વાણીએ બીરાજમાન છે. એક હજારને અષ્ટ ઉત્તમ લક્ષણના ધરણહાર અષ્ટ મહાપ્રતિહારજે કરી બીરાજમાન. ઉત્પન્નનાણ દંસણ ધરે અરિહા જિન કેવળી. સર્વ દ્રવ્ય ક્ષેત્ર, કાલને ભાવ જાણે છે ને દેખે છે જઘન્ય વીસ (૨૦) તિર્થંકર દેવજી. ઉત્કૃષ્ટાપદે એકસો આઠ જઘન્ય પદે બે ક્રોડ કેવળી, ઉત્કૃષ્ટા પદે નવ ક્રોડ કેવળી. ચોસઠ ઈંદના વંદનિક, છે. પુજનીક, તે માંહેલા હમણાંને સમે જે તીર્થંકર વીચરે છે તે કેવા છે ૧ શરિર સંપદા. ૨ સ્વરૂપ સંપદા. ૩ અતિશય સંપદા. ૪. ઉપગાર સંપદા. ૫ મહાસંપદાના સ્વામી, ત્રણ લોકના તરણ તારણ, જગત માતા, જગત પિતા, જગત બંધવ, જગત દિપક, જગત ચિંતામણી, જગત ઉપગારી, જગત ચુડામણી, જગત લોચન, જગત સ્વામી, જગત દિન દયાળ, જગત દુખનાં નિવારણ હાર, કેવળ જ્ઞાની, કેવળ દર્શને કરી સર્વ લોકા લોકના ભાવ ભેદ જાણી દેખી રહ્યા છે તેવા શ્રી અરિહંત દેવજીના જ્ઞાન, દર્શન, ચરિત્રને વિષે દેવસી સંબંધી અવિનય, અભકિત, અસાતના કરી હોય તો ખમાવું છું તે શ્રી અરિહંતજીને હાથ જોડી મસ્તક નમાવી તિખ્ખુત્તોનો પાઠ ત્રણ વાર ભણી જુજો જુજો કરી વાંદું છું.

પદ બીજું.

બીજે પદે શ્રી સિદ્ધ ભગવંતજી આઠ ગુણે કરી સહીત આઠ કર્મ ખપાવી મોક્ષ પદને વિષે પધાર્યા છે તે સિદ્ધજી કેવા છે, અલેશી, અજોગી, અશરિરી, અણાહારી, અકશાઇ અનંત દુઃખથી મુકાણા છે જ્યાં જન્મ નહી, જરા નહીં, મર્ણ નહીં, રોગ નહી, શોક નહી, ભય નહીં, ભાવક નહી, દુઃખ નહી, દાળીદ્ર નહી, મોહ નહી, માયા નહી કર્મ નહીં, કાયા નહીં, લોકને અગ્રે બીરાજ્યા છે, સર્વ લોકાલોકના ભાવ ભેદ જાણે છે ને દેખે છે. આદિ અનંત સ્થિતિ પામ્યા છે તે શ્રી સિદ્ધજી ભગવંતજીના જ્ઞાન, દર્શન વિષે દેવસી સબંધી અવિનય, અભક્તિ, અસાતના કરી હોય તો ખમાવું છું તે શ્રી સિદ્ધભગવંતજીને હાથ જોડી, મસ્તક નમાવી તિખ્ખુત્તોનો પાઠ ત્રણ વાર ભણી ભુજો ભુજો કરી વંદુછુ.

પદ ત્રીજું.

ત્રીજે પદે શ્રી આચાર્યજી છત્રીસ ગુણે કરી સહીત પાંચ આચાર પાળે અને પળાવે, ૧ જ્ઞાન આચાર. ૨ દર્શન આચાર. ૩ ચરિત્ર આચાર. ૪ તપ આચાર, ૫ વિર્ય આચાર. આઠ સંપદાના સ્વામી, ૧ આચાર સંપદા, ૨ શરિર સંપદા, ૩ સૂત્ર સંપદા, ૪ વયણ સંપદા, ૫ વાંચના સંપદા, ૬ સંગ્રહ સંપદા, ૭ મતિ સંપદા, ૮ પ્રજોગ સંપદા, એ આઠ સંપદાના ધણી છે. જીનવચન રૂપ દ્વાદશાંગી પેટીના ધરણ હાર, બહુ સૂત્રી બહુ પરિવારી, એહવે ગુણે કરી શોભાયમાન છે તે શ્રી આચાર્યજીના જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપને વિષે દેવસી સબંધી અવિનય, અભક્તિ, અસાતના કીધી હોય તો ખમાવુંછું તે શ્રી

આચાર્યજીને તિખ્ખુત્તોનો પાઠ ત્રણ વાર ભણી હાથ જોડી મસ્તક નમાવી ભુજો ભુજો કરી વાંદુછું.

પદ ચોથું.

ચોથે પદે શ્રી ઉપાધ્યાયજી પચીસ ગુણે કરી અતીત દ્વાદશાંગીના જાણ છે, જિન, વચન, સુત્ર સિદ્ધાંતના પ્રભાવિક, પોતે અગ્યાર અંગ, બાર ઊપાંગ આદે દઈ ભણ્યા છે અથવા ભણેછે અને શિષ્યને ભણાવે છે. ક્ષમાવંત, વૈરાગ્યવંત, પાંચ ઇંદ્રિના જીતણહાર, અપ્રમાદિ, પુછ્યા થકી સંદેહના નિવારણહાર વાયણા, પુછણા, પરિયટ્ટણા, અણુપેહા, ધર્મકથા કરી ઘણા ભવિ જીવોને બોધ બીજના દાતાર, કુમત મત અંધકારના ટાળણહાર, નિર્મળ જ્ઞાની, નિર્મળ દર્શની, નિર્મળ ચારિત્રના પાલણહાર, જીનવચન સુત્રસિદ્ધાંતની પરપગના ચલાવણહાર, ધર્મ થકી પડતાને શંકા નિવારી સ્થિરના કરણહાર, બુદ્ધિના સમુદ્ર તે શ્રી ઊપાધ્યાયજીના જ્ઞાન, દર્શન ચારિત્રને તપને વિષે દેવસી સંબધી અવિનય, અભક્તિ, અસાતના કીધી હોય, તો ખમાવું છું તે શ્રીઊપાધ્યાયજી ને તિખ્ખુત્તોનો ત્રણ વાર પાઠ ભણી હાથ જોડી મસ્તક નમાવી ભુજો ભુજો કરી વાંદુછું.

પદ પાંચમું.

પાંચમે પદે અઢી દ્વીપ પંદર ક્ષેત્રને વિષે પોતાના શ્રી ધર્મગુરૂ ધર્માચાર્યજી (જે કોઇ નામ હોય તે બોલવું) આદે દઈને જઘન્ય બે હજાર ક્રોડ સાધુજી તથા ઊત્કૃષ્ટા પદે નવ હજાર ક્રોડ સાધુજી તે સાધુજી કેવા છે પંચ મહાવ્રતના પાલણહાર, છ કાયાનાં પીયર, પાંચ

સુમતે સુમતા, ત્રણ ગુપ્તે ગુપ્તા, પાંચ ઇંદ્રિના જીતણહાર વીસ, અસમાધિના ટાળણહાર, એકવીશ સબળા દોષના ટાળણહાર, બાવીસ પરિસહના જીતણહાર, પચીસ ભાવના ભાવણહાર, સતાવીશ ગુણોના ધણી, તેત્રીસ બોલ સમ્યક પ્રકારે આરાધણહાર, બેતાળીશ દોષ ટાળીને શુદ્ધ આહાર પાણીના લેણહાર, બાવન અનાચીર્ણના ટાળણહાર, સતર ભેદે સંજમના પાલણહાર, બાર ભેદે તપસ્યાના કરણહાર, નવ વાડ સહીત, બ્રહ્મચર્યના પાલણહાર, આરંભ પરિગ્રહના ત્યાગી, સંસાર, સુખ ભોગ, વિષય, રોગ, કર્મ કલેશના ટાળણહાર તે શ્રી સાધુજીના જ્ઞાન દર્શન ચારિત્ર ને તપને વિષે, દેવસી સંબંધી અવિનય અભક્તિ અસાતના થઇ હોય તો ખમાવુંછું. તે શ્રી સાધુજીને હાથ જોડી મસ્તક નમાવી તિખ્ખુત્તોનો ત્રણ વાર પાઠ ભણી ભુજો ભુજો કરી વાંદું છું.

ધન્ય ગામ, ધન્ય નગર, ધન્ય દેશ, ધન્ય જીહાં માહરા ધર્મ ગુરૂ ધર્માચાર્યજી વિચરે છે. ધન્ય તે શ્રાવક શ્રાવિકાને મારા ધર્મ ગુરૂ ધર્માચાર્યજી પ્રત્યે વાંદે છે વખાંણ વાંણી સાંભળે છે, સુજતું આહારાદિ ચૌદે પ્રકારનું દાન દેવે છે. ધન્ય તે હું પણ મારા ધર્મ ગુરૂ ધર્માચાર્યજી પ્રત્યે વાંદીશ. વખાણ વાંણી સાંભળીશ, સુજતો આહાર પ્રમુખ ચૌદે પ્રકારનું દાન દેઇશ. તે દીન ધન્ય છે.

(ત્યાર પછી નીચે પ્રમાણે બોલવું).

અરિહંતાજીને વાંદુંછું, સિદ્ધાજીને વાંદુંછું;
સાધુજીને વાંદુછું. વ્રતધારી શ્રાવકજીને ખમાવુંછું.

આયરિય ઊવર્ઝાએ, સીસે સાહમિય કુલ
આચાર્ય ઊપાધ્યાય શિષ્ય નવ દિક્ષિત સાધર્મી એક ગુરૂના શિષ્ય

ગણેય એ જે મે કિયા કસાયા સવ્વં
ઘણા ગુરૂ કુળના શિષ્યા બધા ઉપર જે મે કર્યો કષાય સર્વે

તિવિહેણં ખામેમિ ૧ સવ્વસ્સ સમણ સંઘસ્સ, ભગવઓ
ત્રી વિધ ખમાવું છું હું સર્વ સાધુ સંઘ ભગવંતને

અંજલી કરે સિસ: સવ્વં સંઘ ખમાવિતા,
હાથ જોડી કરતો થકો મસ્તકનમાવિ સર્વ સંઘને ખમાવુંછું

ખામેમિ સવ્વસ્સ અહંપિ ૨ સવ્વસ્સ જીવરાસિસ્સ
મારો અપરધ ખમો સર્વ મારા પ્રત્યે પણ સર્વ જીવરાશી

ભાવ ધમ્મં નિય હિય ચિંત્તો: સવ્વં જીવં
ભાવ ધર્મ નિજ હીત ચીતવવાને અર્થે સર્વ જીવને

ખમાવિતા ખામે મિ સવ્વસ્સ અહંપિ ૩
ખમાવું છું ખમો મારો અપરાધ સર્વ મારો પણ

અઢાઇ દ્વીપ પંદર ક્ષેત્ર માંહે બાર વ્રતધારી શ્રાવકજી મુજ થકી મોટા છે તેહને વાંદુ છું. શેષ સર્વ જીવને ખમાવું છું. સાત લાખ પૃથ્વીકાય, સાતલાખ અપકાય, સાતલાખ તેઉકાય, સાતલાખ વાયુકાય, દશલાખ પ્રત્યેક વનસ્પતી કાય, ચૌદલાખ સાધારણ વનસ્પતી કાય, બેલાખ બેઇંદ્રિ, બેલાખ તેરિંદ્રિ, બેલાખ ચૌરિંદ્રિ, ચારલાખ નારકી, ચારલાખ દેવતા, ચારલાખ તિર્યંચ પચેંદ્રિ, ચૌદલાખ મનુષ્ય પચેંદ્રિ એ સર્વ મળી ચોરાસી લાખ જીવાજોનીમાંના કોઇ જીવને મારા

જીવે હણ્યો હોય હણાવ્યો હોય અને હણતાં પ્રત્યે ભલો જાણ્યો હોય તો ત્રીવીધે ત્રીવીધે કરી ખમાવું છું.

ખામેમિ સવ્વે જીવા, સવ્વે જીવાવિ ખમં તુ
ખમાવુંછું હું સર્વે જીવને સર્વે જીવ ખમો પાદ પૂર્ણ
મે મિત્તિ મે સવ્વ ભુયેસુ, વેર મજ્ઝં
મારા પ્રત્યે મિત્રભાવ મારે સર્વ ભુત પ્રાણી સાથે વેરભાવ મારે
ન કેણઇ એવ મહં આલોઇયં નિંદિયં ગરિહિયં
નથી કોઇની સાથે એવી રીતે મેં આલોવ્યો આત્માની ગુરૂની સાખે
સાખે નીંદ્યો ગરહ્યો
દુગાચ્છિયં, સવ્વ તિવિહેણં પડિક્કંતો વંદામિ જિન
ધીકાર્યો. સર્વ ત્રી વિધે નિવર્ત્યું વાંદુ છું જીતનાર
ચોવિસં.
ચોવીસ તિર્થંકર પ્રત્યે.

ત્યાર પછી " તિખ્ખુત્તા "નો પાઠ ભણી પાંચમા આવશ્યકની આજ્ઞા ગુરૂ સમીપે માંગવી અને ગુરૂના અભાવે ઉત્તર દિશા તરફ ફરી આજ્ઞા માંગવી.

આવશ્યક પાંચમો.

આવસહિ ઇચ્છા કારેણ સંદિસહ ભગવાન
આવશ્યક કરવા અર્થે વાંચ્છા વર્તે છે આદેશ આપો હે પૂજ્ય
યોગ્ય કાર્યના
દેવસી પ્રાયાશ્ચત વિસ્સુધનાર્થં કરેમિ કાઉસગ્ગં
દીવસ સબંધી પ્રાયશ્ચિત વિશેષ શુદ્ધીના અર્થે કરૂંછું(હું) કાયોત્સર્ગ

આ ઠેકાણે નવકાર મંત્ર ગણ્યા પછી " કરેમિ ભંતે " નો પાઠ પુરો બોલવો ત્યાર પછી " ઇચ્છામિ ઠામિ " નો પાઠ ભણી " તસ્સ ઉત્તરી "નો પાઠ ભણી દેવસી તથા રાઇ પડિકમણામાં ચાર લોગસ્સનો, પખ્ખીને દિવસે ૮ લોગસ્સનો કાઉસગ્ગ અને ચોમાસી પખ્ખીને દિવસે બાર લોગસ્સનો અને સંવતસરીને દીવસે ચાળીસ લોગસ્સનો કાઉસગ્ગ કરવો. તે પાળ્યા પછી એક " લોગસ્સ " પ્રગટ પણે ભણી બે વખત " ઇચ્છામિ ખમાસમણા " નો પાઠ ભણી રહ્યા બાદ " તિખ્ખુત્તો " નો પાઠ ભણી છઠ્ઠા આવશ્યકની આજ્ઞા ગુરુ સમિપ માગવી.

. ત્યાર પછી ગુરૂવાદિક હોય તો તેમની સમીપે પચ્ચખાણ કરવા તેમના અભાવે મોટેરા શ્રાવક ભાઇ પાસે અથવા પોતાના મુખથી નીચે પ્રમાણે ચોવિહાર અથવા તેવિહારનાં પચ્ચખાણ લેવાં.

આવશ્યક છઠ્ઠો.
પચ્ચખ્ખાણનો પાઠ.

ઉગે—સુરે (નમુકારસિયં) ચેવિહંપિઆહારં અસણં
સૂર્ય ઉગ્યાથી નવકારસી સુધી* ચાર પ્રકારના આહાર અન્ન

પાણં ખાઇમં સાઇમં અન્નથ્થણા ભોગેણં સહસ્સાગારેણં
પાણી સુખડી મુખવાસ ઉપયોગ વિના તથા સેહસાતકારે આગાર (છૂટ)

મહત્તરા ગારેણં સવ્વ સમાહિ વત્તીયાગારેણં
મોહટા પુરૂષના આદેશથી આગાર, તથા સર્વ સમાધીને અર્થે આગાર

વોસિરામિ
તજુંછું તે સિવાય તજુંછું (ચારે પ્રકારના આહાર)

---

* (બે ઘડી દિવસ ચડયા સુધી અથવા નવકાર ગણી નપાળું ત્યાં સુધી)

તેવિહાર કરવા હોય તો ઉપરના પાઠમાં " ચોવિહંપિ આહારં" ના બદલે " તિવિહંપિ આહારં " બોલવું અને ' પાણં ' શબ્દ મુકી દેવો. બાકીનો પાઠ પચખાણનો બોલી જવો.

પચ્ચખાણ કર્યા બાદ ગુરૂ માહરાજને પગે લાગી ખમાવી, સર્વ શ્રાવકોને ખમાવવા ત્યાર પછી નીચે મુજબ બોલવું.

---

૧ સામાયિક, ૨ ચોવીસથ્થો, ૩ વંદણા, ૪ પડિકમણું. ૫ કાઉસગ્ગ, ૬ પચખાણ એ છ આવશ્યકમાં કાંનો, માત્ર, પદ, અક્ષર, ગાથા, ઓછો અધીકો, જીન આજ્ઞા વિપરીત કીધો હોવે તો તસ્સ મિચ્છામિ દુક્કડં થય થુઇ મંગળં (નમોથ્થુણં).

આ ઠેકાણે બે " નમોથ્થુણાં " હેઠા બેસી ડાબો ગુડો ઊંચો રાખી કહેવાં.

૧. મિથ્યાત્વનું પડિકમણું. ૨. અવ્રતનું પડિકમણું. ૩. પ્રમાદનું પડિકમણું. ૪ કષાયનું પડિકમણું. ૫ અશુભ જોગનું પડિકમણું- સદ્દહણા સહીત, અણુપાલણા (આજ્ઞા પ્રમાણે પાળવું) **સહીત, અણુભાસણા સહીત.** (આજ્ઞા પ્રમાણે બોલવું) **ભાવ સહીત ન કીધું હોય તો તસ્સ મિચ્છામિ દુક્કડં.**

ગયા કાળનું પડિકમણું, વર્તમાન કાળનું સામાયિક, આવતા કાળના પચ્ચખાણ, ઉપયોગ સહીત ન કીધા હોય તો તસ્સ મિચ્છામિ દુક્કડં.

" ઇતિ પ્રતિક્રમણ સૂત્ર "

સમાપ્તમ્.

છઠ્ઠું પચ્ચખાણ.

પચ્ચખાણ પહેલું નોકારશીનું.

સુરેઊગ્ગએ, નમોકાર સહિયં,	સૂ૦ સૂર્ય ઊગ્યાથી બે ઘડી દિવસ ચડે ત્યાં સુધી ન૦ નવકાર ગણી
પચ્ચખામિ	પાળતાં સુધી પ૦ પચ્ચખું છું.
ચઊવિહંપિ આહારં	ચ૦ ચાર પ્રકારનો આ૦ આહાર.
અસણં, પાણં, ખાઇમં,	અ૦ અન્નાદીક ૧ પા૦ પાણી ૨ ખા૦ મેવો
સાઇમં.	૩ સા૦ મુખવાસ ૪ તેમાં નિચેનાઆગાર
અન્નથ્થણાભોગેણં,	અ૦ અણજાણે મોઢામાં ઘાલવાથી ભંગ થાય નહો.
સહસાગારેણં,	અચાનક વર્ષાદનું ફોરૂં પડવાથી ભંગ થાય નહી અગર બલાત્કારે કોઇ વસ્તુ મોમાં નાંખે તો આગાર
વોસિરામિ ॥ ૧ ॥	ઊપરના બે આગાર શીવાય ચારે આહાર તજુંછું.

(ઇતિશ્રી પેહેલું નવકારશી પચ્ચખાણ સમ્મત્તં)

પચ્ચખાણ બીજું પોહોરશી.

સુરેઊગ્ગએ, પોરસિયં,	સુ૦ સૂર્ય ઊગ્યા પછી પો૦ પોહોર
પચ્ચખામિ	દહાડો ચડે ત્યાં સુધી પ૦ પચ્ચખુંછું

ચઉવિહંપિ, આહારં	ચ૦ ચાર પ્રકારનો આ૦ આહાર.
અસણં, પાણં, ખાઇમં, સાઇમં	અ૦ અન્ન પા૦ પાણી ખા૦ મેવા. સા૦ મુખવાસ.
અન્નથ્થણા ભોગેણં,	અણુજાણે મોંમાં ઘાલવાથી ભંગ થાય નહી. ૧
સહસા ગારેણં,	અચાનક વર્ષાદનું ફોરૂં પડવાથી ભંગ થાય નહીં ૨ અથવા બલાત્કારે વસ્તુ કોઇએ મોંમાં નાખવાથી.
પછન્નકાલેણં,	વાદળ રજ વીગેરે કારણોથી સૂર્ય દેખાય નહીં તેથી પોહોરશી જણાય નહીં તો ભગ થાય નહીં ૩
દિસામોહેણં	દીગ્મુઢપણે પોરશી નહી જાણુતાં ભંગ થાય તો ભાગે નહી. ૪
સાહુવયણેણં	સાધુને વચને પાળું તો ભગ થાય નહી ૫ આ આગાર સાધુનો છે.
સવ્વસમાહિવત્તિયા ગારેણં	શરીરની સમાધિ વર્તાવવાને કાજે ઓશડ કરીયે ભંગ થાય નહીં. ૬
વોસિરામિ	ઉપરના ૭ આગાર શીવાય ચારે આહાર તજું છું.

(ઇતિશ્રી બીજું પૌરશી પચ્ચખાણ સમ્મત્તં.)

પચ્ચખાણ ત્રીજું મધ્યાનનું.

સૂરે ઊગ્ગએ, પુરિમઢં, પચ્ચખામિ, ચઊવિહંપિ આહારં, અસણં, પાણં, ખાઇમં, સાઇમં, અન્નથ્થણાભોગેણં

સહસાગારેણં	પ્રથમ પ્રમાણે અર્થ
પછન્નકાલેણં	,,
દિસામોહેણં	,,
સાહૂવયણેણં	,,
મહત્રાગારેણં	વડા સાધુના વિનયને કારણે પાળું તો ભંગ થાય નહી. એ પચ્ચખાણ સાધુને
સવ્વસમાહિવત્તિયા ગારેણં,	પ્રથમ પ્રમાણે અર્થ તથા સર્વથા પ્રકારે અસમાધિ થઇ જાય તો આગાર એ સાત
વોસિરામિ,	આગાર શીવાય ચારે આહાર તજું છું.

(ઇતિ શ્રી ત્રીજું મધ્યાનનું પચ્ચખાણ સમ્મત્તં.)

પચ્ચખાણ ચોથું દુવિહારનું.

એકઠાણાં ઉપરાંત દુવિહંપી આહારં પચ્ચખામિ અસણં ખાઇમ અન્નથ્થણા ભોગેણં સહસાગારેણં વોસિરામિ

(ઇતિ શ્રી એકાશણાનાં ઉપર દુવિહારનાં પચ્ચખા૦)

પચ્ચખાણ પાંચમું આંબેલનું.

આયંબિલત્રીહં પચ્ચખામિ તિવિહં ચઉવિહંપિ આહારં અસણં પાણં ખાઇમં સાઇમં અન્નથ્થણા ભોગેણં સહસા ગારેણં લેવાલેવેણં ગીહથ્થ સંસઠેણં ઉખીત વીવેગેણં પરીઠાવણીયા ગારેણં મહત્રા ગારેણં સવ્વસમાહિ વત્તિયાગારેણં વોસિરામિ.

(ઇતિશ્રી પાંચમું આંબેલનું પચ્ચખાણ સમ્મત્તં.)

પચ્ચખાણ છઠ્ઠું ઉપવાસનું.

સૂરે ઊગ્ગએ અભત્તઠ્ઠં પચ્ચખામિ ચઊવિહંપિ આહારં અસણં પાણં ખાઇમં સાઇમં અન્નથ્થણા ભોગેણં સહસાગારેણં વોસિરામિ. ઇતિ.

ચઉવિહારનું પચ્ચખાણ ૭.

ચઊવિહંપી આહારં અસણં પાણં ખાઇમં સાઇમં અન્નથ્થણા ભોગેણં સહસાગારેણં વોસિરામિ.

દેવસી પડિકમણું તેનાં પચ્ચખાણ સૂર્ય અસ્ત થયાથી કરવાં, રાયસી પડિકમણું તે સૂરજ ઉગ્યા પહેલા કરવા કારણ જેથી સાધ સાધવીને દીવસ ઊગ્યાથી આહારપાણી કલ્પે તે સૂર્ય અસ્ત ન થયા પર્યંત જાણજો.

ભાગ ૩ જો.

પંચ પરમેષ્ટિના એકસો આઠ ગુણ.

"પંચ પરમેષ્ટિની સ્તુતી"

દોહરા.

બાર ગુણ અરિહંત દેવ, પ્રણમી જે ભાવે,
સિદ્ધ આઠગુણ સમરતાં, દુઃખ દોહગ જાવે. ॥ ૧ ॥
આચારજ ગુણ છત્રીશ, પચવીશ ઉવઝ્ઝાય,
સત્તાવીશ ગુણ સાધુના, જપતાં અતિ સુખ થાય. ॥ ૨ ॥
અષ્ટોત્તરશત્ત ગુણ મળી, સમરો શ્રીનવકાર,
ધિર વિમળ પંડીત તણો, નય પ્રણમે નિત સાર. ॥ ૩ ॥

શ્રી પંચ પરમેષ્ટિજીના ૧૦૮ ગુણ.*

શ્રી અરિહંત પરમેષ્ટિના ૧૨ ગુણ.

૧ અનંત જ્ઞાન **૨ અનંત દર્શન**

૩ અનંત ચારિત્ર **૪ અનંત તપ**

૫ અનંત બળ વીર્ય **૬ અનંત ક્ષાયક સમ્યકત્વ** (क)

૭ વજ્ર ૠષભનારાચ સંહનન (સંઘયણ શરીરની મજબુતાઇ) (ख)

૮ સમચૌરંસ સંસ્થાન (શરિરની આકૃતિ) (ग) **૯ ચૌત્રીસ અતિશય (આશ્ચર્ય)** (घ)

---

*સૂચના—મોટા અક્ષરોથી લખાયલા પચ પરમેષ્ટિજીના ૧૦૮ ગુણ જીહ્વાગ્રે કરવાની ફરજ્યાત છે અને ઝીણાં અક્ષરમાં જે ફુટનોટ બતાવેલી છે તે ફક્ત સમજવાના માટે છે.

क. કોઇ કાળે ક્ષય ન થાય તેવું સમકિત **ख.** વજ્રની ખીલી વજ્રનો પાટો વજ્રનાં મર્કટ બંધન અને વજ્રની ધતુ જેવું સર્વ શરીર હાડ બળ. **ग.** ચારે બાજુથી માપતાં સરખી એવી દેહાકૃતિ.

घ. ચોત્રીસ અતિશયનાં નામ (૧) મસ્તક આદિ શરીરનાં રોમ (કેશ) સર્વ મર્યાદા ઉપરાન્ત અશોભનિક વધે નહિ. (૨)

ચ

૧૦ પાંત્રીસ વચનાતિશય (વચનનાં બળવડે આશ્ચર્ય કારી શોભા)

રોગરહિત તેમ શરીરને રજ મેલ પ્રમુખ કોઇ પ્રકારનો અશુભ લેપ લાગે નહિં. (૩) રક્ત (લોહી અને માંસ ગાયનાં દુધથી પણ અતી ઉજ્વલ અને મધુર હોય છે. (૪) પદ્મ કમળ જેવી સુગંધીદાર શ્વાસોશ્વાસ હોય છે. (૫) પ્રભુ આહાર—નિહાર કરે તે ચર્મ ચક્ષુ વાળો દેખી શકે નહિં (પણ અવધિ પ્રમુખ જ્ઞાનવાળો દેખી શકે) (૬) પ્રભુ વિહાર કરે ત્યારે તેમની આગળ આગળ આકાશમાં દેદીપ્યમાન ધરણાટ શબ્દ કરતું ચક્ર ચાલે અને ભગવાન બીરાજે ત્યારે તે ઉભુ રહે (૭) આકાશમાં ત્રણ છત્ર લાંબી લટકતી મોતીઓની ઝાલર યુક્ત દેખાય (૮) આકાશમાં અતિ ઉજ્વલ કમળનાં તંતુ ગાયના દુધ અને ચાંદીનાં પત્રાં જેવાં રત્ન જડીત દાંડી સહિત ચામર દેખાય (૯) આકાશમાં મણીરત્નક સ્ફટિક જેવાં નિર્મળ દેદીપ્યમાન સિંહના સ્કંધના સકાણે (આકારે) અનેક રત્નોથી જડેલે અંધકારનો નાશ કરવાવાળી પાદપિડિકા (પગ ધરવાની બાજોઠી) સહિત સિંહાસન દેખાય (૧૦) આકાશે ઘણી નાની નાની ધ્વજાના પરિવાર સહિત અતિ ઉંચી રત્ન સ્થંભ યુક્ત ઇંદ્રધ્વજા દેખાય. (૧૧) જ્યાં જ્યાં અરિહંત ભગવાન ઉભા રહે અથવા બીરાજે ત્યાં ત્યાં અશોક વૃક્ષ અનેક શાખા પ્રતિશાખા, પત્ર, પુષ્પ, ફળ, સુંગધછાયા, ધ્વજા પતાકાથી સુશોભિત ભગવંતનાં શરીરથી બારગણો ઉંચો દેખાય (૧૨) અરિહંત ભગવાનની પછવાડે ચોટીને ઠેકાણે સરદ રૂતુના જાજવલ્યમાન સૂર્ય મંડલની માફક સૂર્ય કરતાં બાર ગણા અધિક

૧૧ એક હજાર (સ્વસ્તિકાદિ શરીર સંબંધી) ઉત્તમ લક્ષણ સંયુક્ત.

તેજસ્વી અંધકારનો નાશ કરનાર પ્રભામંડલ (ભામંડલ) દેખાય (૧૩) પ્રભુ જ્યાં જ્યાં વિચરે ત્યાં ત્યાં ભૂમિ ઘણી સપાટ અને ખાડા ટેકરા વગરની થઇ જાય (૧૪) બાવળાદિકના કાંટા ઉલટા થઇ જાય. (૧૫) શીતકાળમાં ઉષ્ણતા અને ઉષ્ણકાળમાં શીત થઇને ઋતુ સર્વને સુખદાઇ થઇ જાય. (૧૬) પ્રભુ બીરાજમાન હોય ત્યાં ચોતરફ એક જોજન (ચાર કોશ) સુધી મંદ શીતળ અને સુગંધી વાયુ ચાલે જેથી અસુચીમય સર્વ વસ્તુ દુર રહી જાય (૧૭) અચેત જલની ઝીણી ઝીણી સુગંધી એક યોજન પ્રમાણ વૃષ્ટિ થાય જેથી ધુળ દબાઇ જાય. (૧૮) ચોતરફ અચિત પંચ વર્ણા પુષ્પની વૃષ્ટિ ઢિંચણ (ગોડા પ્રમાણ એક જોજનમાં થાય જેનાં મોઢાં ઉપર અને બીટ નીચે રહે (૧૯) અમનોજ્ઞ (નઠારાં) વર્ણ ગંધ, રસ, સ્પર્શ ઉપશમ અર્થાત નાશ પામે (૨૦) મનોજ્ઞ (સારા) વર્ણ, ગંધ, રસ, સ્પર્શ પ્રાપ્ત થાય. (૨૧) દેશના (વ્યાખ્યાન) દે ત્યારે એક જોજન સુધી ભગવંતના શબ્દ સર્વ પ્રખદા બરાબર શ્રવણ કરી શકે અને સર્વને પ્રીય લાગે (૨૨) અર્ધ માગધી (અર્ધો મગધ દેશની અને અડધી દેશની) ભાષામાં ધર્મ દેશના ફરમાવે (૨૩) ભગવાનની ભાષાને આર્ય અનાર્ય સર્વ દેશોના દ્વીપદ અર્થાત્ મનુષ્ય ચતુષ્પદ પશુ અને પક્ષી સર્પ ઇત્યાદિ સર્વ પોત પોતાની ભાષામાં સમજી જાય (૨૪) ભગવંતની દેશના સાંભળીને જાતીવેર જેવાં કે (સિંહ બકરીનું કુતરા બિલાડાનું ઇત્યાદિ) અને ભવાન્તરનાં વેર નષ્ટ થઇ જાય (૨૫) અન્ય દર્શની અને

અન્યમતી ભગવંતને દેખીને અભિમાન છોડીને નમ્ર થઇ જાય. (૨૬) વાદી પ્રતીવાદી વીવાદ કરવાને વાસ્તે ભગવાનની પાસે આવે પરંતુ ઉત્તર દેવાને અશક્ત થઇ જાય (૨૭) ભગવાન વિચરે તેમની ચારે તરફ પચીસ પચીસ જોજન સુધી ઇતી ભીતી અર્થાત્ મુષક તીડ ઇત્યાદિ ઉપદ્રવ ન હોય (૨૮) મરકી (કોગળીયા વાગેરેની) બીમારી ન થાય, (૨૯) પરદેશના રાજાનો અને સૈન્યનો ઉપદ્રવ ન થાય. (૩૧) અતિવૃષ્ટિ ન થાય. (૩૦) અનાવૃષ્ટિ ન થાય. (૩૩) દુર્ભિક્ષ દુષ્કાળ ન થાય. (૩૪) જ્યાં તીડ મહામારી સ્વચક્ર પરચક્રનો ભય હોય ત્યાં ભગવાનના પધારવાથી સર્વ ઉપદ્રવ તત્કાળ નાશ થઇ જાય. એ સર્વ બોલ પચીસ પચીસ જોજનમાં જાણવા.

ઘ. પાંત્રીસ વચનાતિશય (વાણીના ગુણ) નાં નામ. (૧) સંસ્કારયુક્ત વચન બોલે (૨) ઉચ્ચ સ્વરથી બોલે જેને એક યોજન સુધી બેઠેલી પરીષદ સારી રીતે શ્રવણ કરે (૩) સાદી ભાષામાં પરન્તુ માનપૂર્વક શબ્દોમાં બોલે " રે તું " ઇત્યાદિ તુચ્છકાર વાચક શબ્દો ન બોલે (૪) જેવો આકાશમાં મહા મેઘનો ગર્જારવ થાય તેવીજ પ્રભુની વાણી પણ ગંભીર હોય એ વાણીનો અર્થ પણ ગભીર ગહન અને ઉંડો થાય છે અર્થાત્ ઉચ્ચાર અને તત્વ બન્નેમાં ગંભીર વાણી બોલે. (૫) જેવો ગુફામાં. યા શીખરબંધ પ્રાસાદમાં જઇને બોલવાથી પ્રતિછંદ અર્થાત્ પ્રતિધ્વની થાય છે. તેવીજ પ્રભુની વાણી પણ પ્રતિધ્વની કરે. (Thundering tone) (૬) સરસ અથવા સ્નિગ્ધ વચન બોલે (૭) રાગ યુક્ત બોલે ૭ રાગ અને છત્રીસ રાગણીમાં ઉપદેશ દે જેથી શ્રોતા ગણ તલ્લીન થઇ જાય.

શ્રી સિદ્ધ પરમાત્માના આઠ ગુણ.

૧ અનંત જ્ઞાન ૨ અનંત દર્શન

(Harmonius tone) જેમકે વીણાથી અને પુંગીથી (મોરલીથી) સર્પ તલ્લીન થઇ જાય છે એ સાત અતિશય ઉચ્ચારની બાબતમાં કહ્યા. હવે અર્થ સંબંધી અતિશય કહીએ છીએ. (૮) થોડા શબ્દમાં વિશેષ અર્થનો સમાવેસ કરીને બોલે તેથી ભગવાનના વાક્યોને સુત્ર કહેવાય છે. (૯) પરસ્પર વિરોધ રહિત વચન બોલે. એક વખત " અહિંસા પરમો ધર્મ " એવું કહીને " ધર્મ નીમીત્ત હિંસા કરવામાં દોષ નહિ " એવા વિરોધવાળાં વાક્ય પ્રભુ કદી ન બોલે (૧૦) જુદા જુદા અર્થ પ્રકાશે. જે પરમાર્થ ચાલતો હોય તેને પુરો કરીને પછી બીજો પ્રકાશે પરંતુ ગરબડ કરી ન દે. (૧૧) સંસય રહિત વચન કહે એવા ખુલ્લાસાથી ફરમાવે કે સાંભળવાવાળાને બીલકુલ સંદેહ ન રહે (૧૨) દોષ રહિત વચન બોલે અર્થાત્ સ્વમતિ અન્યમતિ મોટાં મોટાં પંડિતજન પણ પ્રભુનાં વચનમાં કિંચીત માત્ર દોષ ન કાઢી શકે. (૧૩) સર્વને ગમતાં વચન કહે જે સાંભળીને એ શ્રોતાનાં મન એકાગ્ર થઈ જાય (૧૪) દેશકાળ ઉચિત બોલે અર્થાત્ મોટા વિચીક્ષણ પણાથી સમય વિચારીને બોલે, (૧૫) મળતાં વચન કહે. અર્થનો વિસ્તાર તો કરે, પરંતુ અટમ સટમ કહીને વખત પુરો ન કરે. (૧૬) તત્વ પ્રકાશે જીવ આદી નવ પદાર્થ (તત્ત્વ) નાં સ્વરૂપથી મળતાં વચન કહે તથા સારસાર કહે અસારને છોડી દે. (૧૭) સંક્ષેપથી કહે. અર્થાત્ પદના

३ અનંત આત્મિક સુખ ૪ ક્ષાયક સમ્યક્ત્વ

અગાડી બીજા પદ થોડામાં પુરાં કરે. તથા નિસાર વાત (સંસારિક ક્રિયાદિકની) થોડામાં પુરી કરે. વિસ્તારે નહિં (૧૮) વાત રૂપ કહે એવો ખુલ્લો અર્થ પ્રકાશ કરે કે નાંનો બાળક પણ મતલબ સમજી જાય (૧૯) સ્વશ્લાઘા અને પરનિંદા રહિત પ્રકાશે. દેશનામાં પોતાનો સ્તુતી અને પરનો નીદા ન કરે (પાપની નીંદા કરે પરંતુ પાપીની નીદા ન કરે) (૨૦) મધુર વાણીથી ઉપદેશ કરે. દુધ અને સાકરથી પણ અધિક મીષ્ટતા માધુર્યતા પ્રભુની વાણીમાં છે તેથી શ્રોતાજન વ્યાખ્યાન છોડીને જવાનું મન ન કરે. (૨૧) માર્મીક વચન ન કહે જેથી કોઇની ગુહ્ય વાત ખુલ્લી થાય એવી વાત ન કરે. (૨૨) યોગ્યતા દેખીને ગુણની પ્રશંસા કરે ખુશામત ન કરે યોગ્યના કરતાં અધિક ગુણ ન કહે (૨૩) સત્યાર્થ ધર્મ પ્રકાશે જેથી ઉપકાર થાય તથા આત્માર્થ સિદ્ધ થાય એમ કહે (૨૪) અર્થનું તુચ્છપણું ન કરે, અર્થાત્ છિન્ન ભિન્ન કરીને ફરમાવે નહિં (૨૫) શુદ્ધ વચન કહે વ્યાકરણના નિયમાનુસાર શુદ્ધ ભાષા પ્રકાશે (૨૬) મધ્યસ્થપણે પ્રકાશે અર્થાત્ ઘણા જોરથી પણ નહિં, ઘણી ઉતાવળથી પણ નહિં અને ઘણું ધીમે પણ નહિં, એવી રીતે બોલે. (૨૭) શ્રોતાજનોને પ્રભુની વાણી ચમત્કારી લાગે કે "અહા પ્રભુની ફરમાવવાની કેવી ચતુરાઇ અને કેવી શક્તિ છે" (૨૮) હર્ષયુક્ત કહે જેથી સાંભળવાવાળાને બહુ રસ પ્રાપ્ત થાય. (૨૯) વિલંબ રહિત કહે વચમાં વિસામો ન લે. (૩૦) સાંભળવાવાળા જે પ્રશ્નો મનમાં ધારીને આવ્યા હોય તેનાં વિના પુછ્યે ખુલાસા થઇ જાય એવી રીતે પ્રકાશે. (૩૧) અપેક્ષા વચન કહે

अ ૫ અટલ અવગાહના	क ૭ અગુરૂ લઘુપણું
ब ૬ અમૂર્તિકપણું	૮ અનંત શક્તિ વીર્ય

એક વચનની અપેક્ષાએ બીજું વચન કહે અને જે ફરમાવે તે શ્રોતાનાં હૃદયમાં ઠસતું જાય. (૩૨) અર્થ, પદ, વર્ણ, વાક્ય, સર્વ જુદાં જુદાં ફરમાવે (૩૩) સાત્વીક વચન પ્રકાશે ઇંદ્રાદિક મોટા તેજસ્વી પ્રતાપી આવી જાય તો પણ ડરે નહિં (૩૪) જે અર્થ ફરમાવતા હોય તેની સિદ્ધિ જ્યાં સુધી થાય ત્યાં સુધી બીજો અર્થ કાઢે નહિં એક વાત દ્રઢ કરીને બીજી વાત પકડે (૩૫) ગમે એટલો લાંબો વખત ઉપદેશમાં ચાલ્યો જાય તો પણ થાકે નહિં ઉત્સાહ વધ્યનોજ રહે.

વળી અરિહંત પરમાત્મા અઢાર દોષ રહિત હોય તે અઢાર દોષનાં નામઃ—

૧ દાનાન્તરાય.	૭ રતિ	૧૩ મિથ્યાત્વ
૨ લાભાંતરાય	૮ અરતિ	૧૪ અજ્ઞાન
૩ વિર્યાન્તરાય	૯ ભય	૧૫ નિદ્રા
૪ ભોગાન્તરાય	૧૦ જુગુપ્સા	૧૬ રતિઅરતિ
૫ ઉપભોગાન્તરાય	૧૧ શોક	૧૭ રાગ
૬ હાસ્ય	૧૨ કામ	૧૮ દ્વેષ

अ કોઇ કાળે ટળે નહિં એવી આત્મ પ્રદેશની અવગાહના ब નિરાકાર क ભારે નહિં તેમ હલકું નહિં.

શ્રી સમ વાયંગજી સૂત્રના એકત્રીશમે સમ વાયંગે કહ્યું છે જે.

શ્રી આચાર્ય પરમેષ્ટિના છત્રીસ ગુણ.

ગાથા.

પંચેંદિય સંવરણો તહ નવ વિહ બંભચેર ગુત્તિધરો,
ચઉવિહ કસાય વિમુક્કો ઇયઅઠ્ઠારસ્સહિંગુણેહિં સંઃ
જુત્તો ॥ ૧ ॥

एक्कतीसं सिधाइ गुणा पन्नंता.

એકત્રીસ સીદ્ધના ગુણ આઠ કર્મની એકત્રીસ પ્રકૃતી ક્ષય થવાથી થાય છે તે નીચે પ્રમાણે.

૧ જ્ઞાનાવરણી પાંચ પ્રકૃતી ક્ષય થવાથી અનંત જ્ઞાન ગુણ પ્રગટ થયો છે (કેવળ જ્ઞાનરૂપે).

૨ દર્શના વરનીની નવ પ્રકૃતી ક્ષય થવાથી અનંત દર્શન ગુણ પ્રગટ થયો છે (કેવળ દર્શનરૂપ.)

૩ વેદની કરમની બે પ્રકૃતી ક્ષય થવાથી અનંત આત્મીક ગુણ પ્રગટ થયો છે. (અનંત આત્મીક સુખ.)

૪ મોહની કર્મની બે પ્રકૃતી ક્ષય થવાથી ક્ષાયક સમકીત ગુણ પ્રગટ થયો છે.

૫ આયુષ કર્મની ચાર પ્રકૃતી ક્ષય થવાથી અક્ષય સ્થીતિ ગુણ પ્રગટ થયો છે. (અવીચળ પદ.)

૬ નામ કર્મની બે પ્રકૃતી ક્ષય થવાથી અમૂર્તિ ગુણ પ્રગટયો છે. (નીરાકાર આત્મસ્વરૂપ).

પંચ મહવ્વય જુત્તો પંચવિહં આચાર પાલણા સમથ્થો
પંચ સમીઇતિ-ગુત્તો છત્તિસ ગુણેહિ ગુરૂ મજ્જ ॥૨॥

૭ ગોત્ર કર્મની બે પ્રકૃતી ક્ષય થવાથી અગુરૂ લઘુ ગુણ પ્રગટ થયો છે. (ભારે નહી તેમ હલકો નહીં.)

૮ અન્તરાય કર્મની પાંચ પ્રકૃતી ક્ષય થવાથી અનંત આત્મીક શક્તિ ગુણ પ્રગટ થયો છે.

એ આઠ સીધના ગુણ સામાન્ય પ્રકારે આઠ કર્મ ક્ષય થવાથી અને વીશેષ પ્રકારે આઠ કર્મની એકત્રીસ પ્રકૃતી ક્ષય થવાથી થાય તેમજ બીજા આઠ ગુણ ગ્રંથને આધારે છે તે ઉપર પ્રમાણે:

૧ જ્ઞાનાવર્ણી કર્મની ૫ પ્રકૃતી.	મતી જ્ઞાનાવર્ણી ૧ શ્રુત જ્ઞાનાવર્ણી ૨ અવધી જ્ઞાનાવર્ણિં ૩ મન પર્યવ જ્ઞાનાવર્ણિં ૪ કેવળ જ્ઞાનાવર્ણિં ૫.
દર્શનાવર્ણીની ૯ પ્રકૃતી.	ચક્ષુ દર્શનાવર્ણિં ૧ અચક્ષુ દર્શનાવર્ણિં ૨ અવધ દર્શનાવર્ણિં ૩ કેવળ દર્શનાવર્ણિં ૪ નિદ્રા ૫ નિદ્રાનિદ્રા ૬ પ્રચલા ૭ પ્રચલા પ્રચલા. ૮ થિણુર્દ્ધી નિદ્રા ૯.
૩ વેદનીની ૨ પ્રકૃતી.	સાતાવેદની ૧ અસાતા વેદની ૨.
૪ મોહનીની ૨ ,,	દર્શન મોહની ૧ ચારિત્ર મોહની ૨.
૫ આયુષ્યની ૪ ,,	નર્કનું આયુષ્ય ૧ તીર્યચનું આયુષ્ય ૨ મનુષ્યનું આયુષ્ય ૩ દેવતાનું આયુષ્ય ૪.

અસ્યાર્થ.

ખ   ગ

પાંચ ઇંદ્રિ સંવરે, તેમજ નવવાડ સહિત વિશુદ્ધ બ્રહ્મચર્ય

૬ નામ કર્મની ૨	,,	શુભનામ કર્મને ૧ અશુભનામ કર્મ ૨.
૭ ગોત્ર કર્મની ૨	,,	ઉંચ ગોત્ર. ૧ નીચ ગોત્ર ૨.
૮ અંતરાયની ૫ ,,	,,	દાનાંતરાય ૧ લાભાંતરાય ૨. ભોગાંતરાય ૩ ઉપભોગાંતરાય ૪. વીર્યાંતરાય. ૫

એ આઠ કર્મની પ્રકૃતિ ક્ષય થવાથી આઠ ગુણ પ્રગટે છે.

ખ. પાંચ ઇંદ્રિ—શ્રોત્ર, ચક્ષુ, ઘ્રાણ, રસના અને સ્પર્શ એ પાંચને વશ કરે.

ગ. નવ બ્રહ્મચર્યની ગુપ્તિ (વાડ)નાં નામઃ—સ્ત્રી પસુ પિંડગ (નપુંશક) રહિત સ્થાનક સેવે (૧) સ્ત્રીની કથા વાર્તા કરે નહિં (૨) સ્ત્રીની સાથે એક આસને બેસે નહિં (૩) સ્ત્રીના સ્તન જઘન્યાદિ અંગોપાંગ વિકાર દ્રષ્ટીથી દેખે નહિં (૪) ભીંત પરિચના (પડદાના) આંતરે સ્ત્રી પુરૂષના ક્રિડાના શબ્દ ગીતગાન હાસ્યવિનોદ વિરહ રૂદન ઈત્યાદિ સાંભળે નહિં (૫) પૂર્વે સંસારમાં સ્ત્રીના સાથે કામ ક્રિડા કરી હોયતે યાદ કરે નહિં (૬) હમેશાં સરસ (કામોત્તેજક) આહાર કરે નહિં (૭) નિઃસાર (નિરસ) આહાર પણ મર્યાદા ઉપરાન્ત કરે નહિં (૮) શરીરની શોભા વિભૂષા (સુશ્રુષા) કરે નહિં. (૯)

घ
પાળે, ચાર કષાયને મુકે, એમ અઢાર ગુણ થયા ॥ ૧ ॥
ङ च छ
પાંચ મહાવ્રત પાળે, પાંચ આચાર પાળે, પાંચ સુમતી પાળે
५ ज ५
અને ત્રણ ગુપ્તિ ગોપવે, એ છત્રીસ ગુણ સંયુક્ત આ-
ચાર્ય હોય તો તે મારા ગુરૂ.

घ ક્રોધ, માન, માયા, લોભ.

ङ અહિંસા, સત્ય, દત્ત બ્રહ્મચર્ય, અકિંચન.

च જ્ઞાનાચાર ૧ દર્શનાચાર ૨ ચારિત્રાચાર ૩ તપાચાર ૪ અને વિર્યાચાર (શક્તિને ફોરવવી.)

छ ઇર્યાસમિતિ ૧ ભાષાસમિતિ ૨ એષણા (શુદ્ધ આહાર વિગેરે લેવાના બેતાલીશ દોશ પાને ૫૫ થી ૫૮ માંજોઇ લેવા) સમિતિ. ૩ આયાણ-ભંડ-મત્ત-નિખેવણા સમિતિ (આયાણ=ઉઠાવવું. ભંડ=ઉપગરણ. મત્ત=પાત્રાદિક નિખેવણા=મુકવું) ૪ ઉચ્ચાર પાસવણ-ખેલ-જલ-સંઘાણ પરિઠાવણિયા સમિતિ (ઉચ્ચાર= વડીનીત, પાસવણ=લઘુનીત, ખેલ=વમન (મોઢાનો બળખો) જળ= શરીરનો મેલ સંઘાણ=નાસીકાની લીંટ ઇત્યાદિ પરિઠાવણિયા= ક્ષેપવું નાખવું સમિતિ—ભલી મતિ પુર્વક યત્નાથી કરવું) ૫

ज મન ગુપ્તિ, વચનગુપ્તિ અને કાય ગુપ્તિ (ગુપ્તિ=ગોપવવું.)

શ્રી ઉપાધ્યાય પરમેષ્ટિના પચીસ ગુણ.

ગાથા

બારસંગ વિહુ બુદ્ધા ચરણ કરણ સજુંઓ
પ્પભાવણા જોગ નિગ્ગો મુવજ્જાએ ગુણં વદે ॥૧॥
क   ख   ग

પશ્યાર્થ ૧૨ અંગના પાઠક, ૧૩-૧૪ ચરણ શીતેરીને કરણ
घ
શીતેરીના ગુણે કરી સંયુકત ૧૫-૨૨ આઠ પ્રભાવના

क આચારાંગજી ૧ સુયગડાંગજી ૨ ઠાણુાંગજી ૩ સમવાયાંગજી ૪ ભગવતીજી ૫ જ્ઞાતાધર્મકથાંગજી ૬ ઉપાશકદશાંગજી ૭ અંતગડદશાંગજી ૮ અનુત્તરોવવાઈદશાંગજી ૯ પ્રશ્નવ્યાકરણાંગજી ૧૦ વિપાકાંગજી ૧૧ અને દૃષ્ટિવાદજી ૧૨

ख ચરણસીતેરીના ૭૦ બોલ

ગાથા.

વયે સમણ્ ધમ્મ સંજમ, વેયાવચ્ચં ચ બંભગુત્તિઓ;
નાણાઈ તીયં તવ કોહો નીગાઈ ચરણંતુ ॥ ૧ ॥

અસ્યાર્થ—૫ પાંચ માહાવ્રત. ૧૦ ૬૦ પ્રકારે શ્રમણ (સાધુનો ધર્મ)

ગાથા.

ખંતી મુત્તિય અજ્જવ મદ્દવ લાઘવ સચ્ચં
સંજમે તવે ચેઈય બંભચેર વાસીય ॥ ૧ ॥

અશ્યાર્થઃ—૧ ક્ષાંતિ—ક્ષમા ૨ નિર્લોભતા ૩ આર્જવતા:

घ

વડે જિન માર્ગને દીપાવે ૨૩–૨૫ ત્રણજોગ વસ કરે. એ પચીસ ગુણે કરી સહિત એવા ઉપાધ્યાયને વંદણા તથા

छ ज

બીજા પ્રકારે પચીસ ગુણ સાત નયના જાણ, ચાર નિક્ષેપના

ज्ञ

જાણ. ચાર પરિમાણના જાણ. ૧૬મું નિશ્ચય ૧૭મું વ્ય-વહાર. ૧૮ મું ઉત્સર્ગ. ૧૯ મું અપવાદ. ૨૦ મું કારણ,

ट

૨૧ કાર્ય ૨૨–૨૫ ચાર પ્રમાણ. એ રીતે પચીસ થયા ત-થા પચીસ ગુણ બીજી રીતે પણ કહેવાય છે તે.

૧૧ અંગ ભણે ને ભણાવે.

૧૨ ઉપાંગ ભણે ને ભણાવે.

એ ૨૩ ત્રેત્રીસ ને ૨૪ ચરણશીતેરી. ૨૫ કરણશીતેરી.

એ પચીસ ગુણ પણ કહે છે.

સરળતા. ૪ માર્દવતા–નિરઅહંકારતા. ૫ લાઘવ–હળવાપણું. ૬ સત્ય. ૭ સંજમ. ૮ તપ ૯ ચેઇય (જ્ઞાનાભ્યાસ) અને બ્રહ્મચર્ય ધર્મ.

૧૭ પ્રકારના સંજમઃ—૧ પૃથ્વીકાય સંજમ ૨ અપકાય સંજમ ૩ તેઉકાય સંજમ. ૪ વાયુકાય સંજમ ૫ વનસ્પતિકાય સંજમ ૬ બેઇંદ્રિ સંજમ ૭ તેરિંદ્રિ સંજમ ૮ ચોરેંદ્રિ સંજમ ૯ પંચેંદ્રિ સંજમ

૧૦ અજીવકાય સંજમ ૧૧ પેહા સંજમ ૧૨ ઉપેહા સંજમ ૧૩ પુંજણા સંજમ ૧૪ પરિઠાવણીયા સંજમ ૧૫ મન સંજમ ૧૬ વચન સંજમ, અને ૧૭ કાય સંજમ.

૧૦ પ્રકારના વૈયાવચ—૧ આચાર્ય ૨ ઉપાધ્યાય ૩ તપસ્વી ૪ નવ દિક્ષિત ૫ ગિલાણુ (રોગી) ૬ સ્થિવર ૭ સ્વધર્મી ૮ કુળ ૯ ગણુ ૧૦ સંઘ એ દસની યથાયોગ્ય સેવા ભક્તિ કરવી તેને વૈયાવ્રત કહે છે ૯ નવ બ્રહ્મચર્યની ગુપ્તી પાળે ૩ ત્રણુ રત્નત્રય આરાધેઃ—૧ સમ્યગ જ્ઞાન ૨ સમ્યક્ દર્શન અને ૩ સમ્યક્ ચારિત્ર.

૧૨ બાર તપના પ્રકારઃ—૧ અણુસણુ ૨ ઉણોદરી ૩ ભિક્ષાચારી ૪ રસ પરિત્યાગ ૫ કાયા ક્લેશ ૬ પડિસંલેહણા ૭ પ્રાયશ્ચિત ૮ વિનય ૯ વૈયાવૃત ૧૦ સઝાય ૧૧ ધ્યાન ૧૨ વિઉસગ્ગ ૪ ચાર ક્રોધાદિક કષાયનો નિગ્રહ કરે.

૫ કરણ સીત્તેરીના સીત્તેર બોલ

ગાથા.

પિંડ વિસોહિ સમિઇ ભાવણા પડિમાય ઇંદિય નિરોહ
પડિલેહણા ગુત્તિઓ અભિગ્ગહ ચેવ કરણંતુ. ॥ ૧ ॥

અસ્યાર્થ—૪ પિંડવિશુદ્ધિના ચાર ભેદ. આહાર પાણી સુખડી સોપારી આદિ પ્રાસુક-નિર્જીવ નિર્દોષ શાસ્ત્રોક્ત વિધિયુક્ત ગ્રહણ કરે. ૧ સુતર ઉંન પ્રમુખના વસ્ત્ર એક સફેદ રંગ માનોપેત (સાધુને ૭૨ હાથ અને આર્યાને ૯૬ હાથ વસ્ત્રનું પરિમાણુ કહેવાય છે (નિર્દોષ ગ્રહણુ કરે) ૨ કાષ્ટ તુંબ પ્રમુખના પાત્રને યથાવિધિએ ગ્રહણુ કરે. ૩ અઢાર પ્રકારનાં નિર્દોષ સ્થાનક માલીક અથવા માલીકના

અનુચરોની (નોકરો)રજાથી ગ્રહણ કરે, ૪ એ ચાર શુદ્ધિ સદા યથા વિધિએ સાચવે. ૪ પાંચ સમીતી. ૫ બાર ભાવનાનાં નામ ૧૨:— અનિત્ય ભાવના ૧ અશરણ ભાવના ૨ સંસાર ભાવના. ૩ એકત્વ ભાવના. ૪ અન્યત્વ ભાવના ૫ અશુચિ ભાવના. ૬ આશ્રવ ભાવના ૭ સંવર ભાવના ૮ નિર્જરા ભાવના. ૯ લોકસંસ્થાન ભાવના. ૧૦ બોધ દુર્લભ ભાવના ૧૧ અને ધર્મ ભાવના. ૧૨. સાધુની બાર પ્રતિમા- એક માસ સુધિ એક દાત (ધાર) આહારની અને એક દાત પાણીની ૧ બે માસ સુધી બે દાત આહારની અને બે દાત પાણીની. એમ ૩-૪-૫-૬-યાવત્ વધતી વધતી સાતમીમાં સાત માસ સુધી સાત દાત આહારની અને સાત દાત પાણીની લેવે. ૭ સાત દીવસ સુધી ચઉવિહાર એકાંતર અપવાસ કરે. દીવસમાં સૂર્યની આતાપના લેવે, રાતમાં કપડા રહિત ત્રણ પ્રકારનાં આસન કરે ૧ ચિત્તા સુવે. ૨ એક પાસે સુવે. ૩ કાર્યોત્સર્ગ કરી બેઠા રહે. દેવતા મનુષ્ય તિર્યંચ- કૃત ઉપસર્ગ સહે ૮ સાત અહો રાત્રી ચૌવીહાર એકાન્તર અપવાસ કરે. દીવસમાં સૂર્યની આતાપના લે. રાતમાં વસ્ત્રરહિત ત્રણ આસન કરે. ૧ દંડાસન (લાકડાની માફક ઉભા રહે અથવા સુઇ રહે.) ૨ લંગડાસન (પગની પાનીને ચોટી ધરતીને લગાડવી) કમાનની માફક નમ્યા થકા રહે. ૩ ઉકડુ આસન (બંને ગુડાના વચમાં શીર રાખી રહે.) પૂર્વોક્ત ત્રણ પ્રકારના ઉપસર્ગ સહે ૯ સાત દીવસ સુધી એકા- ન્તર ચૌવીહાર ઉપવાસ કરે. ૧ ગોદાસન (ગાય દોવાને બેસે તેમ બેસી રહે) ૨ વીરાસન (વિતરાસન—ખુરશી ઉપર બેસી ખુરસીને કાઢી લે તોપણ તેજ પ્રમાણે અધર રહે) ૩ અંબરવુજાસન. (મસ્તક નીચે અને પગ ઉંચા રાખે) પૂર્વોક્ત ત્રણ પ્રકારના ઉપસર્ગ સહે ૧૦

છઠ કરીને છઠને દહાડે બહાર આઠ પ્રહર સુધી કાઉસગ્ગ કરે. ત્રણ પ્રકારના ઉપસર્ગ સહે. ૧૧, અઠમ કરીને અઠમને દાહાડે માહાકાળ સ્મશાનમાં કાઉસગ્ગ કરે. એક પુદ્ગળ ઉપર દ્રષ્ટી રાખે, પૂર્વોક્ત દેવતા મનુષ્ય તિર્યંચકૃત ઉપસર્ગ થતાં ચળાયમાન થઇ જાય તો ત્રણ અવગુણ નિપજે (૧ ઉન્માદ પામે) ગાંડા થઇ જાય, ૨ ઘણા કાળનો રોગ ઉપજે. ૩ કેવળી પરૂપ્યા ધર્મથી ભ્રષ્ટ થઇ જાય અને પૂર્વોક્ત ઉપસર્ગ ઉપન્યા નિશ્ચલ રહે તો ત્રણ ગુણ નિપજે ૧ અવધિજ્ઞાન, ૨ મન પર્યવ જ્ઞાન, અને ૩ કેવળજ્ઞાનની પ્રાપ્તી થાય ૧૨, ૫ પાંચ ઇંદ્રિને નિરોધે,–૨૫ પચીસ પ્રકારની પડિલેહણા, શરીર આદિને પ્રતિ લેખવા, ૩ ત્રણ ગુપ્તિ ૪ ચાર પ્રકારના અભિગ્રહ;—૧ દ્રવ્યથી ૨ ક્ષેત્રથી ૩ કાળથી અને ૪ ભાવથી.

ઘ પ્રભાવના (ધર્મને દીપાવે ફેલાવે પ્રકટ કરે તે) તેના આઠ પ્રકારઃ–

૧ પ્રાવચની (પ્રવચન સિદ્ધાન્ત હેતુ ન્યાયે કરીને મંડન કરે ને મિથ્યા શાસ્ત્રોને ન્યાય યુક્તિથી ખંડન કરી જૈન માર્ગને દીપાવે.)

૨ ધર્મકથક (ધર્મ કથા કહી જૈન માર્ગને દીપાવે.)

૩ નિરાપવાદ (સત્ય ધર્મવાદ કરી જૈન માર્ગને દીપાવે)

૪ ત્રિકાળજ્ઞ (સત્યનિમીત્ત ભાખી જૈન માર્ગને દીપાવે.)

૫ તપસ્વી (ઇચ્છાનિરોધ વિકટ તપ કરી જૈન માર્ગને દીપાવે.)

૬ વ્રત (વીગય ત્યાગ અલ્પ ઉપાધિ મૌન દુઃકર અભિગ્રહ કાયોત્સર્ગ તરૂણપણે ઇંદ્રિયનિગ્રહ ઇત્યાદિ દુઃકર વ્રત ધારણ કરી જૈન માર્ગને દીપાવે)

૭ સર્વ વિદ્યાનો જ્ઞાતા (ઋધિ—લબ્ધિ આત્માની અત્યંત વિશુદ્ધિના પ્રભાવે આત્મીક અચીંત્ય શક્તિ સંપ્રાપ્ત થાય તે અને સિદ્ધિ આઠ પ્રકારની તેણે કરી જૈન માર્ગને દીપાવે.)
૮ કવી (કવીતા કરી જૈન માર્ગને દીપાવે.)

घ ૩ ત્રણ યોગ, મન વચન અને કાયાનો નિગ્રહ કરે.

छ ૭ સાત નયના નામ (૧) નૈગમનય (જેની એક ગમ નહિ અનેક ગમ અનેક પ્રણામ અનેક રીતે અનેક માર્ગ કરીને એક વસ્તુ માને.) (૨) સંગ્રહનય (જે વસ્તુની સત્તાને ગ્રહણ કરે જેમકે એક નામ લેવાથી સર્વ ગુણ પર્યાય પરિવાર સહિત ગ્રહણ કરે થોડામાં ઘણું સમજે). (૩) વ્યવહારનય (વસ્તુને વહેંચી વસ્તુના બાહ્ય (પ્રત્યક્ષ) સ્વરૂપને દેખે તેજ ગુણમય, તે વસ્તુને માને પરન્તુ અંતરરંગ પ્રણામોની એને કાંઇ જરૂર નહિં. (૪) રૂજુસુત્રનય (રૂજુ–સરળ સુત્ર–સુચના—ચિંતવન અર્થાત એના સદા સરળ વિચાર રહે છે. માત્ર વર્તમાનની વાત માને.) (૫) શબ્દ નય (જેવા શબ્દ [નામ] હોય તેવાજ તેના અર્થ ગ્રહણ કરે) (૬) સંભિરૂઢનય (શબ્દમાં આરૂઢ થઇ તેના અર્થ કરે મતલબ એક અંસ વસ્તુ કમી હોય તોપણ પૂર્ણ માને) (૭) એવંભુત (જેવાં જેનાં નામ તેવાંજ તેનાં કામ અને પ્રણામ એ ત્રણે સંપુર્ણ હોય તેનેજ વસ્તુ માને.)

ज ૪ ચાર નિક્ષેપનાં નામઃ—કોઇ પણ વસ્તુમાં ગુણ અથવા અવગુણનો આરોપણ (સ્થાપન) કરવું તેને નિક્ષેપ કહે છે.

૧ નામ નિક્ષેપ (૨) સ્થાપના નિક્ષેપ (૩) દ્રવ્ય નિક્ષેપ અને (૪) ભાવ નિક્ષેપ.

શ્રી સાધુ પરમેષ્ટિના સત્તાવીસ ગુણ.

ગાથા.

પંચ મહવ્વય જુત્તો, પંચેંદિય સંવરણો;
ચઉવિહ કસાય મુક્કો, તઉસમા ધારણિયાઃ
તિઉ સચ્ચ સંપન્ન, તિઉ ખંતિ સવ્વેગરઉ,
વેયણા મચ્ચુ ભય ગયં સાહુ ગુણ સત્ત વિસં.

અશ્યાર્થ—૫) પાંચ મહા વ્રત (૨૫ ભાવના સહિત)

(૫) પાંચ ઈંદ્રિઓના ૨૩ વિષયોને જીતે.

(૪) ચાર ક્રોધાદિક કષાયથી નિવર્ત્તે.

(૧) મનસમાધારણિય (પાપથી મન નિવર્તાવીને ધર્મ માર્ગમાં પ્રવર્તાવે.)

(૧) વય સમાધારણિય (વચન કાર્યે ઉપને નિર્દોષ બોલે)

(૧) કાય સમાધારણિય (કાયાની ચપળતા રોકે.)

(૧) ભાવ સચ્ચે (અંતઃકરણની પ્રણામાની ધારા સદા નિર્મળ શુભ વર્દ્ધમાન ધર્મધ્યાન, શુકલ ધ્યાન યુક્ત વર્તાવે.

ञ ૪ ચાર પરિમાણનાં નામ-(૧) દ્રવ્ય પરિમાણ (૨) ક્ષેત્ર પરિમાણ (૩) કાળ પરિમાણ અને (૪) ભાવ પરિમાણ.

ट ૪ ચાર પ્રમાણનાં નામ (૧) પ્રત્યક્ષ પ્રમાણ (૨) અનુમાન પ્રમાણ (૩) ઓપમા પ્રમાણ અને (૪) આગમ પ્રમાણ.

(૧) કરણ સચ્ચે (પૂર્વોકત કરણ સીત્તેરીના સીત્તેર ગુણ યુકત તથા સાધુને ક્રિયા કરવાની વિધિ શાસ્ત્રમાં ફરમાવી છે તેવી સદા યોગ્ય વખતમાં કરે)

(૧) જોગ સચ્ચે (મન વચન ને કાયયાના જોગની સત્યતા સરળતા રાખે.)

(૩) સંપન્નતિઉ સાધુ ત્રણ વસ્તુ સંપન્ન છે.

૧જ્ઞાન સંપન્ન ૨ દર્શન સંપન્ન. ૩ ચારિત્ર સંપન્ન

(૧) ખંતી ક્ષમાવત

(૧) સંવેગરઉ (સદા વૈરાગ્યવંત રહે.)

(૧) વેદની સમ અહિયા સણિયાએ (વેદની ક્ષુધાદિક બાવિસ પરિસહ ઉતૂપન્ન થાય તો સમ પ્રણામે સહન કરે).

(૧) મર્ણાંતિય સમ અહિયા સણિયાએ મર્ણાંતિક કષ્ટ તથા મરણથી ડરે નહિ પરંતુ સમાધિમરણ કરે.

એવી રીતે સર્વ મળીને ૧૦૮ ગુણ શ્રી પરમેષ્ટિજીના જાણવા. એવા હેતુથી શ્રી નૌકાર વાળીના ૧૦૮ મણકા રાખવામાં આવેલ છે સુમેરની જગ્યાએ શ્રી સમ્યક્ દર્શન જાણવું. ત્રણ મણકા રાખવામાં આવ્યા છે તે સુદેવ, સુગુરૂ અને સુધર્મ એ ત્રણ તત્વ જાણવાં.

એ સંક્ષેપરૂપ ફક્ત નામ માત્ર લખાવ્યાં છે. જો વિશેષ વિસ્તાર કરવામાં આવે તો ચૌદ પૂર્વકના સારભૂત શ્રી પરમેષ્ટિ મંત્રને શ્રી પરમાગમોમાં પરમ પુરૂષોએ વર્ણન કર્યા છે તેથી અમારા સરીખા અલ્પજ્ઞથી સંપૂર્ણ વર્ણન થઈ શકે નહિં.

બત્રીશ સિદ્ધાંતના નામ.

૧૧ અંગનાં નામ	૧૨ ઉપાંગનાં નામ.
૧ આચારાંગજી.	૧ ઉવવાઇજી
૨ સુયગડાંગજી.	૨ રાયપસેણીજી.
૩ ઠાણાંગજી.	૩ જીવાભિગમજી.
૪ સમવાયાંગજી.	૪ પન્નવણાજી.
૫ ભગવતીજી (વિવાહપન્નતિ)	૫ જંબુદ્વીપ પન્નંતી.
૬ ગ્નાતાજી. (ગ્નાતાધર્મકથા)	૬ ચંદપન્નંતી.
૭ ઉપાસકદશાજી.	૭ સુર્યપન્નંતી.
૮ અંતગડજી.	૮ નિરયાવલિકા.
૯ અનુતરોવવાઇજી.	૯ કલ્પવતંસક.
૧૦ પ્રસ્નવ્યાકરણજી.	૧૦ પુફિયા.
૧૧ વીપાકજી.	૧૧ પુફચુલીયા.
	૧૨ વન્હિદશા.

૪ મુળ સૂત્ર.	**૪ છેદ સૂત્ર.**	**૧૧ અંગ.**
૧ દશ વૈકાલીક.	૧ દશા શ્રુતસ્કંધ.	**૧૨ ઉપાંગ.**
૨ ઉતરાધ્યયન.	૨ નિસીથ.	**૪ મુલ સૂત્ર.**
૩ નંદીજી.	૩ વ્યવહાર.	**૪ છેદ સૂત્ર.**
૪ અનુજોગદ્વાર	૪ બૃહતકલ્પ	૩૧

૩૨ મો. આવશ્યક.

એ બત્રીસ સૂત્ર હાલ છે.

પચ્ચીસ પ્રકારનું મિથ્યાત્વ.

૧ **અભિગ્રહિક**—ખરા ખોટાંની ખબર વગર ખોટાને પકડી રાખે. અથવા સંસાર ભ્રમણ હેતુને ધર્મ બુદ્ધિએ ગ્રહણ કરી તેને જ સાર રૂપ માને તે.

૨ **અણાભિગ્રહિક**—જગતના સર્વ દેવો અને સર્વ ગુરૂઓને માને અથવા સર્વ દર્શન રૂડાં છે, સર્વને વાંદીયે એવી બુદ્ધિ.

૩ **અભિનિવેસિક**—જિન માર્ગ જાણ્યા છતાં કુમતિ કદાગ્રહના વશથી જૂઠ ઉપદેશ-પરૂપણા કરે તે (સંસાર વર્દ્ધક).

૪ **સાંશયિક**—જિન વચન સાંભળી શંકા આણે જે આ કેમ હશે? આ સાચું કે આ? કયો ધર્મ સાચો?

૫ **અણાભોગિક**—જેમાં બિલકુલ જાણવાની શકિત નથી એવા એકેંદ્રિય, વગલેદ્રિય અને સમૂર્ચ્છિમાદિકને હોય.

૬ **લૌકિક**—કુદેવ, કુગુરૂ અને કુધર્મને સાચા કરી માને તે.

૭ **લોકોત્તર**—સુદેવ, સુગુરૂ અને સુધર્મને વિષયાદિકની લાલસાથી, કામણ દુમણ વશિકરણ માટે અથવા ફલની ઇચ્છાથી શંકાદિક રાખતો થકો માને પૂજે સેવે તે.

૮ **કુપરા વચનનું**—ત્રણસેં ત્રેસઠ પાખંડીના મતને માને તે.

૯ **અજીવને જીવ સરદહે.**

૧૦ **જીવને અજીવ સરદહે.**

૧૧ **સાધુને કુસાધુ સરદહે**—માને.

૧૨ કુસાધુને સાધુ માને.

૧૩ જિનમાર્ગને અન્યમાર્ગ કહે.

૧૪ અન્યમાર્ગને જિનમાર્ગ કહે.

૧૫-૧૬ ધર્મને અધર્મ અને અધર્મને ધર્મ માને.

૧૭ આઠ કર્મથી મુકાણા તેને નથી મુકાણા સરદહે.

૧૮ આઠ કર્મથી નથી મુકાણા તેને મુકાણા સરદહે

૧૯ જિન માર્ગથી ઓછું પરૂપે તે મિથ્યાત્વ.

૨૦ જિન માર્ગથી અધિકું પરૂપે તે ,,

૨૧ જિન માર્ગથી વિપરીત પરૂપે તે ,,

૨૨ અવિનય મિથ્યાત્વ.

૨૩ અક્રિયા ,,

૨૪ અજ્ઞાન ,,

૨૫ અશાતના ,,

એ પચ્ચીસ પ્રકારનું મિથ્યાત્વ સેવ્યું હોય સેવરાવ્યું હોય સેવતાં પ્રત્યે અનુમોદ્યુ, (રૂડું જાણ્યું) હોયતો તસ્સમિચ્છામિ દુક્કડં તે પાપ નિષ્ફળ થાઓ.

૧ ઉચ્ચારે સુવા	વડી નીતમાં ઉપજે.
૨ પાસ વણે સુવા	લઘુનીતમાં ,,
૩ ખેમે સુવા	ખળખામાં ,,
૪ સંઘાણે સુવા	લીંટમાં ,,
૫ વંતે સુવા	વમનમાં ,,
૬ પિત્તે સુવા	પીતોડામાં ,,
૭ પુએ સુવા	પરૂમાં ,,
૮ સોણીએ સુવા	રૂધિરમાં ,,
૯ સુક્કે સુવા	વીર્યમાં ,,
૧૦ સુક્કપોગ્ગલ પરિસાડીએ સુવા	વીર્યના પુદ્ગલ સુકાએલ ભીના થાય તેમાં ઉપજે તે.
૧૧ વિગય જીવ કલેવરે સુવા	જીવ ગયા પછી રહેલા કલેવરમાં ઉપજે તે.
૧૨ ઇત્થી પુરૂષ સંયોગે સુવા	સ્ત્રી પુરૂષના સંયોગથી ઉપજે.
૧૩ નગર નિદ્ધમણે સુવા	નગર માંહેલી ખાળમાં ઉપજે.
૧૪ સવ્વ અસુઈ ઠાણે સુવા	બધાં ગંદકીના ઠેકાણામાં ઉપજે.

એ ચૌદ સ્થાનકના જીવની વિરાધના થઈ હોય તો મિચ્છામી દુક્કડં.